

પારસનાથ મનવાંછિત પૂર,
ચિંતામણિ મારી ચિંતા ચૂર



શ્રી ભાગ્યવર્ધક વણછરા જૈન તીર્થ

400 years Old सूक्त रत्नावली
AUTHOR / ग्रंथकार
तपागच्छाचार्य श्री विजयसेन सूरि प्रणीता

400 years Old

सूक्त रत्नावली

સૂક્ત રત્નાવલી

Sukt Ratanavali



AUTHOR / ગ્રંથકાર
तपागच्छाचार्य श्री विजयसेन सूरि प्रणीता

ગુજરાતી અનુવાદ UPADHYAYA VISHRUTYASH VIJAY MAHARAJ

અંગ્રેજી અનુવાદ BIMAL MAHESHWARI

CHECKED AND EDITED BY SATISH MARDIA

Blessings
Gachhadhipati Acharya Rajyashsurishwarji M.S.




જૈન રત્ન વ્યાયાન
વાચસ્પતિ–
કવિકુલ કિરીટ
વાદિ વિજેતા
અજાત શત્રુ

પ.પૂ. દાદા ગુરૂદેવ
શ્રીમદ્ વિજય
લબ્ધિસૂરીશ્વરજી
મહારાજ સાહેબ

નિત્ય ભકતામર સ્તોત્ર
સમારાધક–
તીર્થ પ્રભાવક
મહાસંઘ યાત્રા નિશ્રા દાતા
–મહાન શાસન પ્રભાવક

પ.પૂ.ગુરૂદેવ
શ્રીમદ્ વિજય
વિક્રમસૂરીશ્વરજી
મહારાજ સાહેબ





શ્રી પાર્શ્વનાથ પદ્માવતી સમારાધક–
શ્રી લબ્ધિ–વિક્રમ ગુરૂ કૃપા પ્રાપ્ત
અનેક પ્રાચીન તીર્થોદ્ધારક
પ્રખર પ્રવચનકાર

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
રાજયશસૂરીશ્વરજી મહારાજ સાહેબ



એકાદશાંગધારી
પ.પૂ. રત્નચૂલાશ્રીજી સાધ્વીજી મ.ને
સમર્પણ

Sukt Ratanavali

By Tapagachhacharya Shri Vijaysen Suri Pranita

Publishers :
Labdhi Vikram Sanskruti Bhavan
Viskram Surishwarji Marg,
Shantinagar, Ahmedabad

ગુજરાતી અનુવાદ : Upadhyaya Vishrutyash Vijay Maharaj

અંગ્રેજી અનુવાદ : Bimal Maheshwari

Checked & Editated by : Satish Mardia

પ્રથમ આવૃત્તિ : April, 2022

પૃષ્ઠ સંખ્યા :

નિઃશુલ્ક : Not For Sale

ISBN Code No.:

પ્રકાશક : લબ્ધિ વિક્રમ સંસ્કૃતી ભવન,
વિક્રમસૂરીશ્વરજી માર્ગ,
શાંતિનગર, અમદાવાદ.

E-Book Link :

ટાઈપ સેટિંગ અને મુદ્રણ : શારદા ઓફસેટ
૪/૫, પ્રિતી કોમ્પલેક્ષ, સંતરામ રોડ,
નડીઆદ-૩૮૭ ૦૦૧.
મો.: ૯૮૨૫૪ ૦૫૮૯૮

: પ્રસ્તાવના :

પરમ પૂજ્ય ગુરુવર નૂતન ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજના પ્રેરણાથી મેં આ પ્રાચીન ગ્રંથ " **સૂક્ત રત્નાવલી** " નું ગુજરાતી અનુવાદ કરવાનું બીડુ ઝીલ્યુ છે. આ ગ્રંથ શ્રી પૂજ્ય સેનસૂરિ મહારાજના હસ્તે લખાયેલ છે. જે લગભગ ૪૦૦ વર્ષ પ્રાચીન છે.

આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ ૧૦૪ વર્ષ પૂર્વે શ્રી નિત્યાનંદ શર્મા દ્વારા પ્રકાશિત કરવામાં અવી હતી. જે ઇ.સ. ૨૦૦૩ માં શ્રી મુનિમોક્ષરતિ વિજયજીના કરકમળો દ્વારા પુનઃપ્રકાશિત કરવામાં આવી હતી. ઉપરોક્ત જણાવેલ તમામ આવૃત્તિઓ સંસ્કૃત ભાષામાં પ્રકાશિત થયેલ છે. ઇ.સ. ૨૦૦૮ માં ઉપરોક્ત આવૃત્તિને શ્રી રૂચિદર્શનાશ્રીજી તથા સાગરમલજી જૈને હિન્દી અનુવાદની આવૃત્તિ સાથે પ્રકાશિત કરેલ છે.

આજના આધુનિક યુગમાં સંસ્કૃત ભાષા બહુપ્રચલિત નથી માટે આ આવૃત્તિને લોકો સરળતાથી વાંચી શકે માટે ગુજરાતી તથા અંગ્રેજી અનુવાદ અનિવાર્ય બની જાય છે.

મારો પ્રથમ અનુવાદ પૂજ્યશ્રી રત્નચૂલા મહારાજશ્રીને મેં ચકાસણી અર્થે મોકલ્યો અને એમણે ખૂબ ઉત્સાહથી મને પ્રોત્સાહન પણ આપ્યું પરંતુ તેમની નાદુરસ્ત તબિયતના કારણે તેમના જ્ઞાનનો લાભ અમોને સંજોગોવસાત પૂરો મળી શક્યો નથી.

અમોએ એલ.ડી. ઇન્સ્ટીટ્યૂટ ઓફ જૈનોલોજી તથા કોબા ખાતે આવેલ પુસ્તકાલયમાં હસ્તપ્રતની પૃચ્છા કરી પરંતુ મળેલ નહી. ત્યારબાદ અમોએ જૈનાનંદ પુસ્તકાલય સુરતમાં તપાસ કરી અને તેઓએ હસ્તપ્રત ક્રમાંક ૩૮૪૨ ઉપલબ્ધ કરાવેલ આ હસ્તપ્રતમાંથી ખૂટતી વિવિધ જાણકારી પ્રાપ્ત થઇ પણ તે જાણકારી અમો માટે સંપૂર્ણપણે સંતોષકારક નહોતી, માટે અમોએ મુનિરાજ હંસવિજયજી જૈન જ્ઞાનમંદિર વડોદરામાં પૃચ્છા કરી. તેઓએ અમોને હસ્તપ્રત ક્રમાંક ૨૧૬૭, ૧૪૪૩, ૪૨૮૭ અને ૪૨૮૮ ઉપલબ્ધ કરાવી. આ બધી હસ્તપ્રતનું વિશ્લેષણ કર્યા પછી અમોને એવો બોધ થયો કે હસ્તપ્રત ક્રમાંક ૨૧૬૭ એ સૌથી યોગ્ય છે. જેમાંથી જોઇતો યોગ્ય પાઠ મળ્યો.

અમોએ પરમપૂજ્ય આચાર્યશ્રી મુનિચંદ્ર સૂરીશ્વરજી મહારાજ અને મોક્ષરતિ સૂરીશ્વરજી મહારાજ પૂ. વૈરાગ્ય રતિ મ. સા. તથા પ.પૂ. પુંડરીકરત્ન સૂ. મહારાજ સાથે આ ગ્રંથના અનુવાદને લઇને ચર્ચાવિચારણા, સલાહસૂચન કર્યા અને મુનિચંદ્રસૂરિ આચાર્યશ્રીએ અમોને હિન્દી અનુવાદનો ગ્રંથ ઉપલબ્ધ કરાવવા માટે મદદ કરી. આ હિન્દી અનુવાદનો ગ્રંથ વાંચ્યા પછી અમને ગુજરાતી તથા અંગ્રેજી અનુવાદ કરવો સરળ થયો. હિરેન સર, મણિનગરના તેમણે પણ આ સંપાદનની અંદર પોતાનો સારો સમય આપ્યો છે.

અનેક વ્યક્તિઓના સાથ અને સહકાર થકી આ પુસ્તક પ્રકાશિત થઇ રહ્યુ છે. નડિયાદમાં પંડિતશ્રી ડૉ. ક્રિષ્નાપ્રસાદ નિરોલાજી તથા અંગ્રેજી અનુવાદમાં શ્રી બિમલ મહેશ્વરી (મુંબઇ) નો સાથ સહકાર મળેલ છે. વહીવટી કાર્યમાં અમોને નડિયાદ નિવાસી શ્રી મહેશકુમાર શાહનો સાથ-સહકાર મળેલ છે.

હું હૃદયપૂર્વક તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરૂં છું. જેઓએ આ પુસ્તક પ્રકાશિત કરવામાં યોગદાન પ્રદાન કરેલ છે. હું મારા ગુરૂદેવ નૂતન ગચ્છાધિપતિ આચાર્યશ્રી રાજયશ સૂરીશ્વરજી મહારાજનો આભારી છું કે તેઓએ વારંવાર સલાહ સૂચન દ્વારા પ્રોત્સાહિત કર્યો, આના માટે હું સદૈવ મારા ગુરૂનો ઋણી રહીશ.

પૂજ્યશ્રી રત્નચૂલા મહારાજશ્રી મરણ પથારીવશ હોવા છતાં પણ આ ગ્રંથ અનુવાદ અને પ્રકાશિત કરવામાં અવિસ્મરણીય યોગદાન તથા પ્રોત્સાહન મને પ્રદાન કરેલ છે. માટે આ ગ્રંથ હું પૂજ્યશ્રી રત્નચૂલા મહારાજશ્રી ને સમર્પિત કરું છું.

આભાર.

ઉપાધ્યાય વિશ્રુતયશ વિજય મહારાજ.
માર્ચ ૨૦/૨૦૨૨
સોલા
અમદાવાદ

।। अर्हम् ।।

तपागच्छाचार्यश्रीविजयसेनसूरिप्रणीता

અર્હમ્

તપાગચ્છાચાર્ય શ્રી વિજય સેન સૂરિ-રચિત

सूक्तरत्नावली ।

સૂક્ત રત્નાવલી

Preface

With due respect, with immense inspiration and the unforgettable ordeals of my guru nutan gachadhipati pujya shri acharyadev Rajyashsurishwarji maharaj, led me to translate, republish this manuscript named Sukt Ratnavali penned by Pujya Vijaya Sensuriji around 400 years ago. Later on somewhere 104 years ago, 1st print was published by Shri Nityanand Sharma. Later on in Vikram samwat 2003 the edition of Shri Nityanand Sharma was re-printed by Muni Moksharati vijayji. All the above editions including manuscript were in Sanskrit language. (language of scholars.) so later on in 2008 the above version was translated in Hindi by Ruchidarshanashriji M. S. under guidance of Sagarmalji Jain.

As we know, today in modernised era, people are not so well versed with Sanskrit language, hence this volume needs to be translated into commonly spoken and understood languages. So being inspired by my gurudev, I took the responsibility of translating in Gujarati & English.

I gave my first draft for verification to Pujya Sadhvi Shree Ratnachula Maharajshri and got prompt response. She agreed to help me out with her knowledge and understanding but her deteriorating health did not allow to give her best towards my work and even our effort to obtain the hand manuscript of this granth was fruitless. I even tried to search for this manuscript at L D Institute of Jainology, Koba but without any success. Certain part (shloka) of the book were incomplete or incomprehensible and without proper aid or manuscript it was impossible to decipher.

But I never gave up. My search did not end. I contacted Jainand Pustakalay, Surat and they provided me hastprat kramank (serial No) 3842. Some information was available from this material but my thirst to get complete information was yet left unfilled. Then, I contacted Muniraj Hansvijayji Jain Gyan Mandir Vadodara and they provided me hastprat kramank (serial No) 2167, 1443,4287,4288. While going through all these books, I realised that script no 2167 was the most authentic version of the original manuscript. All my doubt; were cleared by using the script no 2167.

During this chaturmas at Mulund, (Bombay) in the times of COVID, Interacted with Param Pujya Acharya Shri Munichandra suriswarji maharaj and Moksharati suriswarji maharaj where I got Hindi translation of the original granth and that was the ray of hope in my endeavour. Some meanings were clarified from the Hindi translation while some were resolved after discussion with Moksharati suriswarji maharaj where I was requested to contact Vairagyarati Maharaj. It was he who helped me in getting those hastprat which I have already mentioned above. Moreover P.P. Pundrik Ratnasurishwarji disciple of H. Holiness P.P. Jambuvijayji, - a world famous personality, also tried his best in this work. Acharya Ajityashsuriswarji also guided me at some places.

This version would not have been a reality without the help of following people. The former draft was edited by Pandit Dr Krishnaprasad Nirolaji. After I translated the Sanskrit version to Gujarati, it was sent to Shri Bimal Maheshwari (Bombay) for English translation and was well checked and edited by Shri Dhiren Jain (Ahmedabad). The resident of Nadiad, Mr Maheshkumar Jaisingbhai Shah contributed immensely in preparing this draft.

I, sincerely from the bottom of the heart, want to thank all those people who coordinated, helped me in some or other form in making this book a reality. Furthermore, I would like to express my gratitude towards my pujya Gurudev Gachadhipati Rajyashsurishwarji maharaj for guiding and inspiring me towards this work and putting faith in me to handle this task.

Lastly, I would like to dedicate this book to Pujya Ratnachula Maharajshri who inspite of being on death bed, showed her immense dedication and courage and rendered her efforts in this process of translation.

Thanks,

Upadhyay Vishrutyash Vijay Maharaj.
March 20/2022
Sola
Ahmedabad.

Sukta Ratnavali

१. विबुधानन्दजननीं, गुरोर्वाचमुपास्महे।

या रसेव रसै रम्या, मङ्गलोत्सवकारिणी।।

૧. પંડિતોને પણ આનંદ દેનારી, મંગલ ઉત્સવ કરનારી, પૃથ્વીની જેમ વિવિધ રસો વડે મનોહર એવી ગુરુ હીરસૂરીશ્વરજી મહારાજ (ગૌતમ સ્વામી–બૃહસ્પતિ–સરસ્વતી) ની (ઉપદેશ રૂપી) વાણી ને સેવીએ છીએ. (કહીએ છીએ.)

1. We savour the words (advice) of Guru Heersurishwarji Maharaj (Gautam Swami, Brihaspati, Saraswati), which give joy even to the Pandits, which bring a sense of festivities and which are full of various flavours, just like this earth.

२. वचोभिर्नीतिनिष्यन्द–कन्दकादम्बिनीनिभैः।

दद्मो व्याख्याजुषां शिक्षां, मुखाम्भोजरवित्विषम्।।

૨. નીતિના રસ ના મૂળ માટે વાદળા જેવી, મુખરૂપી કમળને વિકસિત કરવામાં સૂર્યના કિરણો જેવી તે વાણી વડે વ્યાખ્યાતાઓને અમે શિખામણ આપીએ છીએ.

2. We advise the speakers with words which are the root of good policy and which are the guiding light, like that of sun's rays.

३. भावसारस्ययुक्तानि, सूक्तानि प्रतिकुर्महे।

रविपादैरिवाम्भोजं, यैः सभोल्लासभाग् भवेत्।।

૩. ભાવ અને સારથી ભરેલી એવી સૂકિતઓને અમે કરીશું જેના વડે સભા સૂર્યના કિરણો વડે કમળ ખીલે તેમ ઉલ્લસિત થાય.

3. We will tell these Suktis, which are full of emotions and meaning to delight everyone, just like a lotus blooms when the sun shines.

४. विनेन्दुनेव रजनी, वाणी श्रवणहारिणी।

दृष्टान्तेन विना स्वान्ते, विस्मयं वितनोति न।।

૪. કાનને વિષે મનોહર એવી વાણી પણ દૃષ્ટાંત વિના મનને આનંદ નથી આપતી જેમ ચંદ્ર વિનાની રાત્રિ.

4. Sweet words without examples may please the ears, but not the mind, just like a night sky without the moon.

५. दृश्यते सदसद्वस्तु, यैर्भास्करकरैरिव।

दृष्टान्तास्तुष्टये सन्तु, काव्यालङ्कारकारिणः।।

૫. સૂર્યના પ્રકાશ વડે વિદ્યમાન કે અવિદ્યમાન વસ્તુનો બોધ થાય છે તેમ કાવ્ય અલંકારોવાળા દૃષ્ટાંતો સંતોષ આપનારા થાય છે.

5. The light of the sun helps in differentiating between visible and invisible things, similarly, an example given in verse style can give satisfactory understanding.

६. अतश्चित्तचमत्कार मकराकरचन्द्रिकाम् ।

भावयुक्तेषु, सूक्तेषु, ब्रूमो दृष्टान्तपद्धतिम्।।

૬. ભાવથી ભરેલી સૂકિતઓને વિશે ચિત્તને ચમત્કૃત કરનારા સમુદ્રને ઉલ્લસિત કરવામાં ચંદ્રિકાની જેમ અમે ભાવોથી ભરેલી સૂકિતના વિષે દૃષ્ટાંત પદ્ધતિને કહીશું.

6. We will give out the meaning of these Suktis with such examples, which will enlighten the mind, just like the light of the moon lights up the ocean.

७. भवेत्तुङ्गात्मनां संपद् , विपद्यपि पटीयसी ।

पत्रपाते पलाशानां, किं न स्यात् कुसुमोद्गमः? ।।

૭. મહાપુરૂષોને આપત્તિમાં પણ ઘણી સંપત્તિઓની પ્રાપ્તિ થાય છે. જેમ ખાખરાના વૃક્ષમાં પાંદડા ખરે ત્યારે શું ફૂલ આવતા નથી?

7. Great men acquire wealth of various types even in troubles. Don't we see a tree of Khakhra flowering in autumn even when the leaves are falling ?

८. गुणदोषकृते स्थानास्थाने तेजस्विता स्थिता ।

दर्पणे मुखवीक्षायै, खड्गे प्राणप्रणाशकृत् ।।

૮. સ્થાનમાં રહેલી તેજસ્વિતા ગુણ માટે છે પણ અસ્થાનમાં દોષ રૂપ થાય છે. જેમ તેજથી ચળકતું દર્પણ મુખ જોવા માટે થાય તેમ તેજથી તીક્ષ્ણ તલવાર પ્રાણના નાશ માટે થાય છે.

8. Luminosity in the right place is virtuous, but can be detrimental at the wrong place. Just like a luminous mirror is good for observing one's face, but a sharp sword can take a life.

९. पदे पदेऽधिगम्यन्ते, पापभाजो न चेतरे ।

भूयांसो वायसाः सन्ति, स्तोका यच्चाषपक्षिणः ।।

૯. ડગલે ને પગલે પાપીઓના દર્શન થાય છે, પુણ્યશાળીના નહિ તેમ કાગડા તો ઘણા હોય પણ ચાષ પક્ષી તો થોડા જ હોય.

9. Crows can be found everywhere; a hawk is rare to find. Similarly, a virtuous person is rare; sinners can be found everywhere.

१०. अपि तेजस्विनं दौःस्थ्ये, त्यजन्ति निजका अपि ।

न भानुर्भानुभिर्मुक्तः, किमस्तसमये सखे ! ।।

૧૦. હે મિત્ર ! તેજસ્વિઓને પણ આપત્તિ સમયે તેમના પોતાના સ્વજનો પણ છોડી દે છે જેમ સૂર્યાસ્ત સમયે શું સૂર્યના કિરણો પણ સૂર્યનો સાથ છોડી દેતા નથી !

10. O friend ! even brilliant people are deserted by their loved ones during times of adversity; just as the rays of the sun abandon the sun at the time of sunset.

११. ज्योतिष्मानपि सच्छिद्रैः, सङ्गतोऽनर्थहेतवे ।

मञ्चकान्तरिता दीप-प्रभा पुण्यप्रणाशिनी ।।

૧૧. તેજવાળા મહાપુરૂષો પણ જો ભૂલથી ભરેલાં હોય તો અનર્થ માટે છે જેમ પલંગની દોરીનાં છીદ્રોમાંથી દીવાની પ્રભાની ગુણવત્તા (પુણ્ય) નો નાશ કરનારી છે તેમ !

11. Great, knowledgable soul with vices can be harmful; just like the light of a small lamp can seep through the smallest of hole of the charpoy and diminish the lights intensity.

१२. मलिनोऽपि श्रियं याति, महस्विमिलनादलम् ।

सम्पर्कान्नाञ्जनं भाति, किं दृशां हरिणीदृशाम् ? ।।

૧૨. મેલો પણ મહાન ને મળવાથી શોભા ને પામે છે. હરણ જેવી આંખવાળી સ્ત્રીઓનાં આંખોનાં સંપર્કથી કાળી મેશ શું શોભાને નથી પામતી ?

12. A sinner is adorned in the company of a virtuous person; just like the black kajal gains appreciation when applied to large innocent looking deer like eyes of a woman.

१३. पराभूतोऽपि पुण्यात्मा, न स्वभावं विमुञ्चति ।
तोयमुष्णीकृतं कामं, शीततां पुनरेति यत् ।।

૧૩. જેમ અત્યંત ગરમ થયેલું પાણી ફરી ઠંડુ થાય છે તેમ, પરાભવ ને પામેલો પણ પુણ્યાત્મા સ્વભાવ ને છોડતો નથી

13. A virtuous man does not lose his nature even after failure; just as hot water also cools down again.

१४. महोत्सवे च जायन्ते, पापभाजामभूतयः ।
नापत्राः किं वसन्तेऽपि, करीरतरवोऽभवन् ? ।।

૧૪. મોટા ઉત્સવમાં પણ પાપીઓને આબાદી થતી નથી. શું વસંતઋતુમાં પણ કરીર નાં વૃક્ષને પાંદડા ખરી જતાં નથી ?

14. A sinner is not saved despite big rituals. Doesn't the tree of Karir lose its leaves in spring?

१५. नीचसङ्गेऽपि तेजस्वी, नैर्मल्यं भृशमश्नुते ।
किमभूद् भस्मलिप्तेऽपि, दर्पवृद्धिर्न दर्पणे ? ।।

૧૫. ક્યારેક હલકાનો સંગ પણ તેજસ્વી ને વધુ નિર્મળ કરે છે. શું રાખથી લેપાયેલાં દર્પણમાં તેજની વૃધ્ધિ થતી નથી ?

15. A brilliant person is cleansed further by association with a lower being; just like smearing ash on a mirror makes it brighter

१६. बिभर्ति भृशमुल्लासं, सद्वृत्तः पीडितोऽपि हि ।
किं नाऽभून्मार्दवं भूरि-वह्नौ मुक्तेऽपि पर्पटे ? ।।

૧૬. સજ્જન પીડામાં પણ ખૂબ ઉલ્લાસ ને ધારણ કરે છે. શું આગમાં નંખાયેલો પાપડ નરમ થતો નથી ?

16. A good person feels joy even in grief; doesn't a Papad become softer when put into fire?

१७. सेव्यः स्यान्नार्थिसार्थानां, महानपि धनैर्विना ।
सेव्यते पुष्पपूर्णोऽपि, पलाशः षट्पदै र्न यत् ।।

૧૭. પૈસાવાળાનાં સમુદાયમાં મહાન પણ ધન વિના સેવાતાં નથી. જેથી પુષ્પોથી ભરેલું પણ ખાખરાનું વૃક્ષ ભમરાઓ સેવતાં નથી.

અથવા (सेव्यतेऽ पुष्पपूर्णोऽपि)

મોટો માણસ પણ ધન વિના યાચકોના સમૂહથી સેવાતો નથી. પુષ્પથી પૂર્ણ ન હોય તેવું પલાશવૃક્ષ ભમરાઓ દ્વારા સેવાતું નથી.

17. A brilliant man without money is not respected among rich people; just like wasps do not feed on the Khakhra tree even though it is flowering.

OR

A brilliant man without wealth is not surrounded by followers; just like wasps do not come to feed on the nectar of a palash tree which doesn't have flowers.

१८. हन्त ! हन्ति तमोवृत्ति र्माहात्म्यं महतामपि ।
अभवत् प्रथमः पक्षः, श्यामः शशिनि सत्यपि ।।

૧૮. મહાપુરૂષોની તામસવૃત્તિ તેમનાં મહાત્મ્યને પણ હણી નાંખે છે. જેમ ચંદ્રમાની હાજરીમાં પણ પહેલો પક્ષ અંધારીયો કહેવાય છે.

18. Anger diminishes the greatness of great men; just like the first phase of moon is dark, even in the presence of the moon.

१९. सतामपि बलात्काराः, सुकृते न च दुष्कृते ।
घृतं भुङ्क्ते बलादश्व, स्तृणान्यत्ति स्वयं च यत् ।।

૧૯. સજ્જનો પર કરાયેલી જબરજસ્તી પણ સારા માટે થાય છે. ખરાબ માટે નથી. જેમ પોતે ઘાસ ખાતો હોવા છતાં ઘોડો બળાત્કારથી ઘી પીએ છે.

19. Using force on good people is for their own good; just like a horse, itself lives on grass, is forced to consume ghee for its own good.

२०. वासरास्ते तु निःसाराः, ये यान्ति सुकृतं विना ।

विनाङ्कं बिन्दवः किं स्युः, संख्यासौभाग्यशालिनः ? ।।

૨૦. પુણ્યકાર્ય વિનાના દિવસો સાર વિનાનાં જાય છે. એકડા વિનાના ગમે તેટલાં બિંદુઓ ની સંખ્યા શું સૌભાગ્યશાળી થાય છે ?

20. Days spent without one good deed are meaningless; zeros without a preceding number are valueless

२१. भवन्ति सङ्गताः सद्भिः, कर्कशा अप्यकर्कशाः ।

किं चन्द्रकान्तश्चन्द्रांशु संश्लिष्टो न जलं जहौ ? ।।

૨૧. સજ્જનોની સાથે રહેલાં કર્કશ (કજીયાળા) પણ અકર્કશ થાય છે. શું ચંદ્રના કિરણોથી સંશ્લિષ્ટ ચંદ્રકાન્ત મણી પાણી છોડતું નથી ?

21. Bad tempered people become good mannered in the company of good people; just like the light of the moon make Chandrakant Jewel to release water

२२. स्वोऽपि संजायते दौःस्थ्ये, पराभूतेर्निबन्धनम् ।

यत्प्रदीपप्रणाशाय, सहायोऽपि समीरणः ।।

૨૨. તકલીફ (આપત્તિ) માં પોતાનાં લોકો પણ પરાભવનું કારણ બને છે. જેમ મદદરૂપ થતો પવન પણ તે દીવાના નાશ માટે થાય છે.

22. Loved ones become the cause of defeat during times of trouble; just like the breeze that brings coolness also blows out a lamp.

२३. दोषोऽपि गुणसंपत्ति मश्नुते वस्तुसङ्गतः ।

यन्निन्द्यमपि काठिन्यं, कुचयोरजनि श्रियै ।।

૨૩. દોષ પણ અમુક વસ્તુનાં સંગથી ગુણની સંપત્તિને મેળવે છે. જેમ કઠીનતા નિંદ્ય હોવા છતાં સ્તન ને વિષે લક્ષ્મી (શોભા) ને આપનારી છે.

23. Vice becomes virtue when it comes in contact with the right thing; just as the taut breast is responsible for good looks.

२४. दोषं विशेषतः स्थाना, ऽभावाद्याति गुणः सखे ! ।

न निन्द्या स्तनयोर्जज्ञे, नम्रताऽभिमतापि किम् ? ।।

૨૪. અમુક ગુણ સ્થાનનાં અભાવથી દોષ થાય છે. લોકોને ગમતી તેવી નમ્રતા પણ સ્તન વિશે શું નિંદનીય નથી ?

24. Lack of certain virtues leads to vices; just like softness is bad in a breast.

२५. गते तेजसि सौभाग्य हानिर्ज्योतिष्मतामपि ।

यन्निर्वाणः शमीगर्भो, रक्षेयमिति कीर्त्यते ।।

૨૫. તેજ ગયે છતે તેજસ્વી વ્યક્તિઓનું સૌભાગ્ય ચાલી જાય છે. જેમ આગ બુઝાયેલી હોય ત્યારે તેને બધા રાખ કહે છે.

25. When luminous people lose their aura, they also lose their good fortune; just like fire when doused is called ash.

२६. प्रायः पापेषु पापानां, प्रीतिपीनं भवेन्मनः ।

पिचुमन्दतरुष्वेव, वायसानां रतिर्यतः ।।

૨૬. લગભગ (પ્રાયઃ) પાપનાં વિશે પાપીઓની પ્રીતિ ગાઢ થાય છે. જેમ લીમડાનાં ઝાડ માં કાગડાની પ્રીતિ વધારે હોય છે.

26. Sinners develop a sense of love for vice; just like crows prefer to be around the Neem tree.

२७. प्रायशस्तनुजन्मानो, ऽनुयान्ति पितरं प्रति ।
धूमाज्जाते हि जीमूते, कलितः कालिमा न किम् ? ।।

૨૭. પ્રાય : બાળકો માતા–પિતા જેવાં થાય છે. શું ધુમાડાથી થયેલાં વાદળા કાળા નથી હોતાં ?

27. Children usually take after their parents. Are the clouds of smoke not black too?

२८. नेशाः कर्तुं वयं वाचां, गोचरं गुणगौरवम् ।
यत् सच्छिद्रोऽपि मुक्तौघः, कण्ठे लुठति यद्वशात् ।।

૨૮. ગુણ નું ગૌરવ, વાણીનો વિષય કરવા અમે સમર્થ નથી. જે કારણથી છીદ્રવાળા પણ મોતીનો સમુદાય ગળામાં શોભે છે.

28. We are not capable of praising the virtues or divine words enough. Pearls, even with a hole in them, look elegant as a necklace.

२९. आत्मकृत्यकृते लोकै, र्नीचोऽपि बहु मन्यते ।
धान्यानां रक्षणाद् रक्षा, यद्यत्नेन विधीयते ।।

૨૯. પોતાનો સ્વાર્થ રાખવા માટે લોકો ધ્વારા હલકો પણ બહુમાન પામે છે. જેમ ધાન્ય ની રક્ષા કરતો હોવાથી રાખની પણ સારી રીતે સંભાળ લેવાય છે.

29. People give praise to an undeserving person when they have selfish motives; just like ash is appreciated as it protects the food grains.

३०. सतां यत्रापदः प्रायः, पापानां तत्र संपदः ।
मुद्रिताक्षेषु लोकेषु, यद् घूकानां दृशः स्मिताः ।।

૩૦. પ્રાયઃ સજ્જનોની આપત્તી પાપીઓને સંપત્તિ રૂપ થાય છે. જ્યારે લોકોની આંખો મીંચાઈ જાય છે ત્યારે ઘુવડની આંખો વિકસિત થાય છે.

30. A sinner benefits from the troubles of good people. An owl awakes only when general people are sleep.

३१. मानितोऽप्यपकाराय, स्यादवश्यं दुराशयः ।
किं मूर्ध्नि स्नेहनाशाय, नारोपित(:)खलः खलु ? ॥

૩૧. સન્માનિત વ્યક્તિની દુર્ભાવના હંમેશા અવશ્ય એના અહિત માટે હોય છે. શું દુર્જન વ્યક્તિના માથા પર આરોપિત કરેલી દુષ્ટતા સ્નેહના નાશ માટે નથી થતી ?

31. Respectful person's bad intentions certainly leads to his downfall. Doesn't bad intention on a wicked person's head not lead to destruction of love ?

३२. नोपैति विकृतिं कामं, पराभूतोऽपि सज्जनः ।
यन्मर्दितोऽपि कर्पूरो, न दौर्गन्ध्यमुपेयिवान् ।।

૩૨. અત્યંત પરાભવ ને પામેલો પણ સજ્જન ક્યારેય વિકૃતિ ને પામતો નથી. જેમ કપૂર ને ગમે તેટલી મસળો તે દુર્ગંધ ને આપતો નથી.

32. Even when defeated, a good person does not become vile. Camphor, when rubbed vigorously, does not give out foul smell.

३३. विपत्तावपि माहात्म्यं, महतां भृशमेधते ।
सौरभं काकतुण्डस्य, किमु दाहेऽपि नाऽभवत् ? ।।

૩૩. વિપત્તિમાં પણ મહાપુરૂષોનું મહાત્મ્ય ખુબ વધે છે. શું કપૂરને બાળવાથી સુગંધ નથી આવતી ?

33. The greatness of great men increases even during tough times. Doesn't camphor give out good smell when burnt?

३४. स्तोकोऽपि गुणिसंपर्कः, श्रेयसे भूयसे भवेत् ।
लवणेन किमल्पेन, स्वादु नान्नमजायत ? ।।

૩૪. થોડો પણ ગુણવાનનો સંપર્ક ઘણા કલ્યાણ માટે થાય છે. શું થોડા મીઠાથી અન્ન સ્વાદિષ્ટ નથી થતું ?

34. Even a little acquaintance with virtuous people leads to good fortune. Doesn't a little bit of salt make the food tastier?

३५. भवन्ति परसंपत्तौ, पुण्यात्मानः सदाशयाः ।
नभोनैर्मल्यमालोक्य, शरद्यम्भोऽभवच्छुभम् ।।

૩૫. બીજાની લક્ષ્મી ઉપર પુણ્યશાળીનો સદ્ભાવ હોય છે જેમ આકાશની નિર્મળતાને જોઈને શરદ ઋતુનું પાણી (શુભ), શુધ્ધ (સફેદ) થાય છે.

35. A virtuous man is happy to see the wealth of others. Autumn water is purified with the lucidity of the sky.

३६. पापात्मसङ्गमेऽपि स्यात्, ख्यातिरेव महात्मनाम् ।
चित्रेषु न्यस्ता शोभायै, किं रेखाऽजनि नाञ्जनी ? ।।

૩૬. પાપીના સંગમાં પણ મહાપુરૂષોની પ્રસિધ્ધિ થાય છે. જેમ ચિત્રમાં શોભા માટે કરાયેલી કાળી રેખા શોભતી નથી ?

36. Great men gain praise even in the presence of a sinner; just like a black border enhances the beauty of a picture.

३७. अन्यदेशगतिर्न्याय्या, महोहानौ मन(ह)स्विनाम् ।
न किं द्वीपान्तरं प्राप्त स्त्विषां नाशे त्विषांपतिः? ।।

૩૭. મનસ્વીઓને તેજનાં નાશ થયે છતે અન્ય સ્થાને જવું યોગ્ય છે. શું કિરણોનાં નાશ થયે સૂર્ય બીજા દ્વીપમાં જતો નથી ?

37. It is right for a wilful person to move on when their brilliance is diminished. When sun's rays fade, does not the sun move to another planet?

३८. लघीयानपि वाल्लभ्यं, समेति समये सखे ! ।
आदेया भोजनप्रान्ते, शलाका तृणमय्यपि ।।

૩૮. હે મિત્ર, વખતે નાનાનો પણ પ્રેમ કામમાં આવે છે. જેમ ભોજન ને અંતે તણખલાની સળી પણ આદર પામે છે.

38. In times of need, even the love of a lesser being is appreciated; just like a toothpick is appreciated at the end of a meal.

३९. खण्डीकृतोऽपि पापात्मा, पापान्नैव निवर्तते ।
शिरोहीनोऽपि किं राहु ग्रसते न सुधाकरम् ? ।।

૩૯. પાપીના ટુકડા કરો તો પણ તે પાપથી પાછો ફરતો નથી. જેમ મસ્તક વિનાનો રાહુ પણ શું ચંદ્રને ગળતો નથી ?

39. A sinner does not give up vices even when broken to pieces, as dragon head planet (Rahu) engulfs the moon.

४०. बालं दृष्ट्वाऽपि दुष्टानां, दयोदेति हृदि ध्रुवम् ।
ग्रस्यते किं द्वितीयायाः, शत्रुणा राहुणा शशी ? ।।

૪૦. બાળકને જોઈને દુષ્ટોના હૃદયમાં પણ ચોક્કસ દયા આવે છે. શું શત્રુ એવા રાહુ વડે બીજ નો (બાલ) ચંદ્ર ગ્રસાય છે ?

40. The company of a child makes even a wicked person benevolent. Can Rahu harm the moon in its infant phase?

४१. अभाग्ये सत्यनर्थाय, सतां सङ्गोऽपि जायते ।
नालिकेरजलं जज्ञे, कर्पूरमिलनाद् विषम् ।।

૪૧. અભાગીને સજ્જનનો સંગ પણ અનર્થ માટે થાય છે. જેમ નાળીયેરનું પાણી કપૂરમાં ભળવાથી ઝેર થાય છે.

41. The unfortunate cannot benefit from the acquaintance of a good person; just like coconut water mixed with camphor converts to poison.

४२. विरोधोऽपि भवेद् भूत्यै, कलावद्भिः समं सखे ! ।
दीयते काञ्चनं चन्द्र ग्रासात्तमसि वीक्षिते ।।

૪૨. કલાવાનની સાથે કરાયેલો વિરોધ પણ આબાદી માટે થાય છે. જેમ ચંદ્રગ્રહણમાં અંધારૂ થયે છતે સોનું (દાનમાં) અપાય છે.

42. Opposing a talented person still leads to prosperity; just like people give out gold in charity during lunar eclipse.

Or

A talented person, however much opposed, still works for prosperity, just as the moon which gives all light even during an eclipse.

४३. कलावानपि जिह्मात्मा, बहुभिर्बहु मन्यते ।

किमु लोकैर्द्वितीयाया, नमश्चक्रे न चन्द्रमाः ? ।।

૪૩. કુટીલ હોવા છતાં કલાવાન ઘણા લોકોથી બહુમાન કરાય છે. શું બીજનો ચંદ્ર લોકો ધ્વારા નમસ્કાર નથી કરાતો ?

43. A talented person, though wicked, is praised by all; just like the moon on the day of Beej is worshiped by all.

४४. अश्व (स्व)कोऽपि गुणैर्गाढं, स्यात्सभाजनभाजनम् ।

आरोप्यते नृपैर्मूर्घ्नि, वनोत्पन्नोऽपि चन्दनः ।।

૪૪. કોઈપણ ગુણવાન વ્યક્તિ સમાજનું સન્માન પામે છે. જેવી રીતે વનમાં ઉગવા છતાં ચંદનને રાજાઓ પોતાના મસ્તકે લગાવે છે.

44. Any virtuous person gets respected by the society; just like sandalwood, despite growing in a jungle, is used by kings to adorn their foreheads.

४५. पापधीर्द्रुतमभ्येति, बहूपायैश्च धर्मधीः ।

वस्त्रे स्यात् कालिमा सद्यः, शोणिमा भूरिभिर्दिनैः ।।

૪૫. પાપ બુધ્ધિ જલ્દી આવે છે. ધર્મ બુધ્ધિ ઘણા ઉપાય પછી આવે છે. વસ્ત્ર કાળુ તો જલ્દી થાય છે. ચમક તો ઘણા દિવસ બાદ આવે છે.

45. Vice comes easily; virtue comes with much hard work. It is easy to make clothes dirty, but hard to make them shine.

४६. संपत् पापात्मनां प्रायः, पापैरेवोपभुज्यते ।

भोज्यं बलिभुजामेव, फलं निम्बतरोरभूत् ।।

૪૬. પાપીઓની સંપત્તિ પાપ વડે ભોગવાય છે. કાગડાઓનું ભોજન લીમડાનું ફળ જ હોય છે.

46. The wealth of a sinner is used in a sinful way. A crow likes to feed on the fruit of the Neem tree.

४७. भोग्यं भाग्यवतामेव, संचितं तद्धनैर्धनम् ।

परैरादीयते नूनं, मक्षिकामेलितं मधु ।।

૪૭. તે તે ધનપતિઓ વડે ભેગું કરાયેલું ધન કોઈ ભાગ્યશાળી જ ભોગવે છે. બાકી તો માખીઓ ધ્વારા ભેગું કરાયેલું મધ બીજાઓ ધ્વારા જ ભોગવાય છે.

47. Wealth earned by many rich people is consumed by a few fortunate people; just like the honey gathered by bees is consumed by someone else.

४८. का क्षतिर्यदि नाड़सेवि, तुङ्गात्मा मलिनात्मभिः ? ।

का हानिर्हेमपुष्पस्य, मुक्तस्य मधुपैरभूत् ? ।।

૪૮. હલકા લોકો ધ્વારા જો મહાપુરૂષો ન સેવાયા તો તેમને શું ઓછું થાય છે? જો મધમાખીઓ સોનાના પુષ્પ ઉપર ન બેસે તો તેમાં સોનાના પુષ્પ ને શું હાની ?

48. When great men are not savoured by a lower being, it is not their loss. When a bee does not savour a flower made of gold, it is not the loss of the flower.

४९. नीचानां वचनं चारु, प्रस्तावे जल्पतां सताम् ।
प्रीतिकृत् प्रस्थितानां हि, वामं गर्दभगर्दितम् ।।

૪૯. નીચ માણસોનાં વચન શરૂમાં સારા દેખાય છે. જેમ પ્રસ્થાનમાં ગધેડો ડાબો બોલે તો સારૂ.

49. The words of a wicked person sound amazing in the beginning; just like a donkey braying on the left side at the beginning is considered good.

५०. लघोरपि वचो मान्यं, समये स्याद् महात्मनाम् ।
प्रस्थितैर्वामदुर्गायाः, शब्दः श्रेयानुदीरितः ।।

૫૦. મહાપુરૂષો પણ નાના નું વચન કોક સમયમાં માન્ય કરે છે. જેમ પ્રસ્થાન વખતે ડાબો દુર્ગાનો શબ્દ સારા માટે કહેવાય.

50. Even great people concede to lesser beings sometimes; just like the words of Durga bird (Indian Rollerposted) from left side are considered auspicious before the onset of a jouinery.

५१. स्थानभ्रष्टोऽपि शिष्टात्मा, लभेन्मानमनर्गलम् ।
खानेश्च्युतो मणिर्भूम न्मूर्धानमधिरोहति ।।

૫૧. શિષ્ટ પુરૂષો સ્થાન ભ્રષ્ટ થાય તો પણ ખૂબ માનને પામે છે. જેમ ખાણમાંથી નિકળેલો મણી રાજાનાં મસ્તક પર ચઢે છે.

51. Polite people gain praise even when demoted from their position; just like a diamond from a dark mine adorns the crown of a king.

५२. मध्ये मेधाविनां मातृ मुखानां मानमर्हति ।
कोकिलान्तर्गताः काकाः, कोकिला एव यद्वशात् ।।

૫૨. બુધ્ધિશાળીઓની મધ્યમાં મૂર્ખાઓ માનને પામે છે. કોયલની વચ્ચે કાગડાઓ કોયલના કારણે માનને પામે છે.

52. Stupid people gain honour when amongst intelligent people; just like a crow gains acclaim when amongst cuckoos.

५३. न मौनं वाग्मिनां शस्तं, वाक्कलाकुशलात्मनाम् ।
अकूजन् कोकिलो लोकैः, काकोऽयमिति गीयते ।।

૫૩. વાણીની કળામાં કુશળ વકતાઓને મૌન પ્રશંસા માટે નથી. જો કોયલ ન ગાય તો લોકો તેને કાગડો છે તેમ કહે.

53. Expert orators should not remain silent; because if a cuckoo doesn't sing, people could think that it is a crow.

५४. अल्पीयानप्यसत्सङ्गः, स्यादनर्थाय भूयसे ।
यवनैरेकशो भुक्तः, स्यादाजन्मान्वयाद्बहिः ।।

૫૪. અસજ્જનોનો થોડો પણ સંગ ઘણાં અનર્થ માટે થાય છે. યવનો વડે એકવાર ભોગવાયેલ આખી જીંદગી નાત બહાર રહે છે.

54. Acquaintance with bad people leads to bad fortune; just like a person corrupted by association with the Yavans is ostracised for life.

५५. विकारं नैति जीवान्तं, कष्टमारोपितोऽपि सन् ।
यत्तापितमपि स्वर्णं, वर्णं धत्ते मनोरमम् ।।

૫૫. મરણ સુધીનાં કષ્ટ ને પ્રાપ્ત થયેલો પણ વિકારને પ્રાપ્ત થતો નથી. જેમ સોનું ગમે તેટલું તપાવો તો પણ સુંદર વર્ણને ધારણ કરે છે.

55. A person who suffers till the end of life does not fall prey to vice; just like gold glows more when put through fire.

५६. न करोति नरः पाप, मधीताऽल्पश्रुतोऽपि सन् ।

यद्भणन् रामरामेति, न कीरः पललालसः ।।

પ૬. **થોડુ પણ સારૂ ભણેલો માણસ પાપ કરતો નથી જેમ રામનામ જપતો પોપટ માંસ ની લાલસાવાળો નથી હોતો.**

56. A person who gains good education, even if only a little, does not commit sins. Just like a parrot who chants the name of God, does not desire to eat meat.

५७. वसन्नपि समं पापो, न वेत्ति गुणिनां गुणान् ।

न तिष्ठन्नुदके भेको, गन्धं वेत्ति सरोरुहाम् ।।

પ૭. **પાપી વ્યક્તિ ગુણવાનો સાથે રહેવા છતાં તેમના ગુણોને પારખી શકતો નથી. જેમ દેડકો પાણીમાં રહેવા છતાં કમળની સુગંધને જાણતો નથી.**

57. A sinner is not able to recognise the virtues of great people despite living with them; just like a frog does not recognise the fragrance of lotus despite living in water.

५८. महस्विमिलनान्मन्दा, अपि स्युर्दुःसहाः सखे ! ।

जलं ज्वलनसंपृक्तं, दुःसहं ददृशे न कैः ? ।।

પ૮. **મોટાનો હાથ મળવાથી ગરીબ નાના લોકો પણ બેકાબુ થાય છે. જેમ ચુલા પર (અગ્નિના સબંધંથી) ઉકળતું પાણીનું અત્યંત સહન કરવા પણું કોના વડે નથી જોવાયું ?**

58. Poor, lesser beings get out of control when they gain support of a greater being. Who hasn't witnessed the intolerable pain that water goes through when boiled?

५९. परतः संपदं प्राप्य, सोत्कर्षा नीचगामिनः ।

लब्धतोयाः पयोवाहा दुस्तराः सरितो न किम् ? ।।

પ૯. **નીચ લોકો બીજાની સંપત્તિ મેળવીને ઘમંડ કરે છે. જેમ વાદળથી પ્રાપ્ત થયેલાં પાણી વાળી નદીઓ શું દુસ્તર નથી હોતી ?**

59. Vile people feel so proud by snatching away someone else's wealth that they are not able to digest it. Is it not difficult to swim in rivers flooded with rainwater?

६०. न पदं संपदां प्रायः, कुलोत्पन्नोऽपि दुर्मनाः ।

अन्तर्वक्रोऽब्धिसूः शङ्खो, दृष्टो भिक्षाकृते भ्रमन् ।।

૬૦. **કુળમાં ઉત્પન્ન થયેલાં પણ ખરાબ મનવાળા સંપત્તિવાળા નથી હોતા. જેમ અંદરથી વાંકો સમુદ્રથી નિકળેલો શંખ ભિક્ષા માટે રખડે છે.**

60. Those with a wicked disposition are not really wealthy even when born in a wealthy family; just like a crooked conch from the sea is discarded.

६१. भवेद्वस्तुविशेषेण, सुकृते दुष्कृते च धीः ।

ध्यानधीरक्षमालायां, प्रहारेच्छा च कार्मुके ।।

૬૧. **વસ્તુ વિશેષથી બુધ્ધિ પાપ કે પુણ્ય માટે થાય છે. જેમ માળાથી ધ્યાનની અને ધનુષ્યથી પ્રહારની ઈચ્છા થાય છે.**

61. An object leads a person to either sin or virtue. A rosary leads a man to meditation and a bow leads him to attack.

६२. वपुःशेषोऽप्यपुण्यात्मा, स्वभावं न विमुञ्चति ।

जहाति जिह्मतां रज्जु र्ज्वलितापि न जातुचित् ।।

૬૨. મૃત્યુ વખતે પણ પાપી પોતાનો સ્વભાવ નથી છોડતાં. જેમ સળગતી દોરી પણ પોતાની વક્રતાને (વળને) છોડતી નથી.

62. A sinful man does not change his nature even in death; just like a rope does not leave its crookedness even when burnt.

६३. सतां नोपप्लवाय स्यु र्द्विजिह्वा मिलिता अपि ।

नैषि सङ्गाद् भुजंगानां, विनाशं चन्दनद्रुमः ।।

૬૩. બે જીભવાળી વ્યક્તિઓ (ચાડિયાગીરી કરનાર) ભેગા થઇને પણ સજ્જન વ્યક્તિમાં વિકૃતિ પેદા કરી શકતી નથી. જેમ કે પોતાના શરીર પર સર્પોનો વસવાટ હોવા છતાં ચંદન–સુખડનું ઝાડ વિનાશને ઇચ્છતું નથી.

63. Even when wicked people come together, they cannot corrupt a good person; just like a sandalwood tree does not become poisonous even though many snakes live on it.

६४. निजकार्याय दुष्टोऽपि, महद्भिर्बहु मन्यते ।

दाहकार्यपि सप्तार्चि रिन्धनार्थं गवेष्यते ।।

૬૪. પોતાનું કાર્ય કરનારો દુષ્ટ હોય તો પણ મહાપુરૂષો તેને બહુ માને છે. જેમ જેને લાકડામાં અગ્ની પેટાવવો છે તે આગને શોધે છે.

64. Great men respect a person who gets their job done, even if he is vile. Those who want to light logs of wood, look for fire.

६५. कुप्रसिद्धिः कुसङ्गेन, तत्क्षणान्महतामपि ।

महेशो विषसान्निध्यात्, कण्ठेकालोऽयमीरितः ।।

૬૫. કુસંગથી મહાપુરૂષને પણ તે જ ક્ષણે કુપ્રસિદ્ધિ થાય છે. જેમ મહાદેવ ને ઝેરનાં સાનિધ્યથી નિલકંઠ કહેવાય છે.

65. Great men get slandered immediately by acquaintance with bad people; just like Mahadev was called Neelkanth due to association with poison.

६६. न सत्संस्तवसौभाग्यं, गदितुं गुरुरप्यलम् ।

तन्तुभिः सुमनःसङ्गा, ल्लब्धं स्वाहाभुजां शिरः ।।

૬૬. સત્સંગ નું ફળ કહેવા ગુરૂ પણ સમર્થ નથી. જેમ પુષ્પના સંગથી દોરાને પણ દેવનાં મસ્તક પર ચઢવા મળે છે.

66. Even a guru is not capable enough to tell the benefits of good company; just like a piece of thread in the company of flowers gets to adorn the neck of a deity.

६७. निःसारे वस्तुनि प्रायो, भवेदाडम्बरो महान् ।

कुसुम्भे रक्तिमा यादृग्, घुसृणे न च तादृशी ।।

૬૭. તુચ્છ વસ્તુનો આડબંર મોટો હોય છે. જેમ કસુંબાનો રંગ જેવો લાલ રંગ કેસરનો નથી હોતો.

67. Many times insignificant things shine more, just like the colour of saffron is not as red as that of Kasumba.

६८. क्षीयतेऽभ्युदयेऽन्येषां, तेजस्तेजस्विनामपिः ।

नोदये पद्मिनीबन्धोः, किं दीपाः क्षीणदीप्तयः ? ।।

૬૮. તેજસ્વીઓનો તેજ બીજાનાં અભ્યુદયમાં નાશ પામે છે. શું સૂર્યનાં ઉદયમાં દીવા ક્ષીણ તેજવાળા નથી થતાં ?

68. Luminosity of brilliant people diminishes with the rise of others; just like the light of a lamp diminishes with the rise of the sun.

६९. पात्रे शुद्धात्मने वित्तं, दत्तं स्वल्पमपि श्रिये ।
दत्ते स्निग्धानि दुग्धानि, यद्गवां चारितं, तृणम् ।।

૬૯. શુધ્ધ પાત્રમાં અપાયેલું થોડું પણ ધન કલ્યાણ માટે થાય છે. જેમ ગાયને ઘાસ આપો તો મીઠુ દૂધ આપે છે.

69. Charity done for a right cause, wealth used for a noble deed leads to prosperity as grass feeded to cow yields milk.

७०. स्वल्पसत्त्वेष्वपि स्वेषु, वृद्धिः सत्स्वेव निश्चितम् ।
उद्गमो यज्जनैर्दृष्टः, सतुषेष्वेव शालिषु ।।

૭૦. પોતાનામાં રહેલું થોડુ પણ સત્ત્વ ચોક્કસપણે પોતાની સજ્જનતામાં વધારો કરે છે. ફોતરામાં રહેલા ચોખા વૃધ્ધિ પામતા જણાયા છે.

70. Even a little goodness lying in our hearts increases our goodness; just like rice in husk increase in size.

७१. सिद्धिं सृजन्ति कार्याणां, स्मितास्या एव साक्षराः ।
लेखा उन्मुदिता एव, जायन्ते कार्यकारिणः ।।

૭૧. હસતા ચહેરાવાળા જ વિદ્વાનો કાર્યની સિધ્ધી કરે છે. જેમ માત્ર (અધિકૃત વ્યક્તિના) લેખનથી જ કાર્ય સિધ્ધ થાય છે.

71. Brilliant people with a smile on their face get the task done; just like writing by authentic person gets the task completed.

७२. उपकारः सतां स्थान, विशेषाद् गुणदोषकृत् ।
लोके घूके रवेर्भास स्तेजसे चाऽप्यतेजसे ।।

૭૨. સજ્જનો વડે કરાયેલો ઉપકાર સ્થાન વિશેષથી ગુણ દોષને કરે છે. જેમ લોકમાં પણ ઘુવડને વિશે કરાયેલો સૂર્યનો પ્રકાશ અંધારા બરાબર છે.

72. A favour done by good people on an undeserving person is not useful. To an owl even the light of the sun is equal to darkness.

७३. भवन्ति महतां प्रायः, संपदो न विनापदम् ।
पत्रपातं विना किं स्याद्, भूरुहां पल्लवोद्गमः ? ।।

૭૩. સજ્જનોને આપત્તિ વિના સંપત્તિ નથી હોતી. શું વૃક્ષ ઉપરથી પાંદડા ખર્યા વિના બીજા પાંદડા આવી શકે ?

73. Noble people do not gain wealth without troubles. Can a tree have new leaves without shedding the old ones?

७४. महद्भ्यः खेदितेभ्योऽपि, प्रादुर्भवति सौहृदम् ।
प्रादुरासीन्न किं सर्पि, र्मथितादपि गोरसात् ? ।।

૭૪. મોટાઓને કષ્ટ આપો તો પણ મિત્રતાની પ્રાપ્તિ થાય છે. જેમ (ગોરસ) છાસ ને મથવાથી (માખણ) ઘી મળે છે.

74. Great men offer friendship even when one hurts them, just like churning buttermilk gives us ghee.

७५. नाशं कर्त्तुमलं वीरा, न तज्जातिं विना द्विषाम् ।
छिद्यन्ते पर्शुभिर्वृक्षा, न विना दारुहस्तकम् ।।

૭૫. ગમે તેટલો વીર પણ પોતાનાં શત્રુનો નાશ તેની જ જાતિના લોકો વડે જ કરે છે. જેમ વૃક્ષનો છેદ લાકડાનાં હાથાવાળી કુહાડીથી જ થાય છે.

75. A brave person defeats his opponent with the help of opponent's own people; a tree is cut by the same axe that has the handle of wood of the tree.

७६. दत्ते ह्यनर्थमत्यर्थं, कुपात्रे निहितं धनम् ।

किं वृद्धये विषस्यासी न्नाऽहीनां पायितं पयः ? ।।

૭૬. કુપાત્રમાં અપાયેલું ધન અત્યંત અનર્થ માટે થાય છે. શું સાપને પીવડાવેલું દૂધ ઝેરની વૃધ્ધિ માટે નથી થતું ?

76. Money given to a wrong person is used for wrong things; just like feeding a snake on milk leads to more poison.

७७. शिष्टे वस्तुनि दुष्टस्य, मतिः स्यात् पापगामिनी ।

कलावतीन्दौ मिलिते, राहुरत्तुमना अभूत् ।।

૭૭. સારી વસ્તુ ને વિશે દુષ્ટની બુધ્ધિ પાપવાળી થાય છે. કલાથી યુક્ત એવો ચંદ્ર મળ્યે છતે રાહુને તેને ખાવાની ઈચ્છા થાય છે.

77. A wicked person has only malice even for good things; just like Rahu has the desire to eat beautiful moon

७८. भवन्त्यवसरे तुङ्गा, नीरसेऽपि रसोत्तमाः ।

यद् ग्रीष्मर्त्तौ सुभीष्मेऽपि, रसाला रसशालिनः ।।

૭૮. અવસર આવ્યે છતે મહાપુરૂષો રસ વગરની વસ્તુમાં પણ ઉત્તમ રસવાળા થાય છે. જેમ ભયંકર ઉનાળામાં પણ આંબાઓ (ફળો) રસ વાળા થાય છે.

78. Given the opportunity, great men bring meaning and essence even to the dullest of matters; just like mangoes become juicier in extreme summers.

७९. तुच्छाहारेऽपि तुच्छानां, विषयेच्छा महीयसी ।

दृषत्कणभुजोऽपि स्युः कपोताः कामिनो बहु ।।

૭૯. તુચ્છ આહાર કરનારા હલકા લોકોને પણ વિષયમાં ભોગ (સુખમાં) ઘણો રાગ હોય છે. જેમ પથરા અને અનાજનાં તુચ્છ કણો ખાનારા એવા કબુતરો પણ કામ ભોગના ખૂબ રાગી હોય છે.

79. A person who eats unhealthy food has strong physical desires; just like pigeons, who eat pebbles and lowly grains, have strong desires.

८०. धिग् नैःस्व्यं यद्वशान्नाथं, त्यजन्त्यपि मृगीदृशः ।

ईशमाशाम्बरं हित्वा, जाह्नवी जलधिं ययौ ।।

૮૦. ધિક્કાર છે ગરીબીને, જેના કારણે પત્ની પણ પતિને છોડી દે છે. જેમ ગંગા નદી દિગંબર શંકરને છોડીને સમુદ્રમાં ભળી ગઈ.

80. Poverty is a curse, due to which even a wife abandons her husband; just like river Ganga left the unclothed Shankar and went away to the ocean.

८१. साधारणेऽपि सम्बन्धे, क्वाऽपि स्यात् प्रेम मानसम् ।

रोहिण्या एव भर्त्तेन्दु र्न्यक्षऋक्षाऽधिपोऽपि यत् ।।

૮૧. સામાન્ય સબંધો છતાં ક્યારેક યોગાનુયોગ હાર્દિક પ્રેમ થઇ જાય છે. ક્યાં દરિદ્ર રોહિણી નક્ષત્ર અને ક્યાં સર્વ નક્ષત્રોનો રાજા ચંદ્ર, તો પણ તેમનામાં હાર્દિક પ્રેમ ક્યારેક ક્યારેક જણાઈ આવે છે. (કવિની પરિભાષામાં ચંદ્રને રોહિણીનો પતિ માનવામાં આવે છે.)

81. Simple relationships sometimes lead to devout love; just like there seems to be love between the poor star Rohini and the king of all stars, the moon.

८२. मान्यन्ते गुणभाजोऽपि, न विना विभवं सखे ! ।

पतिताः पांशुभिः पूर्णे, पथि पर्युषिताः स्त्रजः ।।

૮૨. હે મિત્ર ગુણવાન લોકો પણ ધન વિના માન્ય થતા નથી. જેમ કરમાઈ ગયેલી માળા ધૂળથી ભરેલા માર્ગમાં ફેંકાઈ જાય છે.

82. O friend, even virtuous people are not respected if they do not have wealth; just like a withered garland of flowers is thrown away in dirt

८३. रसिकेषु वसन् वेत्ति, कठोरात्मा न तद्रसम् ।

स्तनोपरि लुठन् हारस्तद्रसं नोपलब्धवान् ।।

૮૩. રસિક લોકોની સાથે વસતો હોવા છતાં પણ કઠોર માણસ તે રસને જાણી શકતો નથી. જેમ સ્તન ની ઉપર આળોટતો હાર સ્તનનાં રસ (ભોગ) ને પામી શકતો નથી.

83. A hard-hearted person is unable to savour the essence of life despite living with interesting people; just like a necklace cannot savour the essence of breasts despite being close to them.

८४. ध्रुवं स्यादुपकाराय, मानितः सरलः सखे ! ।

प्राणानवति किं नैव, गृहीतं वदने तृणम् ? ।।

૮૪. હે મિત્ર! સહેલાઈથી સરળ ભાવે જે માની જાય તે ચોક્કસ ઉપકાર માટે થાય છે. જેમ મોઢામાં તણખલું લેનારનાં પ્રાણોની શું રક્ષા નથી થતી ?

84. Hey friend ! Respected simple people are definitely for favour; just like the like of a person who holds on to a straw, is saved.

८५. दुःखीकृत्याऽपि स्वं पापः, परेषामपकारकृत् ।

मृत्वाऽपि मक्षिकान्येषां, जायते वान्तिकारिणी ।।

૮૫. પાપી પોતાને દુઃખી કરીને પણ બીજાને અપકાર કરનારાં હોય છે. જેમ માખી પોતે મરીને પણ (ખાનારને) ઉલ્ટી કરાવનારી થાય છે.

85. A sinner would even harm himself in order to trouble others; just like a housefly in food itself dies and causes vomiting of the diner.

८६. दुःखीकृत्याप्यपापः स्वं, परेषामुपकारकृत् ।

झम्पां दत्वा स्वयं, वह्नौ, पर्पटः परपुष्टये ।।

૮૬. પુણ્યશાળી પોતે દુઃખી થઈને પણ બીજાને ઉપકાર કરનારાં થાય છે. જેમ પાપડ પોતે આગમાં કુદકો મારી ને પણ બીજાને પુષ્ટી આપે છે.

86. Noble people go to the extent of taking trouble themselves to help others; just like a Papad gives nourishment to others by itself being roasted in fire.

८७. न वासोऽपि श्रिये नीच गामिनां सन्निधौ सताम् ।

यत् पेतुः पादपाः कूल –ङ्कषाकूलभुवः स्वयम् ।।

૮૭. હલકા માણસોની નજીકમાં સજ્જનોનો વાસ કલ્યાણ માટે નથી થતો. જેમ નદીને કાંઠે ઉત્પન્ન થયેલાં વૃક્ષો પોતે જ નદીનાં પાણીને પી જાય છે.

87. Good people living in the company of vile people, leads to no good. Just like the trees on the banks of a river themselves suck up the water of the river.

८८. नान्यस्मै स्वं गुणं दत्ते, रागवानपि कर्कशः ।

अकारि विद्रुमेणाऽन्य द्रुस्तु किं रक्तिमाङ्कितः ? ।।

૮૮. કજીયાળો રાગવાળો હોવા છતાં પણ બીજાને પોતાનો ગુણ આપતો નથી, શું પરવાળા એ કોઈ દિવસ બીજી વસ્તુને લાલ કરી છે?

88. A quarrelsome person though having attachment, does not pass on this nature to others; just like a red coral stone cannot stain other things with its colour.

८९. शस्यते सर्वशास्त्रेभ्यो, रूढिरेव बलीयसी ।

तदङ्कत्वे समानेऽपि, शशीन्दुर्न मृगीति यत् ।।

૮૯. બધા શાસ્ત્રોથી રૂઢિ (રિવાજ) જ બળવાન મનાયો છે. જેમ સમાન ચિન્હો હોવા છતાં પણ શશી ને ચંદ્ર જ કહેવાય છે. પણ હરણ નથી કહેવાતું.

89. Traditions are stronger than any scriptures; just like Shashi is known as moon and not a deer.

९०. दृशा दुष्टदृशां दृष्टाः, प्रभावन्तोऽपि निष्प्रभाः ।

बभूवुर्भुजगैर्दृष्टाः, प्रदीपाः क्षीणदीप्तयः ।।

૯૦. દુષ્ટ વ્યક્તિઓની દ્રષ્ટિ પણ દુષ્ટ હોય છે. જેથી કાંતિવાન પણ કાંતિ રહિત બની જાયછે. સર્પોની દ્રષ્ટિથી દીપક પ્રકાશ રહિત થઈ જાય છે.

90. The evil vision of an evil person takes away the brilliance of brilliant person; just like a lamp loses its brilliance when a snake sees it.

९१. पिहितैव श्रियं धत्ते, पद्धतिः पुण्यकर्मणाम् ।

दुकूलकलितावेव, कुचौ कान्तौ मृगीदृशाम् ।।

૯૧. પુણ્યકર્મની એ રીત છે કે ઢંકાયેલું જ શોભે છે જેમ હરણ જેવી આંખવાળી સ્ત્રીઓનાં સ્તન કપડાથી ઢંકાયેલા વધારે શોભે છે.

91. A virtue is good when hidden with modesty; just like the breasts of a beautiful woman are appreciated when hidden under clothes.

९२. महतामपि लघुता, तस्थुषां मूर्खपर्षदि ।

मन्दधामगतस्यासी न्नीचत्वं दिविषद्गुरोः ।।

૯૨. મૂર્ખોની સભામાં બેઠેલો મહાન વ્યક્તિ પણ લઘુતાને પ્રાપ્ત કરે છે. જેમ શનિની રાશીમાં જવાવાળા દેવતાઓના ગુરૂ બૃહસ્પતિ નીચ પદને પ્રાપ્ત કરે છે.(મન્દ=અલ્પબુધ્ધિવાળો, શનિગ્રહ, ગુરૂગ્રહની નીચ રાશિ મકર છે. મકર શનિનું ઘર છે.)

92. A great man who keeps the company of lowly people will also be known as lowly; just like when Jupiter ventures into lowly house, it attains a low post.

९३. मध्ये मेधाविनां तिष्ठन्, मूर्खोऽपि मानमश्नुते ।

मन्दोऽप्युच्चैःपदं प्राप, कविकेलिगृहं गतः ।।

૯૩. બુધ્ધિશાળીઓની વચમાં રહેલો મૂર્ખ પણ માનને મેળવે છે જેમ કવિઓની ક્રીડા ઘરમાં ગયેલો અલ્પ બુધ્ધિવાળો પણ મહાન પદને પ્રાપ્ત કરે છે.

93. A stupid person gains dignity in the company of intelligent people; just like a dim-witted person gains praise when he attends a great poetry session.

૯૪. दुर्दैवेऽनर्थसार्थाय, सङ्गतिर्धीमतामपि ।
गतः कविसभां भासां, प्रणयी प्राप नीचताम् ।।

૯૪. જ્યારે નસીબ વિપરીત હોય ત્યારે બુધ્ધિશાળીઓની મિત્રતા પણ અનર્થને કરનારી થાય છે. જેમ કવિઓની સભામાં (શુક્રના સ્થાનમાં ગયેલો) સૂર્ય પણ હલકા લોકોનાં પ્રેમને પ્રાપ્ત કરે છે.

94. When bad fortune strikes, even the friendship of smart people does not help; just like the sun loses its value when it moves to the house of Venus.

૯૫. न तद्दोषलवोऽपि स्यात्, खलान्तर्वसतां सताम् ।
तिष्ठन् मूर्धनि सर्पाणां, मणिः किं विषदोषवान् ? ।।

૯૫. દુર્જનોની વચ્ચે રહેતો હોવા છતાં સજ્જનોમાં જરાપણ દોષ હોતો નથી. જેમ સાપના માથા પર રહેલો મણી ઝેરનાં દોષથી મુક્ત હોય છે.

95. Good people are above vices even in the company of bad people; just like the gem on top of a snake's head is free of poison.

૯૬. संगतौ गुणभाजोऽपि, स्तब्धानां न गुणः सखे ! ।
न मुखश्यामता नष्टा, स्तनयोर्हारहारिणोः ।।

૯૬. ગુણવાનની સંગત હોવા છતાં પણ હે મિત્ર અહંકારીને કોઈ ગુણ થતો નથી. જેમ સ્તનની ઉપર રહેલાં મનોહર એવા હાર ની સંગત હોવા છતાં તેનાથી સ્તનના અગ્ર ભાગની કાળાશ નષ્ટ થઈ નહી.

96. An arrogant person does not become virtuous even in the company of virtuous people; just like a beautiful necklace does not take away the black spot on the front of breast.

૯૭. भवन्ति शर्मणां सिद्धयै, लधीयांशोऽपि संगता ।
घनोपद्रववारीणि, तृणानि मिलितानि यत् ।।

૯૭. તુચ્છ માણસોના પરસ્પર મળવાથી તેઓ શક્તિશાળી બને છે. જેવી રીતે ઘાસના ભેગા થવાથી વાદળોનો ઉપદ્રવ અટકી જાય છે, એટલે કે ઘાસની બનેલી છતથી વરસાદના ઉપદ્રવથી બચી શકાય છે.

97. Weak people become strong as a group, just like the strong when joined together to form a roof, save the house from calamities of the heavy rains.

૯૮. मध्ये रिक्ता हता एव, भवन्ति मधुरस्वराः ।
मृदङ्गेषु यथाऽवस्थ मर्थमेनं निभालय ।।

૯૮. જે લાકો અંદરમાં ખાલી હોય છે એ લોકો હણાયેલા મધુર સ્વરવાળા હોય છે જેવી રીતે મૃદંગમાં– આ અર્થને તું તારી રીતે જો. (એટલે મૃદંગ અંદરથી ખાલી છે છતાં મધુર સ્વર નીકળે છે)

98. Those empty from within only have beautiful voices; just like a drum though hollow inside has a great sound.

૯૯. अचेतनेन यत्कार्यं, जातुचिन्नेतरैश्च तत् ।
आप्यते यत् कपर्देन, न तत् कीटककोटिभिः ।।

૯૯. નિર્જીવ વડે જે કાર્ય થાય છે તે સજીવ વડે નથી થતું જેમ એક કોડી વડે જે પ્રાપ્ત થાય છે તે કરોડો કીડીઓ વડે નથી પ્રાપ્ત થતું.

99. A non-living thing can achieve what no living thing can; just like a dead shell can achieve what thousands of living ants cannot.

१००. प्राप्य किंचित् परान्नीचः, स्यात् परोपप्लवप्रदः ।

लब्ध्वा रविरुचां लेशं, भृशं यद्दुस्सहं रजः ।।

૧૦૦. હલકા લોકો બીજા પાસેથી કાંઈક પ્રાપ્ત કરીને કોઈ બીજાને તકલીફ આપનારાં થાય છે. જેમ સૂર્યના કિરણો પાસેથી થોડીક ગરમી મેળવીને રેતી ખૂબ ગરમ થઈ જાય છે.

100. Wicked people gain from others and then trouble them; just like the sand gets very hot by receiving a little warmth of the sun's rays.

१०१. रागिभिर्लभ्यते भूरि रभिभूतिश्च नेतरैः ।

यत् कुसुम्भभरः पादै र्हन्यते न दृषद्गणः ।।

૧૦૧. વિષયો પ્રતિ આસક્ત વ્યક્તિનો પરાજય અથવા તિરસ્કાર થાય છે, બીજા સજ્જનોનો નહિ. જેમ કે, લાલાશ (રાગ) પ્રાપ્ત કરતાં ગુલાલનો ઢગલો પગ વડે ખુંદાય છે, પરંતુ રાગ દશા વિનાના પત્થરના કણોનો સમૂહ ખૂંદાતો નથી.

101. Unlike a non-addict, a person addicted to any substance is usually hated or faces defeat; just like a heap of Gulal (symbol of addiction) is kicked by feet, but not a heap of small pebbles.

१०२. पुण्यवान् पापवांश्चापि, ख्यातिमन्तावुभावपि ।

गजारूढं खरारूढं, चाऽपि पश्यन्ति विस्मयात् ।।

૧૦૨. પુણ્યવાળા કે પાપવાળા બંને પ્રસિધ્ધિને પામે છે. જેમ હાથી ઉપર રહેલા કે ગધેડા ઉપર રહેલા પુણ્યશાળીને અને પાપીને લોકો આશ્ચર્યથી જુએ છે.

102. Sinners and virtuous people alike gain fame; just like any person (sinner or virtuous) sitting on an elephant or donkey alike is watched with amazement.

१०३. लघीयानपि तोषाय, तेजोभाजोऽपि जातुचित् ।

किं दीप्तये दृशोरासी द्दीपधूमोऽपि नाञ्जनम् ? ।।

૧૦૩. નાનો પણ તેજસ્વી સંતોષ માટે છે. શું દીવાના ધુમાડાથી બનેલું અંજન આંખની તેજસ્વીતા માટે થતું નથી ?

103. A small person is also for satisfaction of an intelligent person; just like the black soot from a small lamp is used for brightness of the eyes.

१०४. प्रथिता याति न ख्यातिः, सन्तु मा सन्तु वा गुणाः ।

यन्नारी नष्टनेत्राऽपि, प्रोच्यते चारुलोचना ।।

૧૦૪. ગુણ હોય કે ન હોય પણ જેની પ્રખ્યાતિ ફેલાઈ હોય તે જતી નથી જેમ આંખથી ન દેખતી સ્ત્રીને પણ ચારૂલોચના કહેવાય છે.

104. Whether deserving or not, but once a person becomes famous, the fame stays. A blind woman is still known as Charulochana. (beautiful eyed woman)

१०५. लघीयस्त्वेन तेजस्वी, नावज्ञामात्रमर्हति ।

क्वान्धकारं भृतागारं, क्व दीपकलिका किल ? ।।

૧૦૫. નાનો પણ તેજસ્વી હોય તો તેની અવહેલનાં યોગ્ય નથી. જેમ ક્યાં અંધારાથી ભરેલું ઘર અને ક્યાં એક નાનો દીવો ?

105. It is not right to disregard a small person if he is brilliant; just like a small lamp in a dark house is appreciated.

१०६. अरङ्गोऽपि विशुद्धात्मा, परेषां रञ्जयेन्मनः ।

नागवल्लीगतश्चूर्णः, श्वेतोऽपि मुखरङ्गकृत् ।।

૧૦૬. પોતાનામાં વિશુધ્ધિથી ભરેલો આત્મા બીજાનાં મનને આનંદિત કરે છે. જેમ નાગરવેલનું સફેદ ચૂર્ણ મુખને લાલ કરનારૂ થાય છે તેમ...

106. A purified soul makes others happy; just like the white powder of the Nagarvel betel leaves makes your mouth red.

१०७. रागी रागिणि नीरागो, नीरागे श्रियमश्नुते ।

ताम्बूलमास्ये रक्तौष्ठे, श्यामतारेऽम्बकेऽञ्जनम् ।।

૧૦૭. રાગી રાગવાળાને વિશે, નિરાગી વિરાગ વાળાને વિશે શોભાને પામે છે. જેમ પાનનું બીડુ મોઢામાં હોઠને લાલ કરનારૂ થાય છે અને કાજળ આંખની કીકી ને કાળુ કરે છે.

107. Each person is appreciated for his own talents; just like a betel leaf makes your lips red while the kohl makes your eyes black.

१०८. लभन्ते सुभटाः संपद्-भरं व्यङ्गितविग्रहाः ।

विद्धयोः कर्णयोरेव, यत्स्वर्णमपि(णि)कुण्डले ।।

૧૦૮. યુધ્ધમાં સુભટો ઘાયલ થયેલાં પણ સંપત્તિને પ્રાપ્ત કરે છે જેમ કાન વિંધાયે છતે કાનને સોનાનાં કુંડલની પ્રાપ્તિ થાય છે.

108. Even when a warrior is injured in a war, he still achieves some wealth as gift; just like ears when pierced still receive golden earrings as a gift.

१०९. गुणवद्गौरवं याति, दोषो ज्योतिष्मतां सखे ! ।

दृशां स्फारासु तारासु, श्यामिका शस्यते न कैः ? ।।

૧૦૯. હે મિત્ર! તેજસ્વીમાં રહેલાં દોષો ગુણની જેમ ગૌરવને પ્રાપ્ત કરે છે. જેમ તેજસ્વી આંખમાં રહેલી કાળી કીકી કોના વડે પ્રશંસા નથી કરાતી?

109. The vices in a brilliant person are still appreciated; just like the black pupil in brilliant eyes are appreciated.

११०. उत्तुङ्गेषु रुषं कुर्वन्, भवेत् स्वयमनर्थभाक् ।

शरभेण मृतिर्लेभे, कुपितेन घनोपरि? ।।

૧૧૦. મોટાને વિષે ગુસ્સો કરતો પોતે અનર્થને ભજે છે જેમ વાદળા (લોઢુ) ઉપર કોપ કરવા વડે અષ્ટાપદે (સિંહને હણનાર પશુ) મૃત્યુને પ્રાપ્ત કર્યું.

110. A person who gets angry with great people invites his own bad fortune; just like the animal Ashtapad invited death by getting angry with the clouds? (iron)

१११. क्वचित् पिधत्ते मन्दोऽपि, प्रभाभाजामपि प्रभाम् ।

न किं पिदधिरे धूम योनिना भानुभानवः ? ।।

૧૧૧. કોકવાર નાનો માણસ પણ તેજસ્વીનાં તેજ ને ઢાંકી દે છે. શું સૂર્યના કિરણોને વાદળાં ઢાંકતા નથી ?

111. A lower being sometimes shadows the brilliance of a great man; just like the rays of the sun are shadowed by the clouds.

१११. सखे ! श्रयति सौभाग्य मशुद्धेष्वेव रागवान् ।
सीमन्तिनीनां सीमन्ते, सिन्दूरं शुशुभे न किम् ? ।।

૧૧૨. હે મિત્ર! અશુધ્ધને વિષે પણ રાગવાળાને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. જેમ સ્ત્રીનાં માથામાં કાળા વાળમાં શું સિંદુર શોભતું નથી ?

112. Dear friend! Color will look good even in an impure thing ; just like vermilion looks good in the black hair of a woman.

११३. गुणे गतेऽपि केषाञ्चि न्न यशो याति जातुचित् ।
न किं मुण्डितमुण्डाऽपि, वधूः सीमन्तिनी मता ? ॥

૧૧૩. કેટલાક લોકોમાં ગુણ ન હોવા છતાં પણ એમનો યશ કાયમ રહે છે. શું મસ્તકે મુંડન કરેલી એવી સ્ત્રી સીમન્તીની નથી કહેવાતી?

113. Some people gain fame despite having no virtues; just like a bald woman is popular as Simantini.

११४. तुङ्गेष्वतुष्टस्तुच्छात्मा, नानर्थं कर्तुमीश्वरः ।
करोति शशकः किञ्चिद्, भूधरेषु विरोधवान् ?।।

૧૧૪. મહાપુરૂષોને વિશે અસંતોષી તુચ્છ લોકો તેમનું કાંઈ બગાડી શકતાં નથી. શું સસલો પહાડનો વિરોધ કરી શકે?

114. Dissatisfied, lower beings can do no harm to great men; can a mere rabbit harm a mountain?

११५. किं करोति पिता श्रीमान्, यद्यभाग्यभृतः सुतः ? ।
शङ्खो भिक्षामटन् दृष्टो, रत्नाकरभवोऽपि यत् ।।

૧૧૫. અભાગ્યશાળી એવા પુત્રને વિશે પૈસાદાર એવો પિતા પણ શું કરી શકે ? જેમ સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલો એવો પણ શંખ ભિક્ષા માટે રખડતો દેખાય છે.

115. A wealthy father cannot help a son who is unfortunate; just like a conch, even though from the deep sea, is found strewn on the shore.

११६. प्रस्तावे पाप्मनां पापाः, प्रजायन्ते प्रकाशिनः ।
द्योतन्ते खलु खद्योताः, तमिस्रे सति सर्वतः ।।

૧૧૬. અવસરે પાપીઓના પ્રસ્તાવમાં પાપ પ્રકાશિત થાય છે. ચારેબાજુ અંધારૂ ફેલાયે છતે આગીયાઓ ચમકવા માંડે છે.

116. When time comes, a sinner's sin also shines.
Or
Sinners become enlightened when sinners remorse; just like fireflies glow despite the darkness around.

११७. हृद्यहृद्योऽपि सर्वत्र, मान्यो मधुरवाग् भवेत् ।
वर्यस्तूर्येषु शङ्खोऽन्त श्चक्रोऽपि (वक्रोऽपि) शुभगीरिति ।।

૧૧૭. હર્ષિત હૃદયવાળા પણ જો મીઠી વાણી બોલનાર હોય તો બધાને માન્ય થાય છે. જેમ બધા વાજીંત્રોને વિષે શંખમાં ચક્ર હોવા છતાં (વાંકો હોવા છતાં) પણ શુભ સ્વર વાળો મનાય છે.

117. A person with sweet words is accepted by all; just like a conch shell, though circuitously bent, is considered most auspicious among all other musical instruments, due to its sweet sound.

११८. गुणा गौरवमायान्ति, तद्विदां पुरतः सखे ! ।
काम्यन्ते कोविदैरेव, काव्यानां कठिनोक्तयः ।।

૧૧૮. હે મિત્ર! જાણકારોને વિશે ગુણો ગૌરવને પામે છે. જેમ કાવ્યોની કઠિન પંક્તિઓ પંડિતોને મનોહર લાગે છે.

118. The virtues of an expert are respected; just like intelligent people enjoy the difficult verses of a poem.

१११. दूरतः परिगच्छन्ति, शुद्धात्मानस्तिरस्कृताः ।

पातिताः प्रतिकुर्वन्ति, नोद्गमं दशनाः खलु ।।

૧૧૯. **શુધ્ધાત્માઓ તિરસ્કાર કર્યે છતે દૂર જતાં રહે છે. જેમ પાડી નાંખેલા દાંત ફરી આવતાં નથી.**

119. When insulted, the pure souls go away; just like the teeth you remove purposely do not grow back.

१२०. प्रत्यर्थिनो हि हन्यन्ते, विना स्थानं महस्विभिः ।

स्वयमर्चिषि दीपस्य, पतङ्गा न पतन्ति किम् ? ।।

૧૨૦. **મહાપુરૂષો ધ્વારા વગર મહેનતે વિરોધીઓ હણાઈ જાય છે. જેમ દીવાની આગમાં શું પતંગીયા પોતાની મેળે નથી પડતાં ?**

120. Dissenters are defeated by great men without much effort; just like moths die themselves in the fire of the lamp.

१२१. भाविनोऽपि प्रयच्छन्ति, गुणा गौरवमङ्गिनाम् ।

गुणानां बीजमिति यत्, कर्पासो मूल्यमर्हति ।।

૧૨૧. **શરીરીઓને ભવિષ્યમાં થનારા ગુણો પણ ગૌરવને આપે છે. જેમ (દોરો) ગુણનાં બીજ કપાસ મૂલ્યને પામે છે. (દોરાનું બીજ કપાસ છે)**

121. Mortal beings gain prestige by virtues they attain in future; just like the origin of a thread is cotton.

१२२. अप्युषितः समं मूर्खैं, र्वाग्मी नोज्झति वाग्मिताम् ।

काकपाकान्तिकस्थोऽपि, कलकण्ठः कलध्वनिः ।।

૧૨૨. **મૂર્ખોની સાથે વસવા છતાં પણ બુધ્ધિશાળીઓની બુધ્ધિ દૂર જતી નથી. જેમ કાગડાની સાથે રહેવા છતાં પણ કોયલનો સ્વર મીઠો હોય છે.**

122. Intelligent people do not lose their brilliance despite the acquaintance of stupid people; just like a cuckoo still sounds melodious despite living among crows.

१२३. सेवा स्वार्थाय नीचाना मुच्चैरौचित्यमञ्चति ।

वपुःपुष्टीकृते बाल्ये, द्विकसेवी न किं पिकः ? ।।

૧૨૩. **ઉત્તમ વ્યક્તિઓ દ્વારા સ્વાર્થ માટે નીચ વ્યક્તિઓની પણ સેવા અને સન્માન કરવામાં આવે છે. શું બચપનમાં શરીરની પુષ્ટિ માટે કોયલ કાગડાની સેવા નથી કરતી ?**

123. Sometimes even great people praise and serve the lowly people for their own selfish reasons; just like a cuckoo serves a crow when it is small for nutrition.

१२४. न विमुञ्चति वृद्धोऽपि, पैशुन्यं पिशुनः खलु ।

अश्नात्येव पुरीषं यत्, प्रवया अपि वायसः ।।

૧૨૪. **ઘરડો માણસ પણ ચાડી–ચુગલી છોડતો નથી. જેમ ઘરડો પણ કાગડો પુરૂષનો મળ ખાઈ જાય છે.**

124. People do not give up gossiping even in old age; an old crow still feeds on human excreta.

१२५. नाऽमानमानमाप्नोति, वसञ्च श्वशुरवेश्मनि ।

इन्द्रायादात्सुधामब्धिर्जामात्रे वाऽच्युताय न ।।

૧૨૫. **સસરાનાં ઘરમાં રહેવાથી યોગ્ય માનને પ્રાપ્ત કરતો નથી. જેમ સમુદ્રએ અમૃત ઈન્દ્રને આપ્યુ પણ પોતાનાં જમાઈ વિષ્ણુને ન આપ્યું.**

125. A man does not gain respect when he stays with his father-in-law. The ocean gave Amrut – nectar to Indra and not his son-in-law Vishnu.

१२६. सखे ! वित्तवतां प्रायो, दुर्मोचो नीचसंस्तवः ।

पद्मं मधुपसंपर्कं, श्रीवेश्माऽपि जहौ न यत् ।।

૧૨૬. હે મિત્ર! ધનવાનને પણ લગભગ હલકાની મિત્રતા છુટી શકતી નથી જેમ લક્ષ્મીના ઘરમાં હોવા છતાં પણ કમળ ભમરાને છોડતો નથી.

126. A rich man is almost unable to give up the friendship of lowly beings. A lotus is not able to give up its love for a bumblebee despite having Lakshmi, the goddess of wealth, by its side.

१२७. विस्तारं व्रजति स्नेहः, स्वल्पोऽपि स्वच्छचेतसि ।

व्यानशे तैललेशोऽपि, सरः सर्वमपि क्षणात् ।।

૧૨૭. નિર્મળ સરળ મનવાળા મહાપુરૂષોના હૃદયમાં બીજા માટે ચોક્કસપણે થોડો પણ પ્રેમ ક્રમશઃ વિસ્તારને પામે છે. જેમ, તેલનું ટીપું સંપૂર્ણ તળાવમાં ક્ષણવારમાં વ્યાપી જાય છે.

127. Even a little love in the heart of good, genuine people increases with time; just like a drop of oil in a pond spreads all over in some time.

१२८. निर्मलानां सुवृत्तानां, सङ्गः प्रोच्चैःपदप्रदः ।

मौक्तिकैर्मिलिताः स्त्रीणां, हृदि तिष्ठन्ति तन्तवः ।।

૧૨૮. નિર્મળ ચારિત્ર્યવાળાનો સંગ ઊંચા પદને આપનારો થાય છે. જેમ મુક્તામણિ સાથે મળેલો દોરો સ્ત્રીઓનાં હૃદય પર બિરાજમાન થાય છે.

128. Having acquaintance with a genuine person leads to good fortune; just like a thread gets to adorn a woman's neck along with the pearls.

१२९. तदेव दत्ते दाताऽपि, यद्भाले लिखितं भवेत् ।

त्रिपत्र्येव पलाशेऽभूद, वर्षत्यपि पयोधरे ।।

૧૨૯. દાતાનાં આપવા છતાં નસીબમાં હોય તે જ મળે છે. વાદળોના વરસવા છતાં પલાસના વૃક્ષને ત્રણ જ પાંદડાં હોય છે.

129. Only the fortunate ones gain anything even though God gives a lot; just like the tree of Palash only has three leaves even though the rain falls equally on all trees.

१३०. हित्वा बलं कुलं शीलं, पक्ष्मलक्ष्मीमुपास्महे ।

फलं तरूस्थं सत्पक्षः, काकोऽत्ति न च केशरी ।।

૧૩૦. બળ, કૂળ અને શીલને છોડીને અમે પાંખની સહાયની તાકાતની ઉપાસના કરી છીએ. કેમકે ઝાડ પર રહેલું ફળ કાગડો ખાઈ શકે છે, સિંહ નહીં.

130. We worship the help of the power of wings more then physical strength, descent and modesty. A crow can eat the fruits hanging from a tree but the line cannot.

१३१. वित्तं विनोपद्रवाय, स्वमित्रमपि जायते ।

नीरं विना विनाशाय, न किं सूरः सरोरुहाम् ? ।।

૧૩૧. ધનના અભાવે પોતાનો મિત્ર પણ ઉપદ્રવને માટે થાય છે. શું પાણીના અભાવે સૂર્ય કમળના નાશ માટે થતો નથી?

131. Even friends bring unrest when one does not have wealth; just like the sun's rays destroy a lotus when there is lack of water.

१३२. सहाये सति सोत्कर्षा, शक्तिस्तेजस्विनामपि ।

यदग्नेर्दीप्यते दीप्तिर्जवने पवने सति ? ।।

૧૩૨. તેજસ્વી લોકોની પણ શક્તિ મદદ મળ્યે છતે તેમનાં ઉત્કર્ષ માટે થાય છે. જેમ જોરદાર પવન વાયે છતે શું આગનું તેજ પ્રજ્વલિત થતું નથી ?

132. The strength of luminous people is used for a good cause despite taking help from others; just like fires burn brighter with strong winds.

१३३. यत्रास्ते ननु तेजस्वी, स्थानं तदपि मान्यते ।

अरणौ काष्ठमात्रेऽपि, लोकानां किमु नादरः ?।।

૧૩૩. જ્યાં તેજસ્વી રહે છે તે સ્થાન પણ લોકોમાં આદર કરાય છે. શું (અગ્નીના સ્થાન) અરણીનાં લાકડામાં પણ લોકોને આદર નથી હોતો ?

133. A place where a luminous person lives is respected by all; just like the shami / khejri wood used for fire is respected by all.

१३४. तुच्छात्मोज्झति द्दढतां, सद्यः सङ्गे प्रभाभृताम् ।

लाक्षा साक्षाज्जलं जज्ञे, संपर्केण हविर्भुजः ? ।।

૧૩૪. તેજસ્વીઓનો સંગ થયે છતે તરત જ હલકાં આત્માઓ પોતાની જડતાને છોડી દે છે. જેમ આગનાં સંપર્કથી લાખ તરત જ પાણી બની જાય છે. પોતાનું કઠણપણુ છોડી દે છે.

134. Lowly beings give up their stubbornness when they come in contact with brilliant people; just like lac sheds water when it comes in contact with fire.

१३५. निःशक्तयोऽपि संयुक्ता, भवन्ति बलहेतवः ।

गुडकाष्ठपयोयोगे, मद्यशक्तिर्महीयसी ! ।।

૧૩૫. અશક્તો પણ સંયુક્ત થવાથી બળવાન થાય છે. જેમ ગોળ, લાકડા અને પાણી (દૂધ) ભેગું કરવાથી ભયંકર નશો ઉત્પન્ન થાય છે.

135. Weak people become strong when they unite; just like when jaggery, milk and wood are mixed, leads to strong intoxication.

१३६. किं करोति कठोरोऽपि, सङ्गते महसां निधौ ? ।

गाहयामास लोहोऽपि, द्रवतां मिलितेऽनले ।।

૧૩૬. કઠોર માણસ પણ મહાપુરૂષોનાં સંગત થી શું કરે? જેમ અત્યંત કડક લોખંડ એવું પણ આગની સાથે મળવાથી પ્રવાહીપણાને પામે છે.

136. Cruel people give up their sternness upon contact with great men; just like stiff iron takes the shape of liquid upon contact with fire.

१३७. तेजस्तिष्ठतु सङ्गोऽपि, तद्वतां बीजमर्चिषाम् ।

पश्य पावकसंयोगा ज्जलमप्यतिदाहकृत् ।।

૧૩૭. આગનાં સંગથી બીજ પણ તેજવાળું થાય છે. પછી બીજાની ક્યાં વાત કરવી. જુઓ આગનાં સંયોગથી પાણી પણ અત્યંત બાળનારૂ (દઝાડનારૂ) બને છે.

137. A seed becomes luminous upon contact with fire. When water is boiled with fire, it can scald the skin.

१३८. गता यत्राऽपि तत्रापि, वाग्मिनो विश्ववल्लभाः ।श्च

पुरग्रामवनोद्याने, कोकिलाः श्रुतिशर्मदाः ।।

૧૩૮. પંડિતો જ્યાં પણ જાય ત્યાં વિશ્વમાં પ્રિય બને છે. જેમ ગામ, નગર કે બગીચામાં કે જંગલમાં કોયલનો અવાજ કાનને સુખ આપનારો થાય છે.

138. Learned people become popular wherever they go. The sound of a cuckoo is appreciated anywhere from jungle to a village or a city.

१३९. सति स्वामिनि दासानां, तेजो भवति नाधिकम् ।

निर्भानि भानि जायन्तु, ऽत्युदिते रजनीकरे ।।

૧૩૯. સ્વામિની હાજરીમાં નોકરોનુ ંતેજ વધતું નથી. જેમ ચંદ્ર ઊગે ત્યારે નક્ષત્રો કાંતિ વગરનાં થાય છે.

139. Servants are overshadowed in the presence of their master; just like other planets are overshasowed in the presence of the moon.

१४०. दैवमेव प्रपन्नानां, पुंसामाशा फलेग्रहिः ।

अपिबद्भिर्भुवस्तोयं, चातकैस्तुतुषेऽम्बुदात् ।।

૧૪૦. નસીબને સ્વીકારનારા એવા પુરૂષોની આશા સફળ થાય છે. જેમ જમીન ઉપર પડેલું પાણી નહીં પીતા એવા ચાતકોને વાદળાનાં પાણીથી સંતોષ થાય છે.

140. People who accept their destiny willingly get to fulfil their hopes; just like the Chatak bird (pied crested cuckoo) accepts the water from the rain and not from the ground.

१४१. लभ्यते लघुता सद्भिः, परपार्श्वमुपस्थितैः ।

सनक्षत्रा ग्रहाः सर्वे ऽस्तं गताः सूर्यपार्श्वगाः ।।

૧૪૧. મહાપુરૂષોની ઉપસ્થિતીમાં બીજા લોકો લઘુતાને પ્રાપ્ત કરે છે. જેમ નક્ષત્રો સહિતનાં બધા ગ્રહો સૂર્ય પાસે ગયેલાં નિષ્તેજ થાય છે.

141. Ordinary men may feel low in the presence of great people; just like planets appear dull in the presence of the sun.

१४२. पदं पराभवानां स्यात्, पुमांस्तेजोभिरुज्झितः ।

पदप्रहारैर्न घ्नन्ति, किं निर्वाणं हुताशनम् ? ।।

૧૪૨. જ્યારે પુરૂષોનું તેજ ખલાસ થઈ જાય છે, ત્યારે તેઓ પરાભવનાં સ્થાનને પામે છે. શું પગનાં પ્રહાર વડે આગ બુઝાતી નથી ?

142. When men lose their luminosity, they feel defeated; just like fire is doused with stomping feet.

१४३. दोषे तुल्याऽवकाशेपि, गुणी मान्यो न चेतरः ।

छिद्रे सत्यपि हारोऽस्थात्, कुचयोर्न च नूपुरम् ।।

૧૪૩. સમાનદોષ હોવાની સંભાવના હોવા છતાં પણ જે ગુણવાન છે તેનું બહુમાન કરાય છે. બીજાનુ નહીં. જેમ મોતીમાં કાંણું હોવા છતાં પણ સ્તન ઉપર (મોતીનો) હાર રખાય છે પણ ઝાંઝર નહીં.

143. Virtuous people are respected despite the possibility of some shortcomings; despite having holes, a pearl necklace gets placed on the chest, and not an anklet.

१४४. तुच्छात्माऽपि पराभूतः, सद्यः स्यादभिभूतये ।

फूत्कृतेन हतं भस्म, स्वमयं कुरुते मुखम् ।।

૧૪૪. હલકાં માણસને હરાવવામાં આવે (પરાભવ) થાય તો પણ તે તરત આપણાં નુકશાન માટે થાય છે. જેમ રાખને ફુંક મારવામાં આવે તો મોંઢાંને જ રાખવાળું કરે.

144. Defeating a wicked person might still be damaging to us; just like blowing on ash will make our face dirty.

१४५. स्वं विनाश्याऽपि तुच्छात्मा, भवेदन्यविनाशकृत् ।

पावके पतितं पाथः, स्वस्य तस्य च हानये ।।

૧૪૫. પોતાનો નાશ કરીને હલકા આત્મા બીજાનો નાશ કરનારા થાય છે. જેમ આગમાં પડેલું પાણી પોતાનાં અને આગનાં બન્નેનાં નુકશાન માટે થાય છે.

145. Wicked people harm others even if they have to harm themselves for that; just like water poured on fire is damaging to both the water and the fire.

१४६. हीनानां वृद्धिरल्पाऽपि, नार्हा तेजोजुषामपि ।

भस्मानं भारितो वह्नि, रसन्निव निरूप्यते ।।

૧૪૬. હીન વ્યક્તિઓના તેજની અલ્પવૃધ્ધિ પણ પ્રશંસાને યોગ્ય નથી, જેમ રાખ વડે ઢંકાયેલો અગ્નિ નથી એવો નિશ્ચય કારાવે છે.

146. With a little bit of progress, a lowly person cannot be called brilliant; just as simmering ashes cannot be called fire.

१४७. विशेषाज्जडसंसर्गः, साक्षराणामनर्थकृत् ।

समर्थयन्त्यर्थमेनं, यल्लेखा लिखिताऽक्षराः ।।

૧૪૭. ખાસ કરીને મૂર્ખાઓનો સંપર્ક વિદ્વાનોને અનર્થ કરનારો છે. આ વાતનું સમર્થન (શિલાલેખની) પંક્તિમાં લખેલા અક્ષરોથી થાય છે.

147. The company of idiots is detrimental to learned people. This fact has been etched on stone.

१४८. नाप्नुवन्त्यबुधास्तत्त्वं, विद्वत्सु मिलितेष्वपि ।

किमन्धा मुखमीक्षन्ते, कृतेऽपि मुकुरे करे ? ।।

૧૪૮. ગમે તેટલાં વિદ્વાનોને મળે તો પણ મૂર્ખાઓને કોઈપણ તત્ત્વોની પ્રાપ્તી થતી નથી. શું આંધળાઓ હાથમાં દર્પણ લે તો પોતાનું મોઢું જોઈ શકે ખરા ?

148. Foolish people cannot gain anything despite acquaintance with brilliant people. What use is a mirror to a blind person?

१४९. परात् प्राप्तप्रतापानां, बलाधिक्यं कियच्चिरम् ।

दिवैवोष्णत्वमुष्णांशु तप्तानां रजसामभूत् ।।

૧૪૯. બીજા પાસેથી પ્રાપ્ત થયેલાં તેજ વાળાનું બળ ક્યાં સુધી ટકે જેમ સવારનાં સૂર્યની ગરમીથી તપેલી રેતી ની ગરમી ક્યાં સુધી ટકે.

149. One cannot survive long on the luminosity gained from others; sand heated by the sun during the day, cannot remain hot for long.

१५०. महान्तो मिलिताः सन्तो, यच्छन्त्याधिक्यमात्मनः ।

शुक्ति(:) संयुक्तितो मुक्ता फलत्वं जलमापयत् ॥

૧૫૦. મહાન પુરૂષો મળવાવાળાને પોતાથી વિશેષપણું – વધારે આપી દે છે (સ્વાતિ નક્ષત્રમાં) છીપના મુખમાં પડતા પાણીને જલ મોતી બનાવે છે.

150. Great men give away more than they have to others; just like when water goes into the mouth of a shell, it turns it into a pearl.

१५१. स्वच्छात्मनि सङ्गतेऽपि, श्यामात्मा यात्यनिर्वृतिम् ।

कर्पूरेऽन्तर्निहितेऽपि, दृगश्रूणि विमुञ्चति ।।

૧૫૧. સ્વચ્છ આત્માની સંગત હોવા છતાં કલુષિત આત્મા દુઃખી થાય છે. જેમ કપૂર આંખમાં નાખતા આંખો આંસુ છોડે છે.

151. Wicked souls remain unhappy despite acquaintance with pure souls; just like eyes start watering when they come in contact with camphor.

१५२. नैवास्थानस्थितं वस्तु, वस्तुतः श्रियमश्नुते ।

महार्ध्यमपि काश्मीरं, रोचते न विलोचने ।।

૧૫૨. અસ્થાનમાં રહેલી વસ્તુ શોભાને પ્રાપ્ત કરતી નથી. જેમ કિંમતી એવું પણ કેસર આંખ વગરનાને રૂચતું નથી.

152. A thing lying in a wrong place cannot be appreciated; just like a blind person cannot appreciate expensive saffron.

१५३. शुद्धात्मा दुःखदाताऽपि, भवेदायतिशर्मदः ।

बाष्पपातेऽपि कर्पूरा- च्छैत्यं तदनु चक्षुषोः ।।

૧૫૩. શુધ્ધ આત્મા દુઃખ આપે તો પણ ભવિષ્યમાં સુખ આપનારૂં થાય છે. જેમ કપૂરથી શરૂઆતમાં આંખમાંથી ટીપા પડે છતાં પણ પાછળથી આંખને ઠંડક આપે છે.

153. When genuine people hurt others, it still leads to happiness in the future; just like camphor can make eyes water initially, but cools the eyes later.

१५४. दुर्मुखानां गुणप्राप्ति र्दुःखाय जगतामपि ।

छिद्राऽन्वेषी परप्राणान्, हन्ति बाणो हि तादृशः ।।

૧૫૪. દુષ્ટ વ્યક્તિઓની ગુણ પ્રાપ્તિ પણ સંસાર માટે દુઃખદ હોય છે. છિદ્રોને લક્ષ્ય બનાવનાર બાણ, હકીકતમાં બીજાના પ્રાણનો નાશ કરે છે. (શત્રુ ક્યાં ચૂકશે, એનું છિદ્ર જોઈને ધનુર્ધારી તીર છોડે...)

154 . Even when evil people attain some virtues, it is not good for the society; just like an arrow aimed at an enemy still takes away a life.

१५५. अन्तःशिष्टा अपि मुखे, दुष्टा अप्रीतिकारिणः ।

दुष्टाः किं नाऽहयस्तुण्डे, सविषे निर्विषा हृदि ? ।।

૧૫૫. અંદરથી સજ્જન હોવા છતાં પણ મોઢેથી ખરાબ બોલનારા અપ્રિતી કરનારાં છે. હૃદયથી નિર્વિષ હોવા છતાં પણ સાપ મૂળથી સવિષ હોવાથી દુષ્ટ છે તેવું શું નથી મનાતું ?

155 People with noble soul become unpopular when they speak evil , just as snakes though not poisonous at heart their mouths are poisonous, so are considered evil.

१५६. दोषः स्तोकोऽपि नीचानां, जगदुद्वेगकारणम् ।

वृश्चिकानां विषं दुष्टमपि पुच्छाऽग्रगं विषम् ।।

૧૫૬. નીચ પુરૂષોનો નાનો પણ દોષ જગતને ઉદ્‌વેગનું કારણ છે. જેમ વીંછી ને વિષે ખરાબ એવું પણ ઝેર પૂંછડીના આગળના ભાગમાં હોવા છતાં પણ હાનિકારક (મનાય છે).

156. Even a small vice in wicked people leads to distress in the world; just like the whole scorpion is considered poisonous despite having poison only at the tip of its tail.

१५७. सदुक्तिरपि दोषाय, कदाग्रहजुषां सखे ! ।

संनिपातवतां सर्पि, ष्पानं तद्वृद्धये न किम् ? ।।

૧૫૭. હે મિત્ર ! કદાગ્રહથી યુક્ત મનુષ્યોને સારૂ કહેવામાં પણ દોષ છે. જેમ સંનીપાત રોગવાળા મનુષ્યોને ઘી પીવડાવવામાં તે રોગની શું વૃધ્ધિ નથી ?

157. Good words are of no use to a person with arrogance; just like giving ghee to a delirious person only worsens his condition.

१५८. भवन्ति सुमनः सङ्गा, दपि क्षुद्रास्तदन्तिनः ।

यत्तिला मिलिताः पुष्पै, र्बभूवुस्तन्मय इव ।।

૧૫૮. ફૂલ નાં સંગથી તુચ્છ એવા દોરા પણ ફુલ જેવાં થઈ જાય છે. જેમ પુષ્પો સાથે ભળેલાં તલ પુષ્પ જેવા સુગંધિત થઈ જાય છે.

158. A lowly piece of thread becomes dignified in contact with flowers; just like sesame seeds mixed with flowers become fragrant like flowers.

१५९. वाचोऽपि जडतः प्रादु र्भूताः सन्तापहेतवे ।

जाता जीमूततो विद्यु न्न स्यात् किं दाहदायिनी ? ।।

૧૫૯. મૂર્ખનાં મોઢેથી નિકળેલી વાણી પણ સંતાપ નું કારણ બને છે. શું વાદળમાંથી ઉત્પન્ન થયેલી વિજળી દાહ નથી આપતી ?

159. Words from a stupid person can lead to much distress; just like high voltage electricity caused in the clouds by lightening, can give burns.

१६०. क्षुद्रात्मानोऽन्तरागत्य, सृजन्ति महतां क्षितिम् ।

मशकाः करिकर्णान्तः, प्रविश्य घ्नन्ति तं न किम् ? ।।

૧૬૦. હલકા આત્માઓ અંદર આવીને મહાપુરૂષોને મોટું નુકશાન કરે છે. શું મચ્છરો હાથીનાં કાનમાં પ્રવેશ કરીને તેમને નથી મારતાં ?

160. Wicked souls bring damage to great beings; just like a small mosquito harms an elephant by entering its ears.

१६१. स्यादपि स्वल्पसत्त्वानां, भूयसी भीर्महात्मनाम् ।

मशका यान्तु मा श्रुत्यो र्भियेतीभश्चलश्रवाः ।।

૧૬૧. ક્યારેક હલકા માણસોથી મહાપુરૂષોને મોટો ભય થાય છે. જે કારણથી મચ્છરો હાથીના કાનમાં ન જાય તે ભયથી હાથી પોતાનાં કાન હલાવ્યા કરે છે.

161. Even great men sometimes fear the wicked people; an elephant keeps swatting its ears due to the fear that some mosquito might enter them.

१६२. महान् सद्यः समुत्पन्नो ऽप्युपकाराय भूयसे ।

व्यजनोद्धूतोऽपि वातः, शैत्यं धत्ते न किं द्रुतम् ? ॥

૧૬૨. મહાપુરૂષ આજે જ ઉત્પન્ન થયો હોય તો પણ ઘણાં ઉપકાર માટે થાય છે. જેમ પંખાથી ઉત્પન્ન થયેલો વાયુ શું તરત શીતલતા ને ધારણ નથી કરતો ?

162. A great man, even if just born, is a blessing to the world; just like breeze from a fan gives instant cooling.

१६३. महस्विनोऽप्यवश्यं स्यात्, तुच्छात्माऽनर्थकारणम् ।

तृणलेशेऽन्तःपतिते, बाष्पपातो न किं दृशोः ? ।।

૧૬૩. મહાપુરૂષોને પણ હલકા આત્માઓ ચોક્કસ અનર્થનાં કારણ રૂપ છે. શું આંખમાં પડેલું તણખલું આંખમાંથી પાણી નથી પડાવતું?

163. Vile people cause much damage to great men; just like a speck in the eye makes it water.

१६४. महात्मनां विपत्तौ स्या दुत्साहः श्यामलात्मनाम् ।

किमस्तसमये भानोर्न च्छाया वृद्धिभागभूत् ? ।।

૧૬૪. મહાપુરૂષોની વિપત્તિમાં દુર્જનોને ઉત્સાહ હોય છે, શું સૂર્યાસ્તના સમયમાં સૂર્યની છાયા વધતી નથી ?

164. When great people face downfall, the evil people feel happy. Does the setting sun not cause longer shadows?

१६५. श्यामात्मानः समायान्ति, न्यत्कृता अपि सत्वरम् ।

झटित्येव यदुद्यान्ति, मुण्डिता अपि मूर्धजाः ।।

૧૬૫. પાપી આત્માઓ તિરસ્કાર કરાયેલ છતાં પણ જલ્દી પાછા આવે છે. જેમ મુંડન કરાવ્યા છતાં પણ માથાના વાળ જલ્દી ઉગે છે.

165. Sinners, even if insulted, come back near soon; just like the hair grows back soon after getting the head shaved.

१६६. महानास्तां तदभ्यर्ण भाजोऽपि दृग्गरीयसी ।

कुञ्जराः कीटिकाकल्पाः, शैलमूर्धनि तस्थुषाम् ।।

૧૬૬. મોટાઓની વાત તો છોડો પણ તેમની નજીકમાં રહેનારાની પણ દૃષ્ટિ મોટી થાય છે. જેમ પહાડ ઉપર રહેલાં હાથીઓ (દૂરથી) કીડી જેવા દેખાય છે.

166. People acquainted with great men become wiser; just like elephants too on top of a mountain look like ants.

१६७. लघोस्तेजस्विताऽपि स्या न्महतोऽपि लघुत्वकृत् ।

संक्रान्तो मुकुरक्रोडे, भूधरः कर्करायते ।।

૧૬૭. નાનાની તેજસ્વીતા પણ મોટાને નાની કરનારી થાય છે. જેમ દર્પણમાં પ્રતિબિંબિત થયેલો પર્વત નાના કાંકરા જેવો દેખાય છે.

167. Brilliance in a lowly person belittles even great beings; just like the reflection of a mountain in a mirror appears to be a small stone.

१६८. लघीयसां गतिर्यत्र, न तत्र महतां गतिः ।

पिपीलिकानामारोहो, यद् गजानामगोचरः ।।

૧૬૮. જ્યાં નાના ની ગતિ હોય છે ત્યાં મોટાની ગતિ નથી. જેમ જ્યાં કીડીઓ ચઢી જાય છે ત્યાં હાથી નથી ચઢી શકતાં.

168. What lower beings can achieve, great men cannot; like elephants cannot climb where ants can.
OR
Where lower beings go, there great men do not; just like where the ants go, elephants do not.

१६९. संग्रहः श्रियमिच्छद्भिः, कर्त्तव्योऽपि लघीयसाम् ।

संगृहीतं दृशोरासीत्, कज्जलं किं न कान्तये ? ।।

૧૬૯. શોભાની ઈચ્છાવાળાઓએ નાના નો પણ સંગ્રહ કરવો જોઈએ. શું આંખમાં સંગ્રહ કરાયેલું કાજળ તેજસ્વીતાને નથી આપતું?

169. Those who want to earn prestige should keep lowly beings by their side; does kohl in the eyes not make them brighter ?

१७०. सत्कृतोऽपि त्यजत्येव, न खलः खलतां खलु ।

कटुतां नाऽत्यजन्निम्बः, पायितः ससितं पयः ।।

૧૭૦. સત્કાર કરાયેલાં પણ દુર્જનો દુર્જનતા છોડતા નથી. જેમ લીમડાને સાકરવાળુ દૂધ પીવડાવાય તો પણ કડવાશને છોડતું નથી.

170. Vile people do not give up their vileness even when appreciated; just like the Neem tree does not give up bitterness even when watered with sweet milk.

१७१. वंश्येषु विनयिष्वेवाऽधिरोहन्ति गुणाः सखे ! ।

नतिमत्येव कोदण्डे, दृष्टं यद् गुणगौरवम् ।।

૧૭૧. હે મિત્ર! કુળવાન વિનયવાન ને વિશે ગુણો ઉપર ચઢે છે. જેમ નમેલાં ધનુષ્યને વિશે જ દોરો ચઢાવતાં જોવાય છે.

171. Virtues look better on a humble person; like a bow has to bend to be for the thread to attain glory.

१७२. वासस्थानविनाशाय, भवन्ति सुकृतीतराः ।

काष्ठकीटा न किं दृष्टा, ईदृग्दुष्टविचेष्टिताः ? ।।

૧૭૨. પાપીઓ પોતાનાં સ્થાનનાં વિનાશ માટે થાય છે. લાકડાનાં કીડા શું દુષ્ટ ચેષ્ટાવાળા નથી જોવાયાં?

172. A sinner destroys his own place; just like treebugs which destroy the very trees in which they live.

१७३. पतितस्य निजस्याऽपि, न सङ्गो गुणिनां मतः ।

यत्संस्तुतावपि त्यक्तौ, हारेण युवतीकुचौ ।।

૧૭૩. ગુણવાનો માટે પોતાના પતિત, (દુરાચારી) સ્વજનોનો સંપર્ક પણ સારો નથી હોતો જેથી યુવાન સ્ત્રીના સ્તનની શોભા વધારવાના હેતુથી ધારણ કરેલો હાર તેણીના સ્તનને છોડી દે છે–અવ્યવસ્થિત કરી નાંખે છે.

173 Contact of evil relatives is not good for virtuous people, just as necklaces adorned to beautify breast by a young lady leaves the breast un manageable.

१७४. एकेन बहुदोषोऽपि, गुणेन बलिना प्रियः ।

हारः सच्छिद्रमुक्ताढ्यो, मान्यो नैकगुणोऽपि किम् ? ॥

૧૭૪. **એકપણ બળવાન ગુણ હોય તો ઘણાં દોષવાળો પણ તે પ્રિય લાગે છે. શું કાણાથી યુક્ત એવા મોતીયોથી યુક્ત એવો પણ હાર શું એક દોરાથી ગુંથાયેલો માન્ય નથી ?**

174. A strong person with virtues is dear to all despite having a few drawbacks. Pearls are admired even if they have a hole in them, as they become a necklace.

१७५. लघूनपि गुरूकुर्युः, स्वमहोभिर्महस्विनः ।

पश्य दीपप्रभादीप्तं, लघु रूपं महत्तरम् ? ।।

૧૭૫. **મહાપુરૂષો પોતાનાં તેજ થી નાના ને પણ મહાન બનાવે છે. જુઓ દીવાની પ્રભાથી પ્રકાશનું નાનુ પણ રૂપ મોટુ દેખાય છે.**

175. Great men make the small also big with their brilliance; just like a little light from a lamp appears big.

१७६. सेवा तिष्ठतु शिष्टाना मपि दर्शनमर्थकृत् । न स्यात्

संपत्तये केषां, प्रेक्षणं चाषपक्षिणाम् ? ।।

૧૭૬. **સજ્જનોની સેવા તો દૂર રહો પણ દર્શન પણ અર્થકારી છે. શું ચાસ પક્ષીઓનું દર્શન કોની સંપત્તિ માટે નથી થતું ?**

176. Let alone serving, even observing virtuous people is meaningful. Doesn't spotting a White Breasted Kingfisher lead to good fortune.

१७७. अचेतनोऽप्यपुण्यात्मा, सेवितोऽनर्थसार्थकृत् ।

न च्छायाऽप्युपविष्टानां, किं कलेः कलिकारिणी ॥

૧૭૭. **પાપી વ્યક્તિ, અજ્ઞાની હોવા છતાં પણ અનર્થોનું મૂળ કારણ બને છે. શું બેડાનાં ઝાડની છાયા તેમાં બેઠેલા વ્યક્તિઓના ઝઘડાનું કારણ નથી બનતી ?**

177. Sinners, despite their ignorance, become the cause of destruction. Is the shade of the Beda tree not responsible for the quarrel of the people sitting beneath it ?

१७८. यत्र तत्र समेतः स्याद पुण्यः पदमापदाम् ।

प्राप्तो वहति पानीयं, यत्र तत्राऽपि कासरः ।।

૧૭૮. **પુણ્ય વગરનો જ્યાં પણ જાય ત્યાં આપત્તિને પ્રાપ્ત કરે છે. પાડો જ્યાં પણ જાય ત્યાં પાણીનો ભાર વહન કરવો પડે છે.**

178. Those with bad fortune always encounter trouble. Buffaloes will find only muddy water where they go.

१७९. अचेतनोऽपि धन्यात्मा, सेवितः संपदे सखे ! ।

चिन्तामणिः किमश्माऽपि, न सूते श्रियमीप्सिताम् ? ॥

૧૭૯. **હે મિત્ર ! અજ્ઞાની છતાં પુણ્યશાળી, સેવાયેલો સંપત્તિ માટે થાય છે શું ચિંતામણી રત્ન, પત્થર હોવા છતાં ઈચ્છિત લક્ષ્મીને નથી આપતો ?**

179. O! friend, when one associates with a divine soul, even if ignorant, it brings good luck. Doesn't the Chintamani gem, despite being a rock, give us desired wealth?

१८०. अयच्छन्तोऽपि संपत्तिं, प्रीतये विपुलाशयाः ।
अददानोऽपि विद्युत्त्वा न्न मुदे किं कलापिनाम् ? ।।

૧૮૦. વિશાળ આશયવાળા કોઈપણ સંપત્તિ ન આપતાં હોવા છતાં પણ સ્નેહ ને માટે થાય છે. શું વિજળી મોર ને કાંઈપણ ના આપવા છતાં પણ આનંદ માટે નથી થતી ?

180. Those with compassion are adored even if they cannot help financially; just like lightening brings joy to a peacock even if it can't give the bird anything else.

१८१. वित्तवत्स्वेव जायेत, नृणां प्रीतिर्महत्स्वपि ।
हर्षः सप्रतिमेष्वेव,चैत्येष्वप्रतिमेष्वपि ।।

૧૮૧. મોટા માણસો પણ પૈસાદાર હોય તો જ લોકોને તેઓ ગમે. અપ્રતિમ (અનુપમ) ચૈત્ય પણ પ્રતિમા સહિત હોય તો જ, જોઈને હર્ષ થાય છે.

181. Great men are respected only if they are wealthy; just like a temple with an idol in it brings joy.

१८२. सदसतोरीक्षितयोः, सौहृदं सति संभवेत् ।
घृते भवति वाल्लभ्यं, जग्धयोर्घृततैलयोः ।।

૧૮૨. સારો કે ખરાબ પણ જો મિત્ર દેખાય તો પ્રેમ ઉત્પન્ન થાય છે. જેમ ઘી અને તેલ બે ખાધા હોય તેમાં ઘી પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે અથવા બન્ને ખવાય છતાં પ્રેમ તો ઘી પ્રત્યે ઉત્પન્ન થાય છે.

182. One feels love towards a friend, whether he is a good person or bad. When one eats both ghee and oil, one loves ghee more.

१८३. सृजन्ति विशदात्मानो, विवेकं वस्त्ववस्तुनोः ।
मराला एव कुर्वन्ति, निर्णयं क्षीरनीरयोः ।।

૧૮૩. બુધ્ધિમાન માણસો વસ્તુ અને અવસ્તુનો વિવેક કરે છે. કેમ કે હકિકતમાં દૂધ અને પાણીનો નિર્ણય તો હંસ જ કરે છે.

183. Intelligent people can differentiate between good and bad things; just like a swan can differentiate between milk and water.

१८४. आपत्प्राप्तोऽपि तेजस्वी, परस्मा उपकारकृत् ।
किमस्तं व्रजता न्यस्तं, न दीपेंऽशुमता महः ।।

૧૮૪. આપત્તિમાં પણ તેજસ્વી પુરૂષ બીજાનો ઉપકાર કરે છે. શું સૂર્ય અસ્ત પામતો હોય ત્યારે દીવાને પ્રકાશિત નથી કરતો ?

184. Brilliant people help others even when they themselves are in trouble. Doesn't the setting sun make the lamp appear brighter ?

१८५. सुखयन्ति जगद् वाग्भि, र्लघीयांसोऽपि वाग्मिनः ।
किं न लघ्व्योऽपि गोस्तन्यो, रसैर्विश्वसुखावहाः ? ।।

૧૮૫. વાણી વડે નાનો પણ જગત ને સુખ આપે છે. શું ગાયના નાના આંચળમાંથી પણ આખા વિશ્વને સુખ આપનારો એવો રસ નથી વહેતો ? અથવા (નાની પણ દ્રાક્ષ બધાને તૃપ્ત નથી કરતી ?)

185. An ordinary being can bring joy to all with his words. Don't the small udders of a cow give us wonderful milk ? or does not a small raisin give satisfaction to all of us?

१८६. महानपि प्रसिद्धोऽपि, दोषः क्वाऽपि गुणायते ।

न जरा भाति किं दीक्षा, भाजि भिषजि राजि च ? ।।

૧૮૬. મોટો અને પ્રસિધ્ધ એવો પણ દોષ ક્યાંક ગુણ માટે થાય છે. શું દીક્ષા લેનાર તથા વૈદ્યની શ્રેણીમાં, વૃધ્ધાવસ્થા શોભતી નથી ? અર્થાત્ વૃધ્ધાવસ્થા ગુણસ્વરૂપ બની જાય છે.

186. Sometimes big and famous, such fault also is beneficial. Does a little old age not suit a monk or doctor more?

१८७. आस्तां प्रभावांस्तत्प्राप्त प्रभोऽपि जनकृत्यकृत् ।

सूर्यादाप्तरुचोऽप्यासन्, यद्दीपाः कार्यकारिणः ।।

૧૮૭. તેજસ્વી વ્યક્તિ તો ઠીક, તેની ઉર્જા પણ લોકોનાં કાર્યોને પુરૂં કરે છે, જેમ સૂર્યથી નીકળતાં કિરણો પણ પ્રકાશનાં કાર્યો કરી દે છે

187. Even the mere energy of brilliant people gets our problems solved; just like the rays of sun do all that light needs to do.

१८८. धत्ते महस्वितां मूर्खैं र्मलिनोऽपि महाधनः ।

भ्रमवच्छाणसंसर्गी, किमसिर्न विभासुरः ? ।।

૧૮૮. મૂર્ખાઓની વચ્ચે રહેલ મલિન એવો પણ ધનવાન તેજસ્વીતાને ધારણ કરે છે. જેમ સરાણ પર ચઢાવેલ તલવાર ચમકીલી નથી બનતી ?

188. Even the lowliest of person gains some virtue when he is among fools; just like a sword shines when it is sharpened on a rock.

१८९. धत्ते शोभां विशेषेण, जडोऽप्यत्युग्रसङ्गतः ।

मिलितं किं श्रियं याति, पानीयं नासिधारया ? ।।

૧૮૯. મૂર્ખ પણ મોટાની સંગતથી વિશેષ શોભાને ધારણ કરે છે. શું તલવારના ધારના સંગથી પાણી શોભાને પામતું નથી ?

189. A stupid person gains dignity by association with great people; just like water gains dignity when used for sharpening a sword on a rock.

१९०. एको दुर्जनदृग्वारी, दोषो विदुषि जायते ।

रेखा स्याद्बालभालस्था ऽऽञ्जनी दृग्दोषवारिणी ।।

૧૯૦. દુર્જનની નજર ન લાગી જાય માટે વિદ્વાનમાં એકાદ દોષ હોય છે! બાળકના ભાલ પર શ્યામ રેખા નજર ન લાગે એ માટે કરાય છે ને!

190. Great men are blessed with a vice to protect them from people with an evil eye; just like a black dot is put on a child's forehead to protect him from an evil eye.

१९१. पापः सतां सभान्तःस्थो, रक्षिता तद्गुणश्रियाम् ।

न किमन्तर्गतोऽङ्गारः, पाति कर्पूरसंपदम् ? ।।

૧૯૧. સજ્જનોની સભામાં રહેલાં પાપીઓ તેમનાં (સજ્જનતાના) ગુણોની લક્ષ્મીનું રક્ષણ કરે છે. શું આગની અંદર પડેલો અંગારો તે કપૂરની સંપત્તિ ની રક્ષા નથી કરતો ?

191. Virtues of good people are enhanced by the presence of wicked people; doesn't fire enhance the virtue of camphor?

१९२. तुङ्गानामापदं हर्तुं, तुङ्गा एव भवन्त्यलम् ।

समर्थास्तोयदा एव, तापं हर्तुं महीभृताम् ।।

૧૯૨. મોટાઓની આપત્તિ દૂર કરવા મોટા જ સમર્થ છે. જેમ પહાડનો તાપ દૂર કરવા માટે વાદળો જ સમર્થ છે.

192. Only a great man can help other great men in times of trouble; like only clouds can bring coolness to huge mountains.

१९३. कलावन्तो विशिष्यन्ते, पुरतोऽपि प्रभाभृताम् ।

सति सूरे शशी तस्मिन्, सति नान्यश्च दृश्यते ।।

૧૯૩. કલાવાન પુરૂષો તેજસ્વીઓની આગળ પણ જુદા તરી આવે છે. જેમ સૂર્ય હોવા છતા આકાશમાં ચંદ્ર દેખાય તો પણ બીજુ કોઈ દેખાતું નથી.

193. Artistic people stand apart even in the presence of brilliant people; just like we can sometimes see the moon in presence of the sun, but nothing else.

१९४. एकाऽन्वयभुवोऽपि स्युः, शुद्धाः पूज्या न चेतरे ।

गोजातमपि मान्यं यद् गोरसं न च गोमयम् ।।

૧૯૪. એક જ વંશમાં થયેલા પણ જે શુધ્ધ છે તે પૂજાય છે. બીજા નહી, તેજ રીતે ગાયથી પણ પેદા થયેલ ગોરસ (દૂધ, દહીં, છાશ) ને માન્ય કરાય છે. છાણને નહીં.

194. Only those of pure heart are worshipped, and not everyone in the same family; just like we value the milk gained from a cow, but not the cow-dung.

१९५. रसिकैरेव बुद्ध्यन्ते, रसिकानां गिरः सखे ।

ध्रियन्ते वसुमत्यैव, यत्पयांसि पयोमुचाम् ।।

૧૯૫. રસવાળા લોકો દ્વારા જ રસવાળા લોકોની વાણી સમજી શકાય છે. હે મિત્ર! વાદળાઓનું પાણી પૃથ્વી જ ધારણ કરી શકે છે.

195. Only sensible people can appreciate the words of sensible people; just like only earth is capable of holding the water from the clouds.

१९६. तुल्येऽपि विषयोल्लेख, आकृतिस्तु बलीयसी ।

पुंसामेवाग्रहः स्त्रीषु, न तासां तेषु चाभवत् ।।

૧૯૬. સમાન વિષયનો ઉલ્લેખ હોવા છતાં પણ આકૃતિ બળવાન છે. પુરૂષોનો સ્ત્રીઓને વિષે આગ્રહ હોય છે પણ સ્ત્રીઓને પુરૂષોનાં વિષે નથી હોતો.

196. When a same subject is discussed, how it is presented is important. Men are more attracted to women; women are not so attracted to men.

१९७. समानेऽपि हि संबन्धे, निजार्थो बलवत्तरः ।

पत्न्याः पुत्रे महिष्याश्च, पुत्र्यां यत् प्रेम मानसम् ।।

૧૯૭. (સમાન સંબંધ હોવા છતાં પણ) પોતાનો સ્વાર્થ બળવાન છે, સંબંધ નહીં. માણસને પોતાની પત્નીના પુત્ર પ્રત્યે પ્રેમ હોય છે. અને પોતાની ભેંસની પુત્રી (વાછરડી) પ્રત્યે પ્રેમ હોય છે.

197. Selfishness rules a relationship; just like a man loves his son and the female calf of his buffalo.

१९८. मानोन्नता न मुञ्चन्ति, स्वं मानं प्रहृता अपि ।
नतौ नलिननेत्राया, न स्तनौ निहतावपि ।।

૧૯૮. માનવાળા પુરૂષ માન હણાઇ જાય તો પણ માન મૂકતાં નથી જેમ કમળ જેવા નેત્રવાળી સ્ત્રીઓનાં સ્તન ને હણવામાં આવે તો પણ તે નમતા નથી.

198. When dignified men are defeated, they do not give up their dignity. The breasts of a beautiful woman are do not droop down even if beaten.

१९९. कर्णे कर्णेजपैर्युक्तः, कोविदोऽपि विकारवान् ।
यद् गिरीशोऽप्यभूद् भीमो, द्विजिह्वाधिष्ठितश्रवाः ।।

૧૯૯. કાનમાં ગુસપુસ વડે પંડિત પણ વિકારને પ્રાપ્ત કરે છે જેમ સર્પોથી અધિષ્ઠિત શંકર પણ ભયંકર લાગે છે.

199. When a pundit listens to gossips, he spoils himself; just like Lord Shankar looks scary because he is surrounded by snakes.

२००. विनेयास्ताडिता एव, संपद्यन्ते पदं श्रियाम् ।
सुवर्णमपि जायेत, हतमेव विभूषणम् ।।

૨૦૦. શિષ્યને મારવામાં આવે તો જ તે શોભાનું સ્થાન પ્રાપ્ત કરે છે. જે રીતે સોનાને પણ ટીપવામાં આવે તો જ અલંકાર બને છે.

200. A student needs good beating in order to achieve greatness; just like gold has to be hammered to shape it into jewellery.

२०१. दोषे दोषैकदृग्दृष्टिर्न गुणे प्रगुणे पुनः ।
खराणां पतनेच्छा स्यात्, पांसौ न च जलेऽमले ।।

૨૦૧. દોષ દ્રષ્ટિવાળાને દોષમાં જ દ્રષ્ટિ હોય છે ગુણમાં નહીં. જેમ ગધેડાઓને ધૂળમાં જ આળોટવાની ઈચ્છા થાય છે, નિર્મળ જળમાં નહી.

201. Narrow minded people find faults with everything and do not notice the good side; just like a donkey wants to play in dust and not clean water.

२०२. संप्राप्तसंपदोऽपि स्यु र्न सन्तः शीललोपिनः ।
किं कलाकलितोऽपीन्दुर्जहौ जिष्णुपदस्थितिम् ? ।।

૨૦૨. સંપતિ પ્રાપ્ત થયા પછી પણ સજ્જનો સદાચારનો લોપ કરતાં નથી. શું કળાઓથી ખિલેલો ચંદ્ર પણ આકાશનો ત્યાગ કરે છે?

202. Good people do not give up good behaviour when they become rich. Does the moon give up the sky even when it is shining in all its glory?

२०३. तुल्येऽपि कर्मणि स्थान विशेषान्नरि गौरवम् ।
समाने भारनिर्वाहे, यद्वामे गुरुता गवि ।।

૨૦૩. તુલ્યકાર્યમાં પણ સ્થાન વિશેષથી મનુષ્યને વિશે ગૌરવ હોય છે. જેમ બંને બાજુ સમાન ભાર હોવા છતાં ડાબી બાજુએ ગાયને વધુ ભાર લાગે છે. (આનુ કારણ જાણવું જોઈએ– તેમાં કોઈનું એમ કહેવું છે કે ગાડાના બે બળદોમાં ડાબી બાજુના બળદને સન્માનથી જોવાતો હશે, એવું લાગે છે.)

203. When compared, man gets honour because of his position. Despite equal load on both sides of the bullock cart, the bullock on the left side is honoured more.

२०४. महतामपि दुर्मोचा, दुष्टतान्तर्विवर्त्तिनी ।

किमाम्रैरमृतात्कम्रै र्मुमुचेऽन्तःकठोरता ? ।।

૨૦૪. મહાપુરૂષોને પણ મનની દુષ્ટતાં છોડી શકાતી નથી. શું અમૃતથી પણ મનોહર એવા આંબાઓ વડે પોતાનાં અંદરની કઠોરતાં છોડાય છે ?

204. Even great men are not able to give up wickedness of mind. Delicious mangoes are not able to give up the hard core inside them.

२०५. स्थानके भूयसीं शोभा मपि सद्वस्तु गच्छति ।

स्त्रीदृशोरञ्जनस्य श्री र्या न सा नरचक्षुषोः ।।

૨૦૫. કોઈપણ સારી વસ્તુ ની શોભા પોતાના સ્થાનમાં જ શોભે છે. જેમ સ્ત્રી ની આંખમાં રહેલું અંજન શું પુરૂષની આંખ ની શોભા બની શકે છે?

205. A good thing looks good only if it is in the right place. The kohl which looks good in a woman's eyes cannot look good in a man's eyes.

२०६. स्थाने यच्छोभनं वस्तु, कुस्थाने स्यात्तदन्यथा ।

वालाः पुंसां मुखे शस्ता स्तुण्डे स्त्रीणामनर्थदाः ।।

૨૦૬. જેનાં સ્થાનમાં જે શોભે તે જ અસ્થાનમાં શોભતી નથી. પુરૂષોનાં મુખ પર વાળ શોભે છે તે જ સ્ત્રીઓનાં મુખ ઉપર અનર્થ કરનારી છે.

206. A thing is good in its right place, and not at any other place. Hair looks good on a man’s face, but look horrible on a woman’s face.

२०७. श्रेयानपि स्थितः पापै र्गुणोऽन्येषां भयावहः ।

ऊर्णनाभे कुविन्दत्वं, मक्षिकाणामनर्थकृत् ।।

૨૦૭. પાપી વ્યક્તિના સર્વોત્તમ ગુણ પણ અન્ય વ્યક્તિ માટે ખતરનાક હોય છે. જેમ કે, કરોળિયાની નાભીમાં રહેલી જાળ વણવાની શક્તિ માખીઓ માટે અનર્થકારી હોય છે.

207. Even the best virtue of a sinful person can be dangerous to other people; just like the ability of a spider to weave a web is detrimental to a fly.

२०८. नाऽतिशुद्धस्वरूपाणां, दुरिते जायते रतिः ।

स्थीयते कलहंसैः किं, वर्षासु कलुषाम्भसि ? ।।

૨૦૮. શુધ્ધ સ્વરૂપવાળા ને પાપમાં આનંદ નથી આવતો. શું વર્ષાઋતુમાં મેલાં પાણીમાં રાજહંસ રહે છે ?

208. A pure soul finds no pleasure in sinful activities; Does a swan live in dirty monsoon water?

२०९. खलानां न स्तुतिस्तादृक्, प्रिया निन्दा च यादृशी ।

वीक्षाणां तादृशी द्राक्षा, नेष्ठा विष्टा च यादृशी ।।

૨૦૯. દુર્જનોને નિંદામાં જેવો પ્રેમ છે તેવો સ્તુતિ કરવામાં નથી થતો. જેમ (ભૂંડને) દ્રાક્ષ તેટલી જ પ્રિય નથી જેવી વિષ્ઠા.

209. Bad people do not enjoy praying as much as they enjoy bad-mouthing someone; Similar to a (pig) that prefers excreta (waste) over sweets.

२१०. बहिस्तान्मञ्जवस्तुच्छा, अन्तः कठिनवृत्तयः ।

किमीदृक् क्वाऽपि केनाऽपि, नालोकि बदरीफलम् ? ॥

૨૧૦. બહારથી નમ્ર અને અંદરથી કડક આવા તુચ્છ લોકો હોય છે. શું આવા પ્રકારનું બોર નું ફળ તમે નથી જોયું ?

210. Those good and soft from the outside, but harsh from the inside are vile people. Have you not seen the jujube fruit with similar traits?

२११. सृजन्ति तुच्छा अप्यर्त्तिं, महतीं महतोऽत्यये ।

तिष्ठन्ति तरणेरस्ते, मुद्रितास्याः खगा अपि ॥

૨૧૧. મોટા અને મહાન લોકોનાં મૃત્યુમાં પણ તુચ્છ લોકોને પીડા પ્રાપ્ત થાય છે. જેમ સૂર્યાસ્ત થઈ જાય ત્યારે પક્ષીઓ પણ પોતાનું મોઢું બંધ કરી દે છે.

211. Even lowly people feel pain upon the death of great human beings. Birds stop singing when the sun sets.

२१२. प्रभावान्निष्प्रभेणाऽपि, सङ्गतः श्रियमश्नुते ।

रविरुच्चैः पदं प्राप, गतोऽप्यङ्गारकौकसि ॥

૨૧૨. પોતાની પાસે તેજ ન હોવા છતાં પણ તેજસ્વીનાં સંગથી શોભાને પ્રાપ્ત થાય છે. જેમ સૂર્ય મંગળનાં ઘરમાં રહેલો ઉચ્ચ બને છે.

212. A person who is not brilliant can still be respected when he is associated with a brilliant person; just like the sun is still respected despite the influence of mars.

२१३. कलावानपि हीनत्वं, कलयेद्वक्रवेश्मगः ।

न नीचो वृश्चिकस्थः किं, बान्धवः कुमुदामभूत् ? ॥

૨૧૩. કલાકાર પણ વિમાર્ગે વળતાં હલકાપણું ધારણ કરે છે. શું ચંદ્રમા વૃશ્ચિક રાશિમાં પ્રવેશતા નીચ નથી બનતો ?

213. When an artist goes on the wrong path, he acquires vices. Isn't the moon wicked when it enters the Scorpio zodiac sign?

२१४. दोषायते गुणः क्वाऽपि, दोषः क्वाऽपि गुणायते ।

केशेषु शुभ्रिमा दुष्टः, शिष्टस्तारासु कालिमा ॥

૨૧૪. ક્યારે ગુણ પણ દોષ થઈ જાય છે, દોષ પણ ગુણ થઈ જાય છે. જેમ વાળમાં રહેલું સફેદપણુ દુષ્ટ છે અને તારાઓમાં રહેલી કાળાશ સારી કહેવાય છે.

214. Many a times virtues appear to be vice (or vice-versa); just like gray hair is considered bad while blackness in eyes is considered good.

२१५. तुङ्गाः कार्यविशेषाय, मान्यन्ते तद्गुणप्रियैः । पोष्यन्ते दन्तिनो नूनं, दुर्गध्वंसाय पार्थिवैः ॥

૨૧૫. મહાપુરૂષો કાર્ય વિશેષ ને લઈને તેઓનાં ગુણોનાં પ્રેમ વડે બહુમાન ને પ્રાપ્ત કરે છે. જેમ રાજાઓ હાથીઓને, કિલ્લા તોડવા માટે પોષે છે.

215. Great men gain respect due to their virtues; just like a king fosters elephants to destroy castles.

२१६. तुच्छोऽपि हृद्यवादित्वा ज्जायते मानभाजनम् । किं
कीरः कामितां भुक्तिं, नाप्नोति मधुरं ब्रुवन् ? ।।

૨૧૬. હલકો પણ મનોહર વગાડતો હોવાથી માન નું ભાજન થાય છે. શું મધુર વાણી ને બોલતો એવો પોપટ પોતાને ઈચ્છિત આહાર નથી પ્રાપ્ત કરતો ?

216. A lowly being who plays a musical instrument well becomes popular; Doesn't a parrot with sweet words able to get his favorite food.

२१७. नीचा अपि पीडितायां, स्वजातौ यान्त्यनिर्वृतिम् ।
पूत्कुर्वन्ति न किं काकाः, काके मृतिमुपेयुषि ? ।।

૨૧૭. પોતાની જાતિને પીડા થયે છતે નીચ લોકો પણ પીડા પ્રાપ્ત કરે છે. શું કાગડો મરી ગયે છતે બીજા કાગડાઓ કોલાહલ નથી મચાવતાં ?

217. Wicked people endure pain to stand by one of their own when he is in distress. Do crows not make noise when one crow dies?

२१८. स्वजातिमेव निघ्नन्ति, नूनं जडनिवासिनः ।
आर्कर्णिताः सकर्णैः किं, न मीनाः स्वकुलाशिनः ? ।।

૨૧૮. મૂર્ખની સાથે વસતાં તેવાં લોકો પોતાની જાતિને જ ખતમ કરે છે. શું પંડિતોએ સાંભળ્યુ નથી કે માંછલીઓ પોતાનાં લોકોને ખાય છે?

218. Stupid people bring destruction to their own kind. Don't Pundits know of fish which feed on other fish?

२१९. निवसन्तीं वयं विद्मः, सवित्रीनेत्रयोः सुधाम् । दुग्धपानं
विना कूर्म्याः, प्राणन्त्यर्भा निभालनैः ।।

૨૧૯. અમે, માતાની આંખમાં અમૃત નિવાસ કરે છે તેવું જાણીએ છીએ. દુગ્ધપાન કરાવ્યા વિના કાચબી દ્દષ્ટિમાત્રથી બાળક ને પોષણ કરે છે.

219. We know that there is nectar in a mother's eyes. Tortoise nourishes a child just with her vision, even if she doesn't feed the child.

२२०. आढ्यस्तिष्ठतु तत्पार्श्व मपि तेजस्वि तेजसा ।
श्रीददिग्वर्तिमूर्त्तिः किं, भानुमान्नातिदुःसहः ? ।।

૨૨૦. સામાન્ય માણસ પણ પોતાની બાજુમાં રહેલાં તેજસ્વીનાં તેજ વડે શોભે છે. શું કુબેરની મૂર્તિ સૂર્ય ને દુઃસહ નથી લાગતી ?

220. Even an ordinary person shines in the brightness of a brilliant person. Doesn't the sun find the statue of Kuber intolerable ?

२२१. रसाढ्या मध्ये मृदवः, स्युर्बहिः कर्कशा अपि ।
किमीदृक् क्वाऽपि केनाऽपि, नालोकि कदलीफलम्?।।

૨૨૧. અંદરથી કોમળ અને બહારથી કઠોર આવા રસાળ લોકો હોય છે. શું તમે આવું ક્યાંક કોઈનાં વડે કેળ નું ફળ જોયું નથી ?

221. Some people are hard on the outside, but gentle inside. Haven't we all noticed the fruit of banana ?

२२२. ददतो नात्मनो वित्तव्ययं ध्यायन्ति दानिनः । स्वनाशो
रम्भयाऽचिन्ति, किं फलोत्सर्जनक्षणे ? ।।

૨૨૨. દાન આપનારાં આપતી વખતે પોતાનાં ધનનો વ્યય થાય છે આવું વિચારતાં નથી. શું ફળ આપતી વખતે કેળાએ (રંભા) વડે પોતાનાં નાશની ચિંતા કરાઈ છે ?

222. Those who give charity do not think of it as a waste of their wealth. Does Rambha (Banana tree) think about her destruction when blessing others with fruits ?

२२३. अचेतनोऽपि तुङ्गात्मा, श्रितो दत्ते निजं गुणम् ।
अधस्तात्तस्थुषां शोक नाशायाशोकभूरुहः ।।

૨૨૩. અજ્ઞાની એવાં પણ ઉંચા (લોકો) પોતાનાં આશ્રિતોને પોતાનો ગુણ આપી દે છે. જેમ પોતાની નીચે રહેનારના શોકનો નાશ કરનારૂ આવું અશોક વૃક્ષ છે.

223. Great people, even after their death, pass on their virtues to those under their care. The tree of Ashok takes away the troubles of those living under it.

२२४. लभन्ते वाग्मिनो मानं, दुर्दशायां स्थिता अपि । कीरः
पञ्जरसंस्थोऽपि, हारिगीरिति पाठ्यते ।।

૨૨૪. પંડિતો ખરાબ દશામાં રહેલાં પણ માનને પ્રાપ્ત કરે છે. જેમ પાંજરામાં રહેલો પોપટ પણ હરિનો જાપ કરે છે.

224. Pundits gain respect even if they are in a miserable state; just like even a caged parrot chants the name of God & gain's respect.

२२५. आस्तां वाक् प्रीतये प्रोच्चै र्निध्यातोऽपि कलानिधिः ।
किमीक्षितो मुदं दत्ते, न चकोरदृशां शशी ? ।।

૨૨૫. વાણીની વાત તો દૂર રહી પણ મનથી ધ્યાન કરે તો પણ કળાવાન પ્રીતિ ને માટે થાય છે. શું ચકોર પક્ષી ને તેનાં ધ્વારા જોવાયેલો ચંદ્ર આનંદ નથી આપતો ?

225. Even if a knowledgable person doesn't speak, mere keeping him in thoughts gives joy. Does the Chukar bird not become happy just by looking at the moon?

२२६. अयुक्तमपि युक्तं त द्यच्चिरन्तनवाङ्मये । नदी व्योमनि
तत्रापि, सरोजिनीति संमतम् ।।

૨૨૬. પ્રાચીન શાસ્ત્રોમાં અયોગ્ય પણ જે કહેવાયું હોય તે યોગ્ય જ છે. જેમ આકાશગંગા, આકાશ કમળ આ બધું ત્યાં સંમત છે.

226. Even inappropriate beliefs, since ages, are considered appropriate; just like it is being believed that lotus and river exist in the sky.

२२७. द्विजिह्वाधिष्ठितः स्वामी, न क्लेशाय कलावताम् ।
कर्णाभ्यर्णस्थदृक्कर्णः, किमीशः शशिनो भिये ? ।।

૨૨૭. સાપ થી અધિષ્ઠિત થયેલો સ્વામી કલાકારોને કલેશ માટે થતો નથી. શંકરનો કાનની પાસે રહેલો સાપ શું ચંદ્રને ભય પહોંચાડી શકે ?

227. A divine person adorned by a snake does not harm any artisans; can a snake in the neck of Lord Shiva scare the moon?

२२८. असंभाव्यमपि प्रोक्तं, पूर्वैः स्यादतिसूनृतम् । पार्वती प्रस्तरापत्यं, सत्यमित्यवसीयते ।।

૨૨૮. પૂર્વનાં મહાપુરૂષો વડે અસંભવિત કહેવાયેલું પણ સાચુ લાગે છે. પથ્થરની પુત્રી પાર્વતી છે એ વાત સાચી જ માનીએ છીએ.

228. We believe in whatever our great ancestors have said, however improbable it may seem. Just as we believe that Parvati is the daughter of stone.

२२९. गुणाः सौन्दर्यशौर्याद्याः, साक्षरत्वं विना वृथा ।सौवर्णं स्यादपि स्वर्णं, किं विनाक्षरसञ्चयम् ? ।।

૨૨૯. અક્ષર જ્ઞાન વગરનાં સૌંદર્ય, શૌર્ય આદિ ગુણો નકામા છે. કદાચ સોનું પણ બની જાય પણ અક્ષરનાં જ્ઞાન વગર તેની શું કિંમત ?

229. Virtues such as courage, beauty etc. are useless without literacy. What is the use of gold without literacy?

२३०. महतां जननस्थान मुक्तिरुन्नतये भवेत् । विन्ध्यत्यजां गजानां किं, नारात्रिकं नृपाजिरे ? ।।

૨૩૦. મહાપુરૂષોનો જન્મ–સ્થાનથી છુટકારો ઉન્નતિ માટે થાય છે. વિંધ્યાચલમાંથી છોડાયેલાં હાથીઓ શું રાજાના આંગણામાં આરતી નથી કરાતા ?

230. Renouncing the birth place for a noble soul is considered for the wellbeing of the world. Aren't the elephants released from Vindhyanchal worshipped at a king's court ?

२३१. सर्वतः स्याद्विनष्टोऽपि, गरीयान् गौरवास्पदम् ।यदश्मा ज्वलितस्तूर्णं, चूर्णोऽभून्द्रूपवल्लभः ।।

૨૩૧. બધી બાજુથી નાશ થવા છતાં, મહાન પુરૂષો ગૌરવપાત્ર થાય છે. જેમ પથ્થર સળગીને શિઘ્ર ચૂર્ણ બને છે, તેવા મણિ આદિ બહુમૂલ્ય પથ્થર રાજાઓને પણ પ્રિય હોય છે.

231. Great men are still dignified when they are destroyed from all sides; just like gems which can burn down to ashes are still dear to kings.

२३२. दोषस्तिष्ठतु तद्वाजा मभ्यर्णमपि दुःखकृत् । छिद्रयुक्तघटीपार्श्वे, झल्लरी यन्निहन्यते ।।

૨૩૨. દોષો તો દૂર રહો પણ તે દોષવાળાની નજીકમાં જવું પણ દુઃખ આપનાર છે – જેમ કાણાંવાળાં ઘડા પાસે વગાડાયેલી ખંજરી બેસૂરી થાય છે.

232. Forgot the evils, even Company of an evil person is painful. As the sound of musical instrument (Guitar) is marred when played near hollow object.

२३३. गुणिनामपि संसर्गो, दुर्मुखाणां गुणाय न । शरे शरासनासक्ते, दृष्टा क्वाऽपि दयालुता ? ।।

૨૩૩. દુર્મુખને ગુણવાનનો સંબંધ પણ ગુણકારી થતો નથી. – ધનુષ્ય ઉપર ખેંચાયેલું બાણ હોતે છતે શું કોઈમાં દયાળુ પણું દેખાયું છે ?

233. An unfortunate person does not benefit from his association with virtuous people; just like no one considers an arrow as being thrown for a benevolent cause.

२३४. यशःशेषोऽपि तेजस्वी, भवेदर्थाय भूयसे । न
रुप्यस्वर्णयोः सिद्धिं, सूतः सूते मृतोऽपि किम् ? ।।

૨૩૪. તેજસ્વી પુરૂષોની પાસે માત્ર યશ જ બાકી રહેવા છતાં પુષ્કળ લાભ માટે હોય છે. પારો, ભસ્માવસ્થામાં પણ શું સુવર્ણ અને ચાંદીની સિધ્ધિ કરાવતો નથી?

234. Even when luminous people have only fame left, it is for their benefit; just like mercury, when burnt down, still purifies gold and silver.

२३५. प्रदत्तेऽनर्थमत्यर्थं, दुर्मुखैः पक्षशालिता ।पक्षवानेव यत्
पत्री, परप्राणाऽपहारकृत् ।।

૨૩૫. દુર્મુખ લોકો વડે પક્ષની શોભા (પક્ષપાંખ) અત્યંત અનર્થ કરે છે. પક્ષ (પાંખ) વાળુ બાણ અન્યના પ્રાણ હરી લે છે.

235. A stupid person would always make a biased decision which would bring bad luck; if an arrow is crooked, it will not hit the right target and harm someone else.

२३६. तुङ्गवंशभवा नार्यः, पतिं दौः स्थ्ये त्यजन्ति न ।मुमुचे
हिमवत्पुत्र्या, नग्नोऽपि किमनङ्गजित् ?।।

૨૩૬. ઊંચા કૂળમાં રહેલી સ્ત્રીઓ ગરીબીમાં પતિનો ત્યાગ કરતી નથી. હિમાલયની પુત્રી પાર્વતી વડે કામદેવને જિતનાર નગ્ન એવા પણ શંકર છોડાયા છે ?

236. Virtuous women do not abandon their husbands in poverty. Himalaya's daughter Parvati did not abandon half-naked Shankar who defeated Kamdev.

२३७. महात्मानो विरोधाय, सङ्गभाजो जडात्मभिः ।
चन्द्रयुक्ता ग्रहाः सर्वे, विवाहेऽनर्थहेतवः ।।

૨૩૭. જડ પુરૂષો વડે મહાત્માનો સંગ રાખનારાનો વિરોધ કરાય છે. જે કારણથી ચંદ્રમાની સાથે રહેલાં બધા ગ્રહો લગ્નમાં અર્નથકારી છે.

237. Stubborn people oppose those who are acquainted with great men. All other planets which are with moon bad influences in a marriage.

२३८. यन्त्रणं युक्तमज्जाने, स्तब्धानां चासितात्मनाम् ।
यत्सरोजदृशां बन्धः, कुचेषु चिकुरेषु च ।।

૨૩૮. અહંકારી અપવિત્ર મનવાળા લોકોને યુક્તિ પૂર્વક બાંધવા પડે તેમ માનું છું – જે કારણોથી કમળ જેવી આંખવાળી સ્ત્રીઓનાં સ્તનોને અને વાળને બાંધવા પડે છે.

238. Arrogant and evil people need to be handled tactfully; just like a beautiful woman covers her breasts and ties her hair tactfully.

२३९. मूर्खाणामधिकत्वं स्या दुत्तमेषु प्रमादिषु ।
जगज्जातजडं जज्ञे, यत्सुप्ते पुरुषोत्तमे ।।

૨૩૯. ઉત્તમ પુરૂષો પ્રમાદ કર્યે છતે મૂર્ખો વધે છે. – જે કારણથી વિષ્ણુજી જ્યારે સૂઈ ગયા ત્યારે આખું જગત જડ થઈ ગયું.

239. When great men become idle, stupid people increase in numbers. When Lord Vishnu fell asleep, the whole world became motionless.

२४०. बुद्धिमानपि निर्बुद्धेः, सङ्गतः स्याज्जगद्भिये ।
वर्यकार्यनिषेधी यद् गुरुः केशरिणं गतः ।।

૨૪૦. જ્યારે બુધ્ધિમાન માણસ બુધ્ધિ વગરનાની સંગત કરે છે ત્યારે જગતને ભય થાય છે. જેથી ગુરૂ સિંહ રાશીમાં રહેલો શ્રેષ્ઠ કાર્યોનો નિષેધ કરનારો છે.

240. When intelligent people acquaint themselves with foolish people, it is dangerous to the world; just like planet Jupiter destroys good work when it enters the Leo sign.

२४१. धिग् दुष्टान् यान्ति स(य)त्सङ्गा न्महात्मानस्तदात्मताम्
।प्रययौ पापतां पाप ग्रहसङ्गेन यद्बुधः ।।

૨૪૧. તે દુષ્ટોને ધિક્કાર છે કે જેમનાં સંગથી મહાત્મા તેના જેવા બની જાય છે – જેથી પાપગ્રહનાં સંગથી બુધ નામનો ગ્રહ (પંડિત) પણ પાપને પ્રાપ્ત થયો.

241. Curse be upon those wicked people who corrupt even the great men. Planet mercury was corrupted due to association with sinful planets.

२४२. गुणः स्वल्पोऽपि संपत्त्यै, सखे ! दोषजुषामपि ।
सर्वाङ्गैर्भग्नभद्राया, भद्रायाः पुच्छमृद्धिकृत् ।।

૨૪૨. હે મિત્ર! નાનો પણ ગુણ દોષવાળાઓને સંપત્તિ માટે થાય છે – જેથી આખા શરીરથી ભાંગી પડેલી ભદ્રા (નક્ષત્ર)ની પૂંછડી (ધન) વૃધ્ધિ આપનારી છે.

242. Even a small virtue brings wealth to bad people; just like the tail of the star Bhadra brings good fortune.

२४३. दौःस्थ्यं दोषास्पदं शश्वत्, स्यात् कलाशालिनामपि ।
..... कान्तोऽप्यभवत्पापः, शशाङ्कः क्षीणवैभवः ।।

૨૪૩. કળાવાનની ખરાબ સ્થિતિ દોષ કાયમ કરનારી છે – જેથી મનોહર એવો ચંદ્ર પણ ક્ષીણ વૈભવ વાળો અને પાપી થયો.

243. Bad fortune with an intelligent person is remembered forever; just like some people find faults with the beautiful moon.

२४४. कृत्यं भवति नीचानां, यच्च नीचैर्न चेतरैः ।
कारूणामर्थसिद्धिर्या, खरैः सा च न सिन्धुरैः ।।

૨૪૪. જે કાર્ય હલકા કે સારા લોકોને શોભે નહીં તેવું કાર્ય નીચ લોકો કરતાં હોય છે – શિલ્પીઓના અર્થની સિદ્ધિ ગધેડાઓ વડે સધાઈ તે હાથી વડે નહીં.

244. What good and average people cannot do, lowliest of people do. If a sculptor needs to sculpt, a donkey can help bring stones, not an elephant.

२४५. तुच्छानां वक्रता तुङ्गै र्निराकर्त्तुं न शक्यते । केशेषु
पतितो ग्रन्थिः, कुञ्जरैः किं निरस्यते ? ।।

૨૪૫. હલકાં લોકોની વક્રતા મહાપુરૂષો ધ્વારા દૂર કરી શકાતી નથી. જેથી વાળમાં પડી ગયેલી ગાંઠ શું હાથીઓ દ્વારા દૂર કરી શકાય ?

245. Great men cannot get rid of the wickedness of lowly people; just like an elephant cannot untie a knot in someone's hair.

२४६. कदाचिन्नातिनीचानां, संस्कारोऽपि गुणावहः । क्षालनं कम्बलानां स्या द्यद्धिनाशाय सत्वरम् ।।

૨૪૬. ક્યારેક અતિ હલકાંનો સંસ્કાર કરવા પણ ગુણકારી નથી. જેથી કામળને ધોવાથી તેનો તરત નાશ થાય છે.

246. Trying to educate a very vile person is not beneficial sometimes; just like washing a blanket with water results in its destruction.

२४७. न सत्सङ्गगुणारोपः, शुद्धेऽप्यधमवंशजे । किं बिम्बावस्थितिः क्वापि, भवेत् स्वच्छेऽपि कम्बले ? ।।

૨૪૭. હલકા કૂળમાં ઉત્પન્ન થયેલાં શુધ્ધ વ્યક્તિમાં પણ સત્સંગ દ્વારા ગુણનો આરોપ શક્ય નથી – જેથી ગમે તેટલી ચોખ્ખી કામળી હોય તો પણ શું તેમાં આપણું પ્રતિબિંબ દેખી શકાય ?

247. A pure soul born in a very wicked family cannot gain virtues even by good acquaintance; just like we cannot see our reflection even in a clean shawl.

२४८. शुद्धात्मानो विधीयन्ते, नाऽधमैः स्वसमाः समे । कम्बौ किमितरैर्वर्णै र्निधीयन्ते निजा गुणाः ? ।।

૨૪૮. અધમ લોકોને શુધ્ધ આત્માવાળાઓ દ્વારા પોતાનાં સમાન નથી કરી શકાતા. શું બીજા વર્ણો વડે પોતાનાં ગુણો શંખમાં લાવી શકાય છે ?

248. Pure souls cannot bring a wicked person to their level of virtue. A conch shell cannot acquire the virtues of other colours.

२४९. जडात्मसु स्थिता व्यर्थं, महत्यपि महस्विता । व्यनक्ति स्वपरव्यक्तिं, नेन्दोर्भा भासुराऽपि यत् ।।

૨૪૯. જડ લોકોને વિશે રહેલી ગમે તેટલી મોટાઈ પણ નકામી છે. ગમે તેવું તેજસ્વી પણ ચંદ્રનું તેજ પોતાને અને બીજાને બતાવી શકતું નથી.

249. Being kind to stubborn people is of no use. The bright moon cannot shine its light on itself or others.

२५०. जातौ सद्दशि सर्वत्र, गोत्रमत्रोन्नतिप्रदम् । पशुत्वे सति सिंहस्यो पमा रम्या शुनश्च न ।।

૨૫૦. સમાન જાતિ હોવા છતાં પણ સર્વત્ર ગોત્ર એ ઉન્નતિને આપનારૂં છે – જેથી પશુઓને વિશે સિંહની ઉપમા સારી છે. કૂતરાની નહીં.

250. Despite belonging to the same species, it is Gotra that brings growth. A lion is respected among all animals, while dogs are not.

२५१. भवेन्मान्यः कठोरोऽपि, मध्ये मधुरिमाङ्कितः । नालिकेरफले चक्रु र्नादरं कर्कशेऽपि के ? ।।

૨૫૧. મધ્યમાં મધુર એવો કઠોર પણ બધાને માન્ય બને છે. જેથી કર્કશ એવા નાળિયેર ના ફળ વિષે કોણ આદર ન કરે?

251. A harsh person who is soft at the core is liked by all. We all respect the hard coconut.

२५२. सिद्धे कार्ये जनेषूच्चै र्महानपि तृणायते । बध्यते मुकुटः स्तम्भे, विवाहानन्तरं न किम् ? ।।

૨૫૨. કાર્યસિધ્ધ થઈ ગયા પછી મોટાઓને પણ તણખલાં જેમ મનાય છે. જેથી લગ્ન પછી મુગટને થાંભલામાં બાંધી દેવાય છે.

252. Once a task is accomplished, even the great people are relegated to the sides. A crown is taken off after the marriage is completed.

२५३. गुणस्तुल्यास्पदेऽपि स्या न्निर्मले न ह्यनिर्मले ।यत्सर्पिः प्राप्यते लोकै र्गोरसे न च गोमये ।।

૨૫૩. તુલ્ય સ્થાનમાં પણ ક્યારેક ગુણ નિર્મળ સ્થાનમાં હોય છે પણ અનિર્મળમાં નથી હોતું. જેમ લોકો વડે ઘીની પ્રાપ્તિ દૂધમાંથી થાય છે, પરંતુ છાણમાંથી નહીં.

253. A person with virtues is lucid, not clouded; just like ghee is gained from cow's milk and not from cow-dung.

२५४. दृश्यन्ते बहवः स्वल्प सत्त्वा नो सत्त्वशालिनः ।पदे पदे पर्यटन्ति, भषणा न मृगद्विषः ।।

૨૫૪. અલ્પ સત્ત્વવાળા ઘણાં લોકો જોવા મળે છે પરંતુ સત્ત્વશાળી નહીં. જેમ ડગલેને પગલે કૂતરાઓ ભટકે છે પરંતુ સિંહ નહીં.

254. We find people of lesser quality everywhere, but people with good qualities are few; just like we find dogs everywhere, but not lions.

२५५. संपदप्यल्पसत्त्वानां, स्यादवश्यमनर्थकृत् ।कस्तूरी ननु कस्तूरी-मृगाणां मृत्युकारिणी ।।

૨૫૫. અલ્પ સત્વવાળાઓને સંપત્તિ પણ ચોક્કસ અનર્થ કરનારી છે – જેમ કસ્તૂરી મૃગોને તેમનાંમાં રહેલી કસ્તૂરી જ તેમનાં મૃત્યુનું કારણ છે.

255. Wealth in the hands of low quality people can be detrimental to themselves; just like the musk in a musk deer can bring its destruction.

२५६. इह हेतुरनर्थाना मप्रस्तावे गुणज्ञता । गीतेषु रसिकैर्व्याधा दवापि मरणं मृगैः ।।

૨૫૬. અનર્થ થવાનું મુખ્ય કારણ ગુણ વિશેનું અજ્ઞાન છે. જે કારણથી ગીતનાં રસવાળા એવા હરણીયાઓને શિકારી પાસેથી મરણ પ્રાપ્ત થયું.

256. The main reason for downfall is the lack of knowledge about virtue. The deer fond of music got killed by the hunters.

२५७. महिमा मूलतो याति, कुस्थानस्थितवस्तुनः । कस्तुरीतिलकं पङ्कमेव पामरमूर्द्धनि ।।

૨૫૭. અયોગ્ય સ્થાનમાં રહેલી વસ્તુઓનો મહીમા મૂળથી ખતમ થઈ જાય છે. જેમ કસ્તૂરીનું તિલક ગરીબનાં માથા ઉપર કરવામાં આવે તો તેને માટે એ કાદવ છે.

257. Things placed at the wrong position can lose their importance altogether. To a poor person even the "Musk Tilak" on his forehead is like sludge.

२५८. निर्गुणा गुणिभिः साकं, संगता यान्ति गौरवम् ।न धान्यैर्मिलिता लोकै र्गृह्यन्ते किमु कर्कराः? ।।

૨૫૮. ગુણ રહિતો ગુણવાનની સાથે રહેલાં ગૌરવને મેળવે છે. અનાજની સાથે મળેલાં કાંકરા લોકો વડે શું વીણાતા નથી?

258. Those without virtues attain glory by association with virtuous people; just like people have to pick out the pebbles found in wheat.

२५९. तेजस्वी ननु तेजस्वि, सङ्गे राजति नाऽन्यथा । यथा
भाति मणिः स्वर्णे, न तथा त्रपुणि स्थितः ।।

૨૫૯. ખરેખર તેજસ્વીની શોભા તેજસ્વીની સાથે જ છે બીજે નહીં. જે કારણથી મણી સોનામાં શોભે છે તાંબામાં નહી.

259. A brilliant person is glorious when in the presence of another brilliant people and not elsewhere. A gem looks good with gold and not copper.

२६०. व्रजन्नपि जडः स्थान विनाशाय ध्रुवं भवेत् ।
नेत्रयोर्निपतन्नीरं, हानये किं न तत्त्विषाम् ? ।।

૨૬૦. જડ વસ્તુ જ્યાં જાય ત્યાં સ્થાનનો વિનાશ કરે છે. શું આંખમાં પડેલું પાણી તે શું ત્યાં નુકશાન નથી કરતું ?
જતો હોય ત્યારે પણ જડ પોતાના સ્થાનનો વિનાશ કરતો જાય... આંખમાંથી પડતું જળ આંખોની કાંતિનો નાશ નથી કરતું શું? (જડ = મૂર્ખ અને જળ)

260. A moron increases his tribe wherever he goes; just like a drop of tear from the eye diminishes the vision of the eye.

२६१. अपि तुङ्गात्मनां संपद्, बहिर्भूताऽभिभूतये । रदार्थमेव
द्विरदा, निहन्यन्ते वनेचरैः ।।

૨૬૧. મહાપુરૂષોની સંપત્તિ જો બહાર દેખાડવામાં આવે તો તેમનાં નુકશાન માટે છે – જેમ દાંત લેવા માટે ભીલો વડે હાથીઓ હણાય છે.

261. If the wealth of great people is showed off, it can be destructive; just like elephants get killed by tribal people for the ivory from their tusk.

२६२. वाग्मिनः किं प्रकुर्वन्ति, मिलिते मलिनात्मनि ? ।
श्यामले कम्बले वर्णै रितरैः का प्रतिक्रिया ? ।।

૨૬૨. બોલવામા ચતુર એવા લોકો પણ મલિન આત્માઓ સાથે મળે તો શુ કરી શકવાના ? કાળી કામળીમાં અન્ય રંગની શી પ્રતિક્રિયા હોઈ શકે ? અન્ય રંગથી એનું સ્વરૂપ બદલી શકાય નહીં.

262. People with smart words do not make any difference even when associated with impure souls. What use is mixing other colours with black colour?

२६३. जन्मस्नेहः सतां स्वीयै र्हन्यते दुर्मुखैः क्षणात् ।तन्दुलानां
तुषैर्मैत्री, निरस्ता मुशलेन यत् ।।

૨૬૩. સજ્જનો સાથે ગમે તેવો સ્નેહ અશુભ વાણી દ્વારા (તુષ– કુસકી) ક્ષણવારમાં નષ્ટ થાય છે. ચાવલ અને તુષની મૈત્રી મુશલથી તોડાય છે – (નષ્ટ થાય છે.)

263. No matter how much you love your family, harsh words can destroy a relationship; just like the union of rice and husk is broken by pestle.

२६४. मन्दा भवन्ति सालस्याः, कलावन्तस्तु सोद्यमाः ।
त्रिंशन्मासान् शनिरास्ते, राशौ चेन्दुर्दिनद्वयम् ।।

૨૬૪. અલ્પજ્ઞાની આળસુ હોય છે. કલાવાન લોકો ઉધમવાળા હોય છે. 30 મહિના સુધી શનિ એક રાશિમાં રહે છે અને ચંદ્ર બે દિવસ રહે છે.

264. An ignorant person is lazy; talented people are hard working. Saturn remains in your horoscope for 30 long months, while moon for two days.

२६५. कोमलानां कठोरान्तः पतितानाममङ्गलम् । धान्यानां यद्घरट्टान्त र्गतानां कियती स्थितिः ? ।।

૨૬૫. કઠોર અંતઃકરણવાળાના પનારે પડેલા સરળ વ્યક્તિઓનું અમંગળ થાય છે. જુઓને ઘંટીમાં નંખાયેલા અનાજની સ્થિતી કેટલી?

265. A simple person faces misfortune if he tags on to a stone-hearted person; just like the situation of food grains in a grinding mill.

२६६. सन्तः स्युः सङ्गता सन्तः, श्रिये श्यामात्मनामपि । किं केशाः कलयामासु र्न शोभां संश्रिताः सुमैः ? ।।

૨૬૬. કાળું હોવા છતાં પણ સજ્જનો સજ્જનોની સાથે જ શોભાને પામે છે.શું વાળ ફૂલોની સાથે જોડાયેલા શોભાને પામતાં નથી?

266. Good people are better off with other good people; the black hair look good in the company of a flower.

२६७. प्रायो न हित (निहत) एव स्यात्, कठोरात्मा रसप्रदः । यद् भग्नमेव दत्ते द्राग्, नालिकेरफलं जलम् ।।

૨૬૭. લગભગ કઠોર લોકો રસ આપનારાં હોતા નથી. પણ જ્યારે તેને ભાંગવામાં આવે તો તરત નાળીયેરનાં ફળની જેમ મીઠું પાણી આપે છે.

267. Harsh people do not benefit us. But once they are broken, they give us sweet water like a broken coconut.

२६८. तादृग् भोक्तरि नोत्कर्षो, यादृग् भोग्ये प्रवर्त्तते । न वेषाडम्बरस्तादृक्, पुंसां यादृग् मृगीदृशाम् ।।

૨૬૮. ભોગવનારાઓને વિશે તેવો ઉત્કર્ષ નથી જેવો ભોગ્યને વિશે છે – જેમ સ્ત્રીઓને વિશે વેશનો આડંબર હોય છે તેવો પુરૂષોને વિશે નથી.

268. People talk more about the thing being used than the user himself; a woman's looks are judged, but not a man's.

२६९. यद्येषां निकटं प्राय स्तत्तेषां वल्लभं भवेत् । स्तनान्तःस्थितपयसां, स्त्रीणामेव पयः प्रियम् ।।

૨૬૯. જે જેની નજીકમાં હોય (રહે છે) લગભગ કરીને તે તેને પ્રિય હોય છે – જે કારણથી સ્તનની અંદર રહેલાં દૂધને કારણે દૂધવાળી સ્ત્રીઓને જ દૂધ વધારે પ્રિય હોય છે.

269. We love people who live close to us; just like women with milk in their breasts like milk much more.

२७०. न स्यात्तेजस्विनः शक्ति स्तादृग् यादृक् कलावतः । तादृग् नांशोर्बले शुद्धं, दिनं यादृग् निशापतेः ।।

૨૭૦. તેજસ્વીઓની તેવી શક્તિ નથી જેવી કલાવાનની, જેમ સૂર્યમાં જેવી દિન શુદ્ધિ નથી તેવી ચંદ્રની હાજરીમાં હોય છે. (આ જ્યોતિષ પ્રમાણે છે.)

270. Brilliant people are not as strong as the artistic people; just like the presence of moon is brighter than the sun.

२७१. महिमानमक्षराणां, न वयं वक्तुमीश्महे । यत्
कलिर्गालिदाने स्या दाशीर्वादे च सौहृदम् ।।

૨૭૧. અક્ષરોનો મહિમા કહેવા માટે અમે સમર્થ નથી. જે કારણથી ઝગડો ગાળ આપવાથી અને મૈત્રી આશિર્વાદ આપવાથી થાય છે.

271. We are incapable of describing the importance of words. Cuss words cause fight, whereas blessing result in friendship.

२७२. का भवेदुन्नतिः पुंसां, स्वगुणस्तवने स्वयम् ? ।रसस्य
संभवः क्वापि, किं निजाधरचर्वणे ? ।।

૨૭૨. પુરૂષોને પોતાનાં ગુણ ગાવામાં શું ફાયદો થાય ? પોતાનાં હોઠ ચાવવામાં શું કોઈ રસનો સંભવ છે.

272. How does praising one's self be beneficial? Can you taste any juice by chewing your own lip?

२७३. क्रियन्ते स्वमयाः सद्भि र्मृदवश्च न हीतरे । धीयते
स्वगुणः पुष्पै स्तिलेषु नो पलेषु च ।।

૨૭૩. જે નરમ હોય છે તેને સજ્જનો દ્વારા પોતાનાં જેવા જ બનાવાય છે. બીજાઓને નહીં. – જેમ પુષ્પો વડે પોતાનો ગુણ તલને વિશે ધારણ કરાય છે પણ માંસને વિશે નહીં.

273. Good people can convert soft hearted people and turn them like themselves. Flowers look good on a sesame plant and not on meat.

२७४. तुच्छत्वेऽपि मृदुत्वं स्यात्, परर्द्धिग्रहणक्षमम् ।
पुष्पगन्धस्तिलैरेवा दीयते न दृषत्कणैः ।।

૨૭૪. તુચ્છ લોકોને વિશે પણ નમ્રતા હોય છે, જે બીજાની રિધ્ધિને ગ્રહણ કરવામાં સમર્થ છે. – જેમ પુષ્પની ગંધ તલ વડે સ્વીકારાય છે, પણ પથરાની કણીઓ વડે નહીં.

274. Even lowly people with humility can accept other people's success; just like fragrance comes from flowers of the sesame plant and not from its seeds.

२७५. लधीयानपि शिष्टात्मो पकाराय महीयसाम् ।
अब्धेरपामपाराणां, किं वृद्धयै नोदितः शशी ? ।।

૨૭૫. નાનો પણ શિષ્ટ પુરૂષ મોટાનાં ઉપકાર માટે થાય છે. શું પાર વગરના સમુદ્રના પાણીની વૃધ્ધિ માટે ચંદ્ર ઉગતો નથી ?

275. A small, but cordial man can bring benefit to great men; just like the moon shines to bring benefit to the huge ocean.

२७६. कुपुत्रैः कुलविध्वंसो, जातमात्रैर्विधीयते ।
मूलादुन्मूलनाय स्यात्, कदल्यां फलसंभवः ।।

૨૭૬. કુપુત્રો વડે જન્મવા માત્રથી કુળનો નાશ કરાય છે. જેમ કેળનું ફળ મૂળમાંથી તેને ઉખાડવા માટે થાય છે.

276. Bad sons are born to disgrace the family; just like the fruit of banana destroys the whole tree right form its roots.

२७७. धने सत्यपि तेजस्वी, नैधते सुहृदं विना ।
पिधानरुद्धवातः किं, दीपः स्त्रेहे सुदीप्तिमान् ? ।।

२७७. તેજસ્વી લોકો ધન હોવા છતા પણ મિત્રો વિના વૃધ્ધિને પામતા નથી. રોકાયેલા પવન વડે દીપ શુ તેલ માત્ર થી પ્રજ્જવલિત થાય છે. ?

277. Bright people with riches do not attain wealth without friends; a lamp cannot burn on oil alone without air.

२७८. संपत्तौ च विपत्तौ च, महान् स्यात् समवैभवः ।
उदयेऽस्तमने चाऽपि, स्पष्टमूर्त्तिस्त्विषांपतिः ।।

२७८. સંપત્તિમાં કે વિપત્તિમાં મહાપુરૂષોનો વૈભવ સમાન હોય છે. જેથી સૂર્યોદય વખતે અને સૂર્યાસ્ત વખતે પણ તેઓનો વૈભવ સમાન હોય છે. જેમ સૂર્યની આકૃતિ સ્પષ્ટ હોય છે.

278. The splendour of great people remains the same in richness or poverty; just like the shape of the sun remains the same with sunrise or sunset.

२७९. मूर्खाणामग्रतो वाचां, विलासो वाग्मिनां मुधा ।लास्यं
वेषसृजां वन्ध्यं, पुरतोऽन्धसभासदाम् ।।

२७९. મૂર્ખાઓની આગળ બુધ્ધિશાળીઓનો વાણીનો વિલાસ નકામો છે. જેમ આંધળા સભાસદોની વચ્ચે સારા વેશથી નાચવું નકામું છે.

279. Wise words of intelligent people are wasted on stupid people; just like dressing up and dancing before blind people.

२८०. सुखदुःखे समं स्यातां, सुहृदां सहवासिनाम् ।
सहैवोन्नतिपतने, स्तनयोरेकहृत्स्थयोः ।।

२८०. સાથે રહેતા મિત્રોની સુખ દુઃખમાં સમતા હોય છે. જેમ એક જ હૃદય ઉપર રહેલાં બે સ્તનોમાં સાથે જ ચડવાપણું અને પડવાપણું હોય છે.

280. Friends share joy and grief equally when they are together; just like the two breasts move equally.

२८१. संबन्धेऽपि दुराचार चञ्चवः स्युरपण्डिताः ।का सुता
का स्वसा काऽम्बा, पशूनामविवेकिनाम् ? ।।

२८१. અપંડિતો સંબંધને વિશે પણ દુરાચારી હોય છે. અવિવેકી પશુઓને જેમ તેમને શું પુત્રી અને શું બહેન કે શું માતા ?

281. Foolish people are disrespectful of relationships; just like animals have relations with their own sisters, mothers or daughters.

२८२. प्रातिवेश्मिकदुःखे स्यु मृदूनामसमाधयः ।जातायां
मूर्ध्नि पीडायां, किं दृशोर्न त्विषाम्पतिः ? ।।

२८२. પાડોશી દુઃખી થયે છતે નમ્ર લોકોને દુઃખ થાય છે. શું માથામાં દુઃખાવો થયે છતે સૂર્ય આંખોને દુઃખ આપતો નથી ?

282. Humble people feel sad when their neighbours are sad; doesn't the sun hurt the eyes even when one already has a headache?

२८३. सेवाप्रह्वं भवेद्विश्वं, निष्ठुरेऽपि धनाढ्यते । कीटकैः क्लृप्तपीडायां, केतक्यां किमु नादरः ? ।।

૨૮૩. નિષ્ઠુર એવા ધનવાનને વિશે પણ વિશ્વ સેવા વડે નમ્ર બને છે. જેમ કીડીઓ વડે પીડા કરાયે છતે પણ કેતકીના ફૂલને વિશે શુ આદર નથી થતો ?

283. People humbly serve even hard-hearted wealthy people; isn't the flower of Ketaki respected even when bitten by ants ?

२८४. शुद्धात्मनि गतेऽपि स्यात्, स्थानं तद्भावभावितम् । किं विक्रीतेऽपि कर्पूरे, नास्पदं सौरभान्वितम् ? ।।

૨૮૪. શુધ્ધ આત્માઓ ગયે છતે પણ તેમનું સ્થાન તેમના ભાવથી ભાવિત હોય છે. શું કપૂર વેચાયે છતે પણ તે સ્થાનમાં તેની સુગંધ નથી રહેતી ?

284. When pure souls leave, their position still holds their essence; Does the place where camphor is kept not smell good even after the camphor is sold ?

२८५. नोज्झन्ति तद्गुणाः स्थानं, गतस्याऽपि दुरात्मनः । गन्धस्त्यजति किं पात्रं, निष्काशितेऽपि रामठे ? ।।

૨૮૫. દુરાત્માઓ જતાં રહે છતાં પણ તેઓનાં ગુણો તે સ્થાન છોડતાં નથી. શું હીંગનાં પાત્રમાંથી હીંગ કાઢી નાખો તો પણ શું તે ગંધનો ત્યાગ કરે છે ?

285. The sins of wicked people still remain behind after they leave; the vessel storing asafoetida still smells of it after the powder is removed.

२८६. अतिप्रेयान् महात्माऽपि, भवेन्नावसरं विना । यत्तक्रोदनवेलायां, शर्करा कर्करायते ।।

૨૮૬. ઘણાં પ્રિય એવા મહાત્મા પણ અવસર વગર (તેમનું મહત્ત્વ નથી) જેમ છાસ અને ભાત આરોગતી વખતે જે સાકર નાં ટુકડા આવી જાય તો તે કાંકરા જેવા લાગે છે.

286. Even great people are not appreciated except at the right opportunity; when eating buttermilk and rice, even the pieces of sugar trouble us like pebbles.

२८७. अधिकारात् स्यादर्थस्य, प्रतीतिः प्रतिभान्विता । रणे राजन्ति मातङ्गा, अत्र कुञ्जरनिर्णयः ।।

૨૮૭. અર્થનાં અધિકારથી પ્રતિભા સહિત પ્રતિતિ થાય છે. જેમ રણમાં હાથીઓ (જ્યારે યુધ્ધ કરતાં હોય) વિશેનો અભિપ્રાય આપી શકાય –

287. One with wealth is believed to be talented; just like elephants are appreciated in a battlefield.

२८८. सच्छिद्रे रसिकात्मभ्यः, क्वचिन्नादीयते रसः । नीरं नीराशयेभ्यः किं, चातकैः परिभुज्यते ? ।।

૨૮૮. દોષવાળાં રસિક આત્માઓથી ક્યારેય રસની પ્રાપ્તી થતી નથી. શું તળાવમાંથી ચાતકો વડે પાણી પિવાય છે ?

288. Talented people with vices cannot gain the essence sometimes; the Jacobin cuckoo bird does not drink water from a pond.

२८९. अहो ! तेजस्विनां कापि, कला कौशलपेशला । चिन्ता चिन्तानिवृत्तिश्च, दृग्भ्यामेवाऽवगम्यते ।।

૨૮૯. અહો, તેજસ્વીઓની કોઈક વિશિષ્ટ મનોહર કળા કૌશલ્ય છે જેથી એમની ચિંતા અને ચિંતાની નિવૃત્તિ (ચિંતાનું જતાં રહેવું) તે બન્ને તેમની આંખોને જોઈને જ સમજાઇ જાય છે.

289. There is some talent in brilliant people so that you can look into their eyes and understand whether they are worried or not.

२९०. सेवा तिष्ठतु दुष्टानां, दर्शनादपि भीतयः । प्रेक्षिता अपि किं सर्पाः, न संत्रासस्य कारणम् ? ।।

૨૯૦. દુષ્ટોની સેવાતો દૂર રહો તેમના દર્શનથી પણ ડર લાગે છે. શું જોવા માત્રથી સાપ ડરનું કારણ નથી થતો ?

290. One fears the very sight of wicked people, let alone taking their services. Doesn't the very sight of a snake frighten us ?

२९१. अकीर्त्तिः पापसङ्गेऽपि, लघोः स्यान्न गरीयसः । विनश्येद्वायसैः पीते, तोये कुम्भश्च नो सरः ।।

૨૯૧. પાપના સંગથી નાના માણસની અપકીર્તિ થાય છે. મોટાને કાંઈ નહિ. જેમ કાગડાઓ વડે પિવાયે છતે ઘડાનું પાણી ખતમ (બગડે) થાય છે. સરોવરનું નહી.

291. A small person becomes infamous due to association with sins, but not a great person. Crows can finish off the water from a pot, but not from a pond.

२९२. अपि सत्सु कलावत्सु, पूज्यते पदमर्चिषाम् । नेन्दौ सत्यपि किं प्रात र्नमस्कुर्वन्ति भास्करम् ? ।।

૨૯૨. કળાવાનો હોતે છતે પણ સૂર્યનાં કિરણોની પૂજા થાય છે. અથવા શિલ્પી (કળાવાન) દ્વારા બનાવેલા પૂજ્યોના પગલા પૂજાય છે. જેમ સવારે ચંદ્ર હોતે છતે પણ લોકો સૂર્યને નમસ્કાર કરે છે.

292. People worship the rays of sun despite the presence of artistic people; just like people bow down to the sun in the morning despite the presence of the moon.

२९३. सत्यामप्यन्यसाम्राज्यां, न स्यात् कालं विना फलम् । आविर्भूयाद् घृतं दुग्धात्, किं विना दिवसान्तरम् ? ।।

૨૯૩. અન્ય સામગ્રી હોતે છતે પણ સમય પાક્યા વગર ફળ નથી મળતું. એક દિવસનું અંતર પડ્યા વગર શું દૂધમાંથી ઘી પ્રાપ્ત થઈ શકે ?

293. We cannot gain the fruits of labour before the right time; just like we cannot obtain ghee from milk unless we let it rest for a day.

२९४. कर्कशेष्वपि या तस्थौ, सतां वाक् सा च नाऽन्यथा । ये वर्णा ग्रावसूत्कीर्णा, भवेत्तेषां किमत्ययः ? ।।

૨૯૪. કજીયાળા લોકોને વિશે પણ સજ્જનોની વાણીમાં ફેરફાર નથી થતો, શું પથ્થર ઉપર કોતરાયેલાં અક્ષરોમાં ફેરફાર થઈ શકે ?

294. Good people do not change their good behaviour even with irritable people; just like one cannot change the words etched on a stone.

२९५. लघूनामपि बाहुल्यं, दोष्मतामप्यशर्मकृत् । दुःसहाः
शकटोद्वाहे, धुर्याणां धूलयो न किम्? ।।

૨૯૫. બળવાનને પણ નિર્બળ વસ્તુની પ્રચુરતા તકલીફ આપનારી છે. શું ગાડાનો ભાર ખેંચતા બળદોને ધૂળ સખત તકલીફ નથી આપતી ?

295. A lowly thing gives grief to a brilliant person; just like the dust gives trouble to bulls pulling a cart.

२९६. अन्तःसारे गतेऽप्युच्चैः, शुद्धात्मा मानमर्हति । हृतेऽपि
नवनीते किं, न लोकैस्तक्रमादृतम्? ।।

૨૯૬. અંદરથી સાર (કર્મ) નિકળી ગયે છતે શુધ્ધાત્મા માનને યોગ્ય બને છે. શું માખણ નિકળી ગયે છતે બાકી રહેલા પાણીને વિશે પણ લોકો દ્વારા તક્રનાં (છાસના)નામથી આદર પામતાં નથી ?

296. When all karmas leave a pure soul, people still respect him; just like people use the water remaining after ghee is extracted as buttermilk.

२९७. आत्मसात्कुरुते सिद्धिं, सर्वतः सरलः पुमान् ।
कूपस्तम्भो न किं लेभे, यानपात्रे प्रधानताम्? ।।

૨૯૭. સરલ (સજ્જન) પુરૂષ ચારેય બાજુથી બધી સિધ્ધિઓને પ્રાપ્ત કરે છે, વહાણને વિશે તેનો વચ્ચેનો થાંભલો શું મુખ્યતા પ્રાપ્ત કરતો નથી ?

297. A good man gains all sort of fame and success from everywhere; just like the middle pillar is the most important in a boat.

२९८. सरलोऽपि मुखे दुष्ट स्त्रासकृज्जगतां मतः । कदाऽपि
कोऽपि न क्वाऽपि, कुन्ततः कलयेद्भियम्? ।।

૨૯૮. અગ્રભાગમાં સીધો પણ દુષ્ટ, ત્રાસ કરનારો જગતમાં મનાય છે. શું ક્યારે પણ કોઈપણ ક્યાંય પણ ભાલાથી ભય પ્રાપ્ત ન કરે ?

298. A simple living vile person is also considered troublesome by the world. Aren't people afraid of a spear anywhere any time?

२९९. पापात्मानो निजार्थाय, परेषामसुखेच्छवः ।
घृताल्लाभाय तत्स्वामी, गवामिच्छति तुच्छताम् ।।

૨૯૯. પાપીઓ પોતાનાં સુખ માટે બીજાને દુઃખી કરવાની ઈચ્છા રાખે છે. જેમ ઘીનો લાભ થયા પછી તેનો માલિક ગાયને ગણકારતો નથી.

299. Sinners wish to hurt others to gain their own happiness; just like a person disregards a cow after he obtains ghee from its milk.

३००. गते सारे मृदूनां स्या दवस्थास्पदमश्रियाम् ।
त्यक्तस्नेहास्तिलाः पश्य, खलतां प्रतिपेदिरे ।।

૩૦૦. સાર વસ્તુ ગયે છતે કોમળ લોકોની સ્થિતિ શોભા વગરની થાય છે. જેમ તલમાંથી તેલ કાઢી લીધા પછી તેની સ્થિતિ ખલ તરીકે મનાય છે.

300. When gentle people lose their essence, they are no more wanted; just like after oil is extracted from sesame seeds, they are used as fodder.

३०१. अल्पीयसाऽपि पापेन, विनश्येत् सुकृतं बहु । दुग्धं काञ्जिकलेशेन, प्रस्कुटेदतिबह्वपि ।।

૩૦૧. થોડા પણ પાપ વડે ઘણું પુણ્ય નાશ પામે છે. જેમ થોડી કાંજી (ખટાશ) વડે ઘણું પણ દૂધ ફાટી જાય છે.

301. Even a little sin can destroy all the virtue gained; just like a little quantity of sourness destroys a lot of milk.

३०२. व्यसनेऽपि विमुञ्चन्ति, स्वकीया नहि कर्हिचित् । शुष्के सरसि तत्रैव, म्लानाः पङ्कजपङ्क्तयः ।।

૩૦૨. ગમે તેટલી તકલીફ આવે તો પણ આપણાં આપણને ક્યારે પણ છોડતાં નથી. જેમ સરોવર સૂકાઈ જાય ત્યાં જ બિડાઈ ગયેલાં કમળોની શ્રેણી હોય છે – રહે છે.

302. Our loved ones do not desert us in times of trouble; just like lotuses bloom in a dried pond.

३०३. तनवः पतिताः क्लेशे, त्यजन्ति चिरसौहृदम् । जन्मस्नेहः क्षणात्त्यक्तो, यन्त्रान्तःपतितैस्तिलैः ।।

૩૦૩. હલકા લોકો તકલીફ આવે છતે લાંબા કાળની મૈત્રીને છોડી દે છે. જેમ પહેલેથી ચિકાશવાળા તલ જેવા યંત્રમાં પડે છે કે તરત પોતામાં રહેલાં સ્નેહ (તેલ) નો ત્યાગ કરે છે.

303. Lowly people give up old friendships in times of trouble; just like humid seeds of sesame give up oil as soon as they are put in a mill.

३०४. अल्पैर्निर्याति नोपायै र्नवीनाऽपि तमोमतिः । यत् सद्यस्कोऽपि किं नीली रागोऽद्भिरगमत्क्षितिम् ? ।।

૩૦૪. નવી હોવા છતાં પણ તામસિક બુધ્ધિ થોડા પ્રયત્નો દ્વારા નીકળતી નથી. જેમ તાજો પણ નીલી રાગ (ગાઢ રંગ) પાણી દ્વારા શું દૂર કરી શકાય છે?

304. A bad temper, even when newly acquired, does not go away with effort; just like one cannot remove deep blue stain with water.

३०५. प्रचुरा प्रकृतिः प्रायः, प्रेक्ष्यते पापपूरिता । स्त्रीरूपो वाऽयं पुंरूपो, द्विधा दृष्टो नपुंसकः ।।

૩૦૫. ઘણી કર્મ પ્રકૃતિઓ પાપથી ભરેલી દેખાય છે. જેમ સ્ત્રી સ્વરૂપે અથવા પુરૂષ સ્વરૂપે બે રીતે નપુંસક દેખાય છે.

305. Usually we can see excess bad qualities in a sinful person; just as we can see eunuchs both with male & female traits.

३०६. अपि स्वच्छात्मनां नीच गामितां हन्ति कोऽपि न । वारिता केन किं क्वाऽपि, सलिलानामधोगतिः ? ।।

૩૦૬. સ્વચ્છ લોકોની નીચ ગામિતાને કોઈ પણ હણતું નથી. શું પાણીનું નીચું જવું ક્યાંય કોઈના વડે રોકાયું છે ?

306. No one can stop the downfall of pure people going on lowly paths; can anyone stop water from flowing downwards?

३०७. दद्दशेऽपि व्यथायोगे, पुरस्तात् साहसी भवेत् ।
अगत्वाऽपि प्रहारेषु, पाण्योर्युगलमग्रतः ।।

૩૦૭. તકલીફ દેખાયે છતે પણ સાહસીક આગળનાં મોરચે જાય છે. અને પાછા પડ્યા વગર પણ જે પ્રહાર પોતાનાં પર થાય તેને આગળ જઈને બે હાથમાં સ્વીકારી લે છે.

307. A courageous person moves ahead even if he faces trouble; even when attacked, he doesn't move backward but moves forward and faces it.

३०८. अन्तःसारोऽप्यशुद्धात्मा, न क्वचिद्वल्लभो भवेत् ।
काम्यःश्चाण्डालकूपः किं, भूयसाऽप्यम्भसा भृतः ? ।।

૩૦૮. અંદર સારવાળો પણ અશુધ્ધ આત્મા ક્યારેય કોઈને પ્રિય થતો નથી. ચંડાળનો કૂવો ઘણાં પાણીથી ભરાયેલો પણ શું ઈચ્છવા યોગ્ય છે ?

308. A talented person with an impure soul is not liked by any; just like people do not drink water from a well that is haunted.

३०९. सर्वे धर्माः पिधीयन्ते, दोषेणैकेन भूयसा । किं नाशं
नेतरे वर्णाः, प्रयान्ति मलिनाम्बुना ? ।।

૩૦૯. એક દોષ વડે બધા ધર્મો ઢંકાઈ જાય છે. શું મેલા પાણી વડે બીજા રંગો નાશ નથી પામતાં ?

309. All good karmas are overshadowed by one vice; just like dirty water destroys all other colours.

३१०. दुःस्पर्श पापवृत्तीनां, जडे स्यान्नेतरात्मनि ।
काकोत्सृष्टमपानीयं, पानीयं न पुनर्घृतम् ।।

૩૧૦. પાપની પ્રવૃત્તિઓનો ખરાબ સ્પર્શ મૂર્ખ વ્યક્તિ પર જ થાય છે. બીજા બુધ્ધિશાળી વ્યક્તિ પર નહિ. કાગડો શુધ્ધ ઘીના સ્થાને એઠું અને પીવાને માટે અયોગ્ય પાણી પીએ છે.

310. The sinful activities can only affect moronic people and not intelligent people; just like a crow eats leftover food and drinks dirty water instead of having pure ghee.

३११. न स्यान्मध्यस्थता शस्ता, कुस्थानैर्निर्मिता सती ।
यद्भवेत् प्राणवान् पण्ड स्तुन्दे मध्यस्थतां दधत् ।।

૩૧૧. કુસ્થાને રહેલી મધ્યસ્થતા પ્રશંસનીય નથી. ઉદરમાં મધ્યસ્થતા ધારણ કરતો જીવ (પ્રાણવાન) નપુંસક બને છે. (માતાના ઉદરમાં ડાબી–જમણી બાજુ અનુક્રમે પુત્રી–પુત્ર ગર્ભ હોય છે વચ્ચે નપુંસક ગર્ભ હોય છે.)

311. Mediating in the wrong place is not praiseworthy; just like a soul taking shape in the centre of the womb becomes a eunuch, while on the right and left become a son and a daughter.

३१२. नासन्नेऽपि रतिः पापे, तुङ्गे दूरेऽपि चादरः । निष्कास्यते
गृहादोतु र्वनाच्चानीयते करी ।।

૩૧૨. મહાપુરૂષોને નજીક રહેલાં પણ પાપીમાં રતિ નથી – દૂર રહેલા પણ ઉંચામાં આદર છે. જેમ ઘરમાંથી બિલાડીને બહાર કઢાય છે અને વનમાંથી હાથીને લવાય છે.

312. Sinful people, even if close, are not respected; while great people even if far are respected; just like a cat is driven out of the house but an elephant is brought from the forest.

३१३. गुणिसङ्गे कृते नून मन्याः पुण्योपलब्धयः । चीरे परिहितेऽन्येषां, शृङ्गाराणां परिग्रहः ।।

૩૧૩. ગુણવાનનો સંગ કર્યે છતે ખરેખર બીજી પણ પુણ્યની ઉપલબ્ધીઓ (પ્રાપ્ત) થાય છે. જેમ વસ્ત્ર પહેર્યે છતે શૃંગારનું ગ્રહણ થાય છે.

313. Associating with a virtuous person helps us to gain other types of virtues; just like we attain beauty of ornaments by wearing clothes.

३१४. विनोपायेन वैदग्ध्यं, शिक्ष्यते सन्निधौ सताम् । मुधैवामोदलब्धिः स्या न्न किं सौगन्धिकापणे ? ।।

૩૧૪. સજ્જનોની નજીકમાં વગર ઉપાયે ચતુરાઈ શીખાઈ જાય છે. શું સુગંધિત પદાર્થોની દુકાનમાં સુગંધ એમને એમ નથી મળતી?

314. Closeness to genuine people makes us smarter; just like we smell beautiful fragrances for free in a perfume shop.

३१५. एकोऽपि सुमना दत्ते, यं गुणं तं न पार्थिवाः । एक पुष्पेण सौरभ्यं, यन्न रत्नशतेन तत् ।।

૩૧૫. એક દેવ જે અનેકગણું આપે છે, તેની આગળ રાજાઓ કાંઈ આપતાં નથી. જેવી રીતે એક ફૂલમાં જે સુગંધ છે તે સો રત્નોમાંથી પણ નથી મળતી.

315. What a single deity can give us, even kings cannot provide; just like gems cannot give us the fragrance that a single flower can.

३१६. जातिसाम्येऽपि सर्वत्र, संपत्तिरतिरिच्यते । तरुत्वेऽप्यन्यवृक्षेभ्य श्चम्पको यद्विशिष्यते ।।

૩૧૬. જાતિની સમાનતા હોવા છતાં બધે સંપત્તિ જ મુખ્ય છે. જેમ બધા વૃક્ષોમાં ચંપકનું ઝાડ વિશેષ કહેવાય છે.

316. Despite belonging to the same caste, it is wealth that matters; just like the tree of Champak is special among all tree species.

३१७. गुणमुक्ताः स्वयं पापाः, परच्छिद्रगवेषिणः । बाणा बाणासनान्मुक्ता, निदर्शनमिहाऽभवत् ।।

૩૧૭. ગુણથી રહિત સ્વયં પાપીઓ બીજાનાં દોષો શોધતાં હોય છે જેમ ધનુષમાંથી છુટા મુકાયેલાં બાણો તે અહીં દ્રષ્ટાંત રૂપે છે.

317. Sinners look for vices in other people, just like arrows look for targets once they are thrown off the bow.

३१८. दौष्कर्यं जायते तुङ्गाच्छ्रयतां न च मुञ्चताम् । चिन्त्याऽत्र शैलशृङ्गेषु, क्रियाऽऽरोहावरोहयोः ।।

૩૧૮. જેમ ઉપર જઈએ તેમ વધારે (તકલીફ) થાય છે, તેનો આશ્રય કરવો પણ છોડવો નહીં. આ વિષયમાં પહાડનાં શિખરનાં વિષયમાં ચઢવા અને ઉતરવાની ક્રિયાનો વિચાર કરવો.

318. The higher we climb the more troubles we face, but don't discontinue. Think of climbing and descending a mountain.

३१९. सर्वशक्त्याश्रितोऽनर्थ, हेतुः स्वोऽपि जडाशयः ।

स्यादन्तःपतितानां किं, कूपः स्वोऽपि न मृत्यवे ? ।।

૩૧૯. જડાશય પોતાનો હોય તોય સર્વ શક્તિથી તેનો આશ્રય કરવામાં આવે તો અનર્થનું કારણ બને છે. કૂવો પોતાનો હોય તોય તેની અંદર પડેલાને એ મારી જ નાખે છે ને ?

319. Even when a water reservoir is yours, if you take shelter under it, it brings much damage. Even if you own a well, if you fall in it, it kills you.

३२०. यदागमे भवेद्वृद्धि स्तन्नाशे चार्त्तिरर्हति ।

यौवनेऽभ्युन्नतौ तस्मिन्, गते च पतितौ स्तनौ ।।

૩૨૦. જેના આગમન માં વૃધ્ધિ થાય છે તેનાં નાશમાં તે પીડા ને યોગ્ય બને છે, જેમ યૌવન નાં આગમન માં સ્તન એકદમ ઉંચા થઈ જાય છે તે જ સ્તન યૌવન જતા ની સાથે નીચા પડી જાય છે.

320. A person who gains success at the onset also gains pain in his descent; just like at the onset of youth, the breasts rise and droop when the youth is gone.

३२१. करोति गुणवानेवो पकारं सर्वदा सखे ! ।

ग्रीष्मे प्रावृषि शीते च, त्राणकृत् पट एव यत् ।।

૩૨૧. હે મિત્ર! ગુણવાન હંમેશા બધા ઉપર ઉપકાર કરે છે. જેમ ઉનાળામાં, ચોમાસામાં કે શિયાળામાં બધી ઋતુમાં વસ્ત્ર રક્ષણ આપે છે.

321. O friend, a virtuous person is always a blessing to all; just like clothes protect us in all seasons.

३२२. ज्योतिष्मांश्छिद्रलीनोऽपि, स्यादणूनां प्रसिद्धये ।

यज्जालान्तरगे भानौ, ज्ञायन्ते रेणवोऽणवः ।।

૩૨૨. તેજવાળી વસ્તુ કાણાવાળી હોય તો પણ પરમાણુ ને બતાડે છે. જે કારણ થી જાળીની મધ્યમાંથી પસાર થતા સૂર્ય (કિરણો) વડે ઝીણી રજકણો પણ જણાય છે.

322. A luminous thing with a hole draws our attention to the smallest of molecule; just like when sun's rays pass through a sieve, they show us small particles.

३२३. लघीयसाऽपि सुहृदा, मिलितेन बलोन्नतिः ।

फूत्कारेण हि सप्तार्चिः, प्राणपुष्टिं बिभर्त्ति यत् ।।

૩૨૩. નાના પણ મિત્રો ભેગા થાય તો બળ ની ઉન્નતિ થાય છે. જેથી ફૂંક મારવાથી આગ ની અંદર પ્રાણ ની પુષ્ટિ થાય છે.

323. When small people gather, it increases their strength; just like when blown upon, fire gains more strength.

३२४. क्वचिदाह्लादयेद्विश्व मपि जाड्यं कलावताम् ।

मुदे निशि न किं ग्रीष्मे, शीता अपि विधोः कराः ? ।।

૩૨૪. ક્યારેક કળાવાનો ની જડતાં (ઠંડક) બધાને આનંદ આપે છે. જેથી ઉનાળામાં રાત્રી માં ચંદ્રનાં ઠંડા કિરણો શું આનંદ નથી આપતાં ?

324. The coolness of enlightened people give joy to all; just like the coolness of the moon is enjoyed by all on a summer night.

३२५. सुखचिह्नमपि स्थाना ऽभावाद्भवति कुत्सितम् ।

हसन् बाढस्वरेण स्या दपमानपदं पुमान् ।।

૩૨૫. સુખનું કારણ પણ સ્થાનનાં અભાવથી અશુધ્ધ બની જાય છે. જેથી મોટા અવાજે હસતો પુરૂષ અપમાનનું સ્થાન થઈ શકે છે.

325. Feeling joy at the wrong time and place can become detrimental; just like a man laughing too loudly is disrespected by all.

३२६. कृत्वाऽरेरपि विनयं, दुर्दशां गमयेत् सुधी; ।

यद्वेतसः सरित्पूरं, नम्रीभूयातिवाहयेत् ।।

૩૨૬. ક્યારેક દુશ્મનના સામે વિનય પણ બુધ્ધિશાળી ને દુર્દશા પ્રાપ્ત કરાવે છે. જેથી નદીના પુરમાં નમી ગયેલી નેતર પ્રવાહને વહન કરે છે.

326. Sometimes being polite to an enemy can bring destruction to an intelligent person; just like a wicker that bows down to allow the flooded river in flow.

३२७. यज्जातं तद् बभूवैव, का कार्या तत्प्रतिक्रिया ? ।

ब्रूहि भो ! मुण्डिते मूर्ध्नि, किं मुहूर्त्तावलोकनम् ? ।।

૩૨૭. જે થવાનું હતુ તે થઈ ગયું હવે એની પ્રતિક્રિયા શું કરવી જેથી તમેજ કહો મસ્તક મુંડાયા પછી મુહૂર્ત જોવાનો શું મતલબ ?

327. It is no use reacting to something that is past; just like it is no use looking for an auspicious time for a haircut after one's head is shaved.

३२८. सुखं च दुःखमथवा, यद् भूतं मा स्म चिन्तय ।

लोकोक्तिरपि यद्विप्रै र्नातीता वाच्यते तिथिः ।।

૩૨૮. સુખ અથવા દુઃખ જે થયું તેની ચિંતા ન કર લોકોમાં એવું કહેવાય છે કે બ્રાહ્મણો વડે ભૂતકાળ ના વિષય માં કાંઈ કહેવાતું નથી.

328. Joy or grief, one should not worry about what has already happened. The Brahmins do not say anything on what is past.

३२९. कायेनैव श्रियां हानौ, वल्लभास्तुङ्गमूर्त्तयः ।

अपि पुष्पफलाऽभावे, शाखाभिश्चन्दना मुदे ।।

૩૨૯. મોટા લોકો પોતાની શોભાની હાનિ થયે છતે કાયાથી જ પ્રિય બને છે. જેમ ચંદન–વૃક્ષ પુષ્પ ને ફળ નાં અભાવમાં પણ શાખાઓ વડે આનંદ આપે છે.

329. Great people are still liked by all even when they are blemished just by their mere presence; just like the tree of sandalwood does not bear fruits, but is known due to its branches.

३३०. लघूनां यत्र तत्राऽपि, निर्वृतिर्महतां न च ।

शशानां यत्र तत्राऽपि, यच्छाया न च हस्तिनाम् ।।

૩૩૦. નાના માણસોને જ્યાં ત્યાં સુખ–શાંતિ મળી શકે છે પણ મોટાને નહીં. જેમ સસલાંને જ્યાં ત્યાં પણ છાયા મળી જાયે પણ હાથી ને નહી.

330. Lowly people can gain peace and happiness anywhere, but not great people; just like the rabbit can find shade anywhere but an elephant cannot.

३३१. नीचमध्योत्तमेषु स्या त्तुल्या दृग् विशदात्मनाम् ।

किं संक्रान्तिर्न शीतांशोः, कूटकूपपयोधिषु ? ।।

૩૩૧. હલકાં, મધ્યમ અને ઉત્તમ લોકોને વિશે પંડિતો ની દ્રષ્ટિ સરખી હોય છે. શું ચંદ્રનાં કિરણો નું પ્રતિબિંબ પર્વત, કૂવા કે સમુદ્રમાં સમાનરૂપે નથી પડતા ?

331. Pundits treat lowly, medium and great people alike. Don't the moon's rays fall equally on mountains, wells and oceans?

३३२. मयाऽस्थापीति मावज्ञा स्पदं तेजस्विनां कृथाः ।

स्वयमुद्दीपितो दीपो, हतोऽङ्गुल्या न किं दहेत् ? ।।

૩૩૨. મેં આને સ્થાપિત કર્યો છે (આવું વિચારીને) ક્યારેય પણ તેજસ્વીઓની અવગણનાં ન કરવી. કેમ કે પોતાનાં હાથે પ્રગટાવેલો દીવો શું પોતાની આંગળીને બાળતો નથી ?

332. If you ignore a brilliant person thinking you have put him on a high post, he will disobey you; just like a lamp hit by you can burn your finger.

३३३. नाऽलं स्वार्थेऽपि शुद्धाःस्युः, परस्परमसङ्गताः ।

किं मिथो मिलानाभावे, दन्ताश्चर्वणचञ्चवः ? ।।

૩૩૩. પરસ્પર અસંગત (નહીં જોડાયેલાં) શુધ્ધ લોકો પણ પોતાનાં અર્થને સિધ્ધ નથી કરી શકતાં. જેમ બધા દાંત પરસ્પર ભેગા ન થાય તો શું તે ચુરો કરી શકે ?

333. Even pure souls who are not united cannot earn/attain their purposes; just like if teeth do not work together, they cannot chew food.

३३४. दुष्टधीर्वर्धितो यत्र, भवेत्तत्स्थाननाशकृत् ।

अग्निः प्रोद्दीपितो यत्र, तद्दाहे नास्त्यनिर्णयः ।।

૩૩૪. જ્યાં દુષ્ટ બુધ્ધિવાળો વધી જાય છે તે સ્થાન માટે તે વિનાશક હોય છે. જેમ, સળગાવેલો અગ્નિ વધી જતાં તે સ્થાનને નિશ્ચિત સળગાવી દેશે.

334. A place where evil people gain strength becomes dangerous; just like when fire goes out of control, it destroys the place where it is lit.

३३५. इमाः स्त्रिय इतीमासु, मा स्म कुर्ववही(हे)लनम् ।

किमङ्गुलीर्विनाङ्गुष्ठः, कृत्यं कर्तुं किमप्यलम् ? ।।

૩૩૫. આ સ્ત્રીઓ પ્રેમ કરે છે તેની અવગણના કરવી નહીં. શું આંગળીયો વગર અંગુઠો કશું કરવા સમર્થ થાય છે ?

335. Do not ignore women who express love; can a thumb work alone without the support of other fingers?

३३६. गतामवस्थां मा ध्याय, राज्ञि व्रतिनि योषिति ।

कौशेंयां भोजपूर्वा यत्, कृमिकर्दमलोमजाः ।।

૩૩૬. રાજા, સાધુ અને સ્ત્રીની પૂર્વાવસ્થાનો વિચાર ન કરો. કૃમિ, કર્દમ (કાદવ) અને લોમમાંથી રેશમ કમળ અને શરીર ઉત્પન્ન થાય છે.

336. One should not question a king, a sadhu and a woman on their past. Silk is produced from worms, lotus from mud & body from lom

३३७. अपि पूर्वसुखं गच्छ त्युत्सवेऽप्यमहात्मनाम् ।

दत्तहर्षासु वर्षासु, नाऽर्काणां किमपत्रिता ।।

૩૩૭. જે આત્માઓ મહાન નથી હોતા, તેઓનું સુખ, ઉત્સવમાં પણ જતું રહે છે.... સૌને હર્ષોત્સવનું કારણ બનતી વર્ષાઋતુમાં શું આકડો પાંદડા વગરનો નથી થઇ જતો ?

337. Those who are not great souls, do not find happiness even in festivities. Doesn't the tree of Aakdo become leafless during monsoon?

३३८. पापवान् संगतः पापैः, स्यान्महानर्थकारणम् ।

खरैरुत्थापितः पांशु र्विशेषात् किं न पुण्यहृत् ? ।।

૩૩૮. પાપીનો પાપી સાથેનો સંગ મહા અનર્થ નું કારણ છે. જેમ ગધેડા વડે ધૂળ ઉડાડાય તો શું તે પુણ્યનો નાશ નથી કરતું ?

338. A sinner associating with another sinner can bring much destruction. When a donkey kicks up sand, it destroys good karma.

३३९. अव्यक्ता अपि हृष्यन्ति, संरावरसशीलिताः ।

जहाति जननीगीतै र्न किं रुदितमर्भकः ? ।।

૩૩૯. નહી દેખાવા છતાં પણ શકોરામાં રહેલી ઠંડક આનંદ આપે છે. શું રોતો બાળક માતા નાં ગીતો વડે રૂદન ને છોડતો નથી ?

339. Despite being invisible, the coolness in an earthern bowl is enjoyable. Doesn't a child give up crying when his mother sings?

३४०. विधत्ते कृत्यमुग्राणां, तुच्छोऽपि तत्परिच्छदः ।

(न हि) अहि फेनस्य सन्तुष्टिः, स्यात्तदीयैस्तुषैरपि ! ।।

૩૪૦. ઉગ્ર વસ્તુઓના નાના તુચ્છ અંશો પણ ઉગ્રવસ્તુઓની પ્રતિક્રિયા બતાવી શકે છે. અફીણના (નશાનો) સંતોષ તેના ફોતારાઓથી પણ થાય છે.

340. Even minute parts of a strong object can possess some of its qualities. The peel of the opium fruit also causes intoxication.

३४१. कलिः कलिकृतां पार्श्वे, स्थितानामप्यभूतये ।

वंशसंघर्षभूरग्निः, किं दहेन्नाऽखिलं वनम् ? ।।

૩૪૧. કજીયો કરનારનાં સાથે ઉભાં રહેવામાં પણ નુકશાન છે. જેમ બે વાંસના ઘર્ષણથી થયેલ અગ્નિ શું આખા વનને ન બાળે ?

341. Acquaintance with a bad-tempered person is harmful; just like fire produced from the rubbing of two bamboo poles can burn the entire jungle.

३४२. सुखचिह्नमपि स्थाने, प्राप्तमाह्लादयेज्जगत् ।

स्थितं किं कामकृन्नासीत्, स्मितं स्मितमुखीमुखे ? ।।

૩૪૨. સુખ નું કારણ પણ (યોગ્ય) સ્થાન ને પ્રાપ્ત થાય તો જગત ને આનંદ આપે છે. જેમ હાસ્યનાં મુખવાળા મુખની સામે કરાયેલું હાસ્ય શું કામ કરતું નથી ?

342. The cause of happiness brings joy to all if it is in the right place; doesn't smiling to a smiling face bring wonders?

३४३. गुरौ पूर्णेऽपि निर्बुद्धि स्तद्विद्यां लातुमक्षमः ।

अप्यब्धौ लेहनप्रह्वा, रसना रसनालिहाम् ।।

૩૪૩. ગુરૂ (જ્ઞાનનાં) ભરેલાં હોવા છતાં પણ જો બુધ્ધિ વગરનો (તેમનો શિષ્ય) જ્ઞાન લેવા માટે સમર્થ નથી તે જ રીતે કૂતરાની જીભ ચાટવામાં લાગેલી હોવા છતાં પણ, સમુદ્રના જળને ચાટી શકતી નથી.

343. A stupid person is incapable of gaining knowledge even if he studies under a knowledgeable guru; just like the tongue of a dog cannot lap up the water of oceans.

३४४. खलैरेव महात्मानः, क्रियन्ते रसनिर्भराः ।

आतपैरेव पच्यन्ते, यत्फलान्याम्रभूरुहाम् ।।

૩૪૪. દુર્જનો વડે મહાત્માઓ રસ સભર બનાવાય છે, જેમ તડકા વડે જ આંબાનાં ફળો પાકે છે.

344. It is wicked people who make great men great; just like mangoes ripe only with harsh sunlight.

३४५. महोत्सवाय मन्यन्ते, पापिनः पापसंस्तवम् ।

किं निर्भरं न नृत्यन्ति, बर्हिणो विषवीक्षणात् ? ।।

૩૪૫. પાપીઓ પાપની પ્રશંસા ને મોટા ઉત્સવ ની જેમ માને છે. શું મોર ઝેર (સાપ) ને જોઈને અત્યંત નાચ નથી કરતો ?

345. Sinners treat the praise of their sins as a big achievement (festival); just like a peacock dances when it sees a snake (poison).

३४६. समानत्वेऽपि भोगानां, विशेषः स्वस्वचिह्नयोः ।

भवेन्मैथुनतस्तृप्ति र्नराणां न च योषिताम् ।।

૩૪૬. ભોગોનું સમાનપણું હોતે છતે પણ પોત-પોતાનાં ચિન્હ (લીંગ) ની વિશેષતા છે. જેમ પુરૂષોને મૈથુન થી જેવી તૃપ્તિ થાય છે તેવી સ્ત્રીઓને નથી થતી.

346. Different genders have different traits despite enjoying the same things; sex satisfies man faster than woman.

३४७. गुणदोषसमत्वेऽपि, गुणख्यातिर्महात्मनाम् ।

रत्नकर्करमातृत्वे, रत्नगर्भा वसुन्धरा ।।

૩૪૭. ગુણ અને દોષ સમાન હોતે છતે પણ મહાપુરૂષોની પ્રખ્યાતી ગુણો વડે થાય છે. રત્ન એ પથરો હોવા છતાં પણ પૃથ્વી રત્નગર્ભા કહેવાય છે.

347. Great men are known by their virtues despite having equal virtues and vices. Even though a gem is a stone after all, the earth is still known as Ratnagarbha.

३४८. चिह्नवत्त्वे समानेऽपि, लज्जाया बीजमाकृतिः ।

स्त्रीणां स्त्रीणां न लज्जा स्यात्, पुंसां पुंसां च भूयसी ।।

૩૪૮. ચિન્હ વાળાનું સમાન પણું હોતે છતે પણ લજ્જા નું બીજ આકૃતિ છે. જેમ સ્ત્રીઓ-સ્ત્રીઓને લજ્જા નથી થતી પણ પુરૂષો-પુરૂષો ને ખૂબ લજ્જા થાય છે.

348. The root of bashfulness is shape though the symbol in same. Women don't feel shy among women, but men feel shy among men.

३४९. धने गतेऽपि दौर्गत्यं, न कदाऽपि कलावताम् ।

प्रमीतेऽपि भुजङ्गे किं, वैधव्यं पणसुभ्रुवाम् ? ।।

૩૪૯. ધન જતું રહે તો પણ કલાવાનો ને દારિદ્રય રહેતું નથી. (કલા વડે ફરી કમાઈ લે છે) તે જ રીતે વેશ્યાઓને પોતાનો જાર મરી ગયે છતે શું વિધવા પણું થાય છે ?

349. Artists do not become poor when they lose their wealth as they can earn it back with their art. Does a prostitute become a widow when her patron dies?

३५०. ऐश्वर्यमूर्जदोजोभि र्घनैः परिजनैर्न च ।

एकोऽप्येणेशतां सिंहो, भुङ्क्ते नैणो मृगौघवान् ।।

૩૫૦. અતિશય પરાક્રમ થી એકલો જ ઐશ્વર્ય ને ભોગવી શકે છે. જેમ સિંહ પોતાના પરાક્રમથી એકલો સત્તા ભોગવે છે. પણ પરિજન હોવા છતા પણ હરણ ઐશ્વર્ય ને (સત્તાને) ભોગવી શકતો નથી.

350. A great person acquires greatness by his intellect and hard work not by wealth and servants; like a lion is known as king of the jungle though alone, but a deer of not called a king even in the midst of its herd.

३५१. दारेष्वेवादरः पुंसां, यत्र तत्राऽपि दृश्यते ।

तुल्येऽप्यर्थे वधूधाम्नि, विवोढुं यान्ति यद्वराः ।।

૩૫૧. જ્યાં ત્યાં બધે પુરૂષો નો આદર સ્ત્રીઓને વિશે જ હોય છે. જેમ સમાન કારણ માટે હોવા છતાં પણ વર પરણવા માટે વધૂને ત્યાં જાય છે.

351. World over, men respect women; just like despite having the same goal, a man has to go to a woman's place to marry her.

३५२. दोष्मान्नारिवधोद्युक्तः, परिवारमपेक्षते ।

घ्नतः करिघटामासीत् ,कः सिंहस्य परिच्छदः ? ।।

૩૫૨. ભુજબલવાળો માણસ શત્રુનો વધ કરવા કુટુમ્બ (સહાયક) ની અપેક્ષા કરતો નથી. હાથિયોને મારવા સિંહ કોઈની સહાયતાથી લડયો છે? ત્યાં શું એનો પરિવાર સાથે હોય છે ?

352. A strong person does not expect help from family to end his enemy. A lion does not need help to prey on an elephant.

३५३. प्रभुता स्याददत्तैव, दोष्मतामतिशायिनी ।

आधिपत्यं मृगैर्दत्तं, किमु केसरिणामभूत् ? ।।

૩૫૩. અપાયા વગર પણ પ્રભુતા શક્તિવાળાઓની ખૂબ હોય છે. શું સિંહનું આધિપત્ય હરણીઆઓ વડે અપાયેલું છે ?

353. Strong people are dominant whether anyone agrees to it or not; just like a lion is considered dominant among deer.

३५४. कोमलानामनर्थाय, व्यापारः कठिनात्मनाम् ।

न स्याद्भ्रमिर्घरट्टानां, कणानां दलनाय किम् ? ।।

૩૫૪. કડક લોકોના સાથે કોમલ લોકોના વ્યવહાર નુકશાન કર્તા થાય છે? શું ચક્કીનું ભ્રમણ કણોના દલન માટે કારણ નથી ?

354. When gentle people deal with stern people, it is harmful to them; just like grains get crushed between the two stones of a mill.

३५५. येषां संपत्तयः प्राय स्तेषामेव विपत्तयः ।

हयेऽधिरोहः पुंसां स्यात्, पुंसां चांह्रिषु शृङ्खला ।।

૩૫૫. જેઓની પાસે સંપત્તિઓ હોય છે તેઓને જ વિપત્તિઓ આવે છે. ઘોડા ઉપર પુરૂષો સવારી કરે છે ત્યારે જંજીર થી બંધાય છે.

355. Troubles come to those who have riches. When a man rides a horse, he has to bind himself with a chain.

३५६. स्यात्तस्मिन्नेव संबन्धे, पृथक् नामाकृतेर्वशात् ।

यत्पितुः सोदरः काकः, स्वसा तस्य फईति च ।।

૩૫૬. એક જ જાતનાં સંબંધ હોવા છતાં આકૃતિને કારણે નામ જુદા રખાય છે. જેમ પિતાનાં ભાઈને કાકા કહેવાય. પણ બહેન ને ફોઈ કહેવાય છે.

356. Despite the same relation, two people are addressed differently due to their gender. Father's brother is called uncle, while his sister is called aunt.

३५७. प्रायः सापदमेवानु सरन्ति नरमापदः ।

यत्कलङ्किनमेवेन्दुं, क्षीणत्वमनुधावति ।।

૩૫૭. લગભગ આપત્તિવાળા મનુષ્યો ને આપત્તિઓ પાછળ–પાછળ આવે છે. જેમ કલંકવાળા ચંદ્ર ને ક્ષીણ પણું પ્રાપ્ત થાય છે.

357. Trouble begets trouble; just like the tainted moon has to die out in phases.

३५८. अप्युत्तुङ्गा गते सारे, भवन्ति नतिकारिणः ।

न दृष्टा यौवने याते, नम्रता किमुरोजयोः ? ।।

૩૫૮. (ઉંચાઓ) ઘમંડી પુરૂષો પણ સાર ગયે છતે નમ્ર બને છે. શું યૌવન ગયા પછી સ્તનોની નમ્રતા દેખાઈ નથી ?

358. The proud people become humble upon losing their wealth. Don't breasts of a lady sag when they lose their youth?

३५९. महतामपि केषाञ्चित्, फलं नाडम्बरोचितम् ।

तुच्छं फलं न किं दृष्टं, सद्विस्तारोद्भटे वटे ? ।।

૩૫૯. કેટલાંક મહાપુરૂષોને આડંબર પ્રમાણે ફળ હોતું નથી. શું બહુ મોટા અને પહોળાં એવા વડ ની અંદર શું તુચ્છ ફળ નથી દેખાયું?

359. Some great men do not get fruits as per their greatness. The fruits of the huge banyan tree are very small.

३६०. स्वल्पसत्वैरपि स्त्रीणां, पराभूतिर्न सह्यते ।

पक्षिणोऽपि प्रकुर्वन्ति, स्वकलत्रकृते कलिम् ।।

૩૬૦. અલ્પ સત્ત્વવાળા લોકો વડે પણ સ્ત્રીઓનો પરાભવ સહન થતો નથી. પક્ષીઓ પણ પોતાની સ્ત્રી માટે કલહ કરતાં હોય છે.

360. Even a weak person cannot tolerate the disrespect of a woman. Even birds fight with others to protect their wives.

३६१. द्विजिह्वा दम्भमुज्झन्ति, निजस्थाने समागताः ।

बिले बिलेशयाः प्राप्ताः, किं न मुञ्चन्ति जिह्मताम् ? ।।

૩૬૧. પોતાનાં સ્થાનમાં આવેલો સાપ દંભ ને છોડી દે છે. શું બીલ ની નજીક આવેલ સાપ વક્રતાને મૂકતો નથી ?

361,. When in the right place, even a snake gives up its deception; doesn't the snake give up its crookedness when it comes to a burrow?

૩૬૨. लघूनामपि केषाञ्चि दात्मवि त्तातिगं फलं ।

कृशाऽपि किं न कूष्माण्डी, दत्ते गुरुतरं फलम् ? ।।

૩૬૨. નાના માણસો પણ આત્મ વિશાલતા (આત્મગૌરવતા) ઉદાર ભાવનાના કારણે મોટુ કામ કરી શકે છે. કૃશ (પાતલી) હોવા છતા પણ કુષ્માંડની (તુંબડાની) વેલડી મોટા ફળને નથી આપતી ?

362. Even people of humble means can do great deeds by their sense of benevolence. Despite being very thin, doesn't a creeper of Ash/wax gourd give big fruits?

૩૬૩. संशये सम्पदां मानो न्नता एवासिताननाः ।

पयोऽस्तु माऽस्तु वा तौङ्गयं, तारुण्ये स्यादुरोजयोः ।।

૩૬૩. સંપત્તિ હોય કે ન હોય છતાં લોકો ઘમંડ રાખે છે. જેમ સ્તનમાં દૂધ હોય કે ન હોય છતાં જુવાનીમાં સ્તન એકદમ ઉંચા થઈ જાય છે.

363. Youth are arrogant whether they have wealth or not; just like breasts are arrogant during youth, whether they are carrying milk or not.

૩૬૪ सङ्गं श्यामात्मनां मुञ्च, पदमुच्चैर्यदीहसे ।

तैलं त्यक्तखलं श्रीमन्-मूर्धानमधिरोहति ।।

૩૬૪. જો ઉંચા પદની ઈચ્છા રાખે છે તો શ્યામ નો સંગ છોડી દે... જેમ ખળ (કુચા) નો ત્યાગ કર્યા પછી તેલ શ્રીમંતોનાં મસ્તક ઉપર ચઢે છે.

364. If you wish to achieve higher position in life, you should give up the association with shady persons. Oil is adorned on the head of a rich person only after it gives up association with the husk.

૩૬૫. भग्नता ज्ञायते सज्जीभूतेऽपि शिथिलात्मनि ।

लाक्षासज्जोऽपि नाज्ञायि, भग्नोऽयमिति किं घटः? ।।

૩૬૫. ગમે તેટલો બની ઠની ને તૈયાર થયેલો હોય પણ અંદરથી ઢીલો હોય તો તેની ભગ્નતા નો ખ્યાલ આવી જાય છે. શું લાખથી સાંધેલો પણ ઘડો આ ભાગેલો છે તેમ જણાતું નથી ?

365. A well dressed, but unconfident person is recognised by all. When a pot is sealed with wax, we still know that it was broken at that place.

૩૬૬. धन्यात्मा भग्नभावोऽपि, भवति प्रीतिमान् पुनः ।

भूतोऽपि दलशः स्वर्ण, कलशः सन्धिमेति यत् ।।

૩૬૬. જેના ભાવ ભાંગી ગયા છે એવા પણ ધન્યાત્મા ફરીથી પ્રિતી રાખનારા બને છે. જેમ દળાઈ ગયેલો સોનાનો કણ ફરીથી કળશ રૂપે જોડાઈ જાય છે.

366. Divine souls are liked by all even after they lose everything. Crushed gold is used again in the making of a pot.

૩૬૭. गते प्रसिद्धिमूलेऽपि, गुणे सा स्यात् प्रभाभृताम् ।

सहस्त्रपात्त्विषां प्रेयान्, पादहीनोऽपि संमतः ।।

૩૬૭. ગુણને વિશે તેજસ્વી એક વખત જે માણસ ની પ્રસિધ્ધિ થઈ જાય છે પછી (તે જતું રહે) તો પણ પ્રસિધ્ધ રહે છે. જેમ સૂર્ય ને પગ નથી છતાં પણ તે હજાર પગવાળો કહેવાય છે.

367. A person who becomes famous for his virtues remains famous. The sun is known as the thousand-footed even when it doesn't have feet.

३६८. खेदिता अपि संशुद्धाः, स्युः परस्परसङ्गताः ।
मर्दिता अपि किं नोर्णतन्तवो मिलिता मिथः ? ।।

૩૬૮. ખેદ કરાયા છતાં શુધ્ધ થયેલાં પરસ્પર ભેગા મળે છે. જેમ ઉનનાં રેશા મર્દન કરાયે છતે શું પરસ્પર મળતાં નથી ?

368. Pure but sad persons are generally found together. The yarn of wool sticks together after it is rubbed.

३६९. दत्तं ज्योतिष्मते वित्तं, सद्यः संपद्यते श्रिये ।
द्राग्दीपो निहिते स्नेहे, वस्तुव्रातं प्रकाशयेत् ।।

૩૬૯. તેજસ્વીને અપાયેલું ધન તરત શોભાની વૃધ્ધિ કરે છે. જેમ દીપકમાં ઉમેરાયેલા ઘી વડે વસ્તુનો સમુદાય પ્રકાશિત કરાય છે.

369. Money given to a bright person increases its value; just like adding some oil to the lamp brightens it.

३७०. कुपात्रे निहिते शास्त्रे, नाधाराधेययोः शुभम् ।
कुम्भेऽप्यामे जले न्यस्ते, नाशः स्यादुभयोरपि ।।

૩૭૦. કુપાત્રમાં શાસ્ત્ર અપાએ છતે આધાર અને આધેય બન્નેનું શુભ થતું નથી. જેમ કાચા ઘડામાં નંખાયેલ પાણી વડે પાણી અને ઘડા બન્ને નો નાશ થાય છે.

370. Reading scriptures to an undeserving person is not beneficial to either the reader or the listener. Pouring water in an unbaked earthen pot harms both.

३७१. नाप्नोति द्युतिमान् मानं, विना सङ्गं लघीयसाम् ।
विना गुञ्जातुलां मूल्यं, क्वचित् काञ्चनमर्हति ? ।।

૩૭૧. નાના માણસનાં સાથ વગર તેજસ્વી માનને પ્રાપ્ત કરતાં નથી. જેમ ગુંજા (ચણોઠી) વડે તોલ્યા વિના ક્યારેય પણ સોનાનું મૂલ્ય થતું નથી.

371. Brilliant people do not gain praise without the support of smaller people. Gold cannot be weighed without the grain of Chanothi. (Measures of weight)

३७२. अंशोऽपि दुष्टदृष्टीना मन्येषां स्याद्विनाशकृत् ।
व्याघ्राणां वाललेशोऽपि, जग्धो जीवितहानये ।।

૩૭૨. દુષ્ટ દ્રષ્ટિવાળાનો અંશ પણ બીજાનાં નાશ માટે થાય છે. જેમ વાઘનો નાનકડો વાળ પણ ખાવામાં આવી જાય છે તો જીવન નો નાશ થાય છે.

372. Even the slightest association with a person with an evil eye can be detrimental. A single hair of a tiger in your food can kill you.

३७३. अतिस्वच्छात्मनामन्त र्वृत्तिर्विज्ञायते सुखम् ।
वस्तुनः काचपात्रान्त र्गतस्यावगमो न किम् ? ।।

૩૭૩. અત્યંત નિર્મળ લોકોની વૃત્તિ સારી રીતે જણાય છે. શું કાચનાં પાત્રમાં રહેલી વસ્તુ સારી રીતે જણાતી નથી ?

373. The intention of genuine person is clear; just like things lying in a glass jar appear clear.

३७४. अन्तर्निहितसाराणां, गोपने प्रीतिरुत्तमा ।
यदीक्ष्यते महान् यत्नो, हृत्पिधाने मृगीदृशाम् ।।

૩૭૪. અંદર રહેલી સારી વસ્તુને ઢાંકવામાં પ્રીતિ ઉત્તમ છે. જેથી સ્ત્રીઓનો હૃદય ને ઢાંકવાનાં વિષે (આખો દિવસ) મહાન પ્રયત્ન દેખાય છે.

374. Love is a great way to hide the good things inside; just like women spend a lot of time hiding their heart and feelings.

३७५. प्राप्तः परप्रियापार्श्वे, कलावानपि दुर्गतः ।

क्षीणत्वं याति किं नेन्दुः, पूर्वदिग्भागमागतः ? ।।

૩૭૫. કલાવાન છતાં પણ બીજાની સ્ત્રીના સંગને લીધે દુર્ગતિને પામે છે. શું પૂર્વ દિશા માં (પ્રાતઃ કાલે) આવેલો ચન્દ્ર ક્ષીણ નથી થતો?

375. A skillful person associating with someone else's wife invites his misfortune. The moon has to fade away during the morning.

३७६. कर्कशा अपि सत्पात्र सङ्गताः पारगामिनः ।

नाम्भोधिं यानपात्रस्था, दृषदोऽपि तरन्ति किम् ? ।।

૩૭૬. કજીયાળી પણ સારા પાત્ર ને પામવાથી પાર પામે છે. શું વહાણમાં રહેલાં પથરા પણ સમુદ્રને પાર નથી પામતાં ?

376. A bad-tempered person is salvaged by association with a good person. The pebbles in a boat are able to cross the sea.

३७७. दुरात्मानश्चिरायुष्काः, प्रायशः स्युर्न चेतरे ।

चिरजीवित्वसंयुक्ता, वायसा न सितच्छदाः ।।

૩૭૭. દુરાત્માઓ લગભગ લાંબા આયુષ્યવાળા હોય છે. સજ્જનો નહીં. જેમ લાંબા આયુષ્યવાળા કાગડાઓ (સફેદ પાંખવાળા) નથી હોતાં.

377. Vile people live long, but not the good people; just like crows live long, but not the swans.

३७८. शुचयो मण्डनं जन्म, भूमिगा वा परत्रगाः ।

दन्ता दन्तिमुखे भूषा, करे वा हरिणीदृशाम् ।।

૩૭૮. પવિત્ર પુરૂષો જન્મભૂમિ પર અથવા બીજે શોભે છે. જેમ હાથીના દાંત હાથી ને અને સુંદરીઓના હાથને પણ શોભા આપે છે. (હાથીના દાંતથી બંગડીઓ બને છે તે બંગડીઓથી સુંદરીના હાથ શોભે છે.)

378. The sun's rays light up the sun and the earth. An elephant's tusk adorns both the elephant and the women's hands that wear the jewellery made from this ivory.

३७९. परिवारे प्रभूतेऽपि, दुःखं दुर्दैवदण्डिनाम् ।

छिद्यन्ते नहि बुब्बूलाः, कोटिशः कण्टकेषु किम् ? ।।

૩૭૯. બહુ મોટો પરીવાર હોવા છતાં પણ દુર્ભાગી ને દુઃખ થાય છે. શું કરોડો કાંટા હોવા છતાં બાવળ કપાતો નથી ?

379. Despite having a large family, an unfortunate person remains unhappy. The tree of Bawal is cut despite having many thorns.

३८०. महापरिकराकीर्णो, लघीयानपि सत्फलः ।

बृहद्दलायां रम्भायां, लघ्व्यां किं नामृतं फलम् ? ।।

૩૮૦. મોટા પરીવારથી યુક્ત એવા નાના ને પણ સારૂ ફળ પ્રાપ્ત હોય છે. જેમ ખૂબ મોટા પાંદડા વાળી કેળના નાના ઝાડ ને શું અમૃત જેવું મીઠું ફળ નથી ?

380. The smallest of people benefit by being part of a large family. Isn't the small fruit of banana very tasty under the shade of its large leaves?

३८१. त्वरयैव व्ययं याति, ज्योतिष्मानप्यसारभूः ।
तृणाज्जातस्य यद्वह्नेः, कियती स्यादवस्थितिः ? ।।

૩૮૧. તેજસ્વી એવા સાર વગરનાં નો પણ તરત જ નાશ થાય છે. તણખલા થી ઉત્પન્ન થયેલાં અગ્નિની ઉપસ્થિતી કેટલી ?

381. A brilliant person without strength is destroyed. Fire lit with straws cannot last long.

३८२. फलं दत्तेऽतितुङ्गोऽपि, तुच्छं तुच्छपरिच्छदः ।
यद् बुब्बूले फलं फल्गु, गुरावप्यगुरुच्छदे ।।

૩૮૨. જેનો પરીવાર તુચ્છ છે તે ગમે તેટલો ઉંચો હોવા છતાં પણ તુચ્છ ફળ આપે છે. જેમ બાવળને બહુ મોટા ફળ હોવા છતાં તેનાં ફળ (નકામા) ફાલતુ હોય છે.

382. A lowly family will only produce lowly people even if they are rich; just like the fruits of *Babool* tree are big, but are useless, since they are surrounded by thorns.

३८३. लभते हृत्सु सौहार्दं, स्थैर्यं नैवास्थिरात्मनाम् ।
पांसूनामुपरि न्यस्तैः, स्थीयते कियदक्षरैः? ।।

૩૮૩. અસ્થિર આત્માઓનાં હૃદયમાં મિત્રતા સ્થિરતા ને પામતી નથી. ધૂળ ઉપર લખાયેલા અક્ષરો ની સ્થિરતા ક્યાં સુધી ?

383. Friendship cannot last in the hearts of people with unsteady hearts. How long can letters written on sand last?

३८४. सान्द्रापि न स्थैर्यवती, प्रीतिः पारिप्लवात्मनाम् ।
अदभ्राऽपि किमभ्राणां, छाया न क्षणनश्वरी ? ।।

૩૮૪. ચંચળ લોકોની કરૂણાવાળી પણ પ્રીતિ લાંબી ટકતી નથી. શું ઘટા વગરનાં વાદળાઓની છાયા ક્ષણિક નથી હોતી ?

384. The love of fickle-minded people does not last long. Can floating clouds give us shade?

३८५. नीचानामप्यवष्टम्भः, सापदां महतां हितः ।
अपि भग्नाः कार्यसृजो, जतुना संहिता घटाः ।।

૩૮૫. આપત્તિ વખતે મહાપુરૂષોને હલકાનો પણ ટેકો હિતકારી હોય છે. શું ભાંગી ગયેલો અને લાખ વડે સંધાયેલો ઘડો કામમાં નથી આવતો ?

385. Great men can benefit even from a lowly being in times of trouble. Don't we use a broken pot sealed with wax?

३८६. उद्धता अलमुद्धर्त्तुं मौद्धत्यं दुरितात्मनाम् ।
क्षाराणामेव सामर्थ्यं, मलनाशाय वाससाम् ।।

૩૮૬. દુષ્ટ લોકોની ઉધ્ધતાઈને દૂર કરવા માટે ઉધ્ધતાઈ જ સમર્થ છે. જેમ કપડાનાં મેલ ને દૂર કરવા માટે સાબુ જ સમર્થ છે.

386. The impoliteness of vile people can only be countered with impoliteness; just like only soap can wash off the dirt from clothes.

३८७. सङ्गताः कलये नूनं, कठिनाः कठिनात्मभिः ।
अग्निरुत्पद्यते सद्यः, संयोगे ग्रावलोहयोः ।।

૩૮૭. ખરેખર કજીયા માટે કઠણ જ કઠણને યોગ્ય છે. જેમ પથ્થર અને લોખંડનો સંયોગ તરત આગને ઉત્પન્ન કરે છે.

387. To have a quarrel, a harsh person needs to counter another harsh person. When stone is rubbed with iron, we get fire.

३८८. यत्र तिष्ठेत् कठोरात्मा, तत्राऽनर्थाय भूयसे ।
मध्येघण्टं स्थिता लाला, घण्टां हन्ति समन्ततः ।।

૩૮૮. જ્યાં કઠોર આત્મા રહે ત્યાં અત્યંત અનર્થ નું કારણ બને છે. જેમ ઘંટના મધ્યમાં રહેલો લોલક ચારેય બાજુથી ઘંટને હણે છે.

388. Having a cruel soul amongst us can be harmful; just like the rod in the middle of a bell pounds the bell from all sides.

३८९. गुणहारिणि मन्देऽपि, नश्यते गुरुणा स्वधीः ।
बिम्बन्यासः सुखाधेय., पीवरेऽपि, हि चीवरे ।।

૩૮૯. ગુણને હરનાર શનિગ્રહ સાથે ગુરૂનો યોગ હોય તો બુદ્ધિ નો નાશ થાય છે પણ તેના સાથે (બિમ્બ ન્યાસ) ચન્દ્ર નો વાસ હોય તો સુખ પ્રાપ્ત થાય છે. જેમ જાડા વસ્ત્ર ઉપર બિમ્બ ન્યાસ (છાપ) કાર્ય સરલતાથી થઈશકે છે.

389. When Jupiter and Saturn come together, it destroys our intelligence, but if the moon joins them, it brings happiness. It is easy to imprint on a thick cloth.

३९०. मध्यस्थः प्रतिभूः क्लृप्तः, स्याद्धिताय द्वयोरपि ।
देहल्यां निहितो दीपो, बहिर्मध्ये च तेजसे ।।

૩૯૦. મધ્યસ્થ અને જમાનત આપવાવાળો અને જોડાયેલો (વિશ્વાસ પાત્રવ્યક્તિ) બન્નેનાં હિત માટે થાય છે. જેમ ઉંમરામાં રહેલો દીપક બહાર અને વચ્ચે બન્ને જગ્યાએ પ્રકાશ આપે છે.

390. A negotiator is good for both the parties; just like a lamp placed on the threshold can spread light inside as well as outside.

३९१. गुणस्तनोति स्वल्पोऽपि, मानं श्यामात्मनामपि ।
मधुरेण स्वरेणाऽपि, काम्यन्ते किं न कोकिलाः ? ।।

૩૯૧. કાળી વ્યક્તિનો નાનો પણ ગુણ બહુ વિસ્તાર પામે છે. શું કોયલ મીઠા સ્વર વડે બધાને પ્રિય નથી થતી ?

391. A person with even a small virtue is liked by all even if he is dark. Isn't the cuckoo liked by all due to its melodious voice?

३९२. तुङ्गेष्वपि विना दोषै र्न गुणाः स्थैर्यधारिणः ।
वालैरपि विना मौलौ, पुष्पाणां किमवस्थितिः ? ।।

૩૯૨. મોટા પુરૂષોમાં પણ દોષો વિના ગુણો સ્થિરતા ને ધારણ કરતાં નથી. શું વાળ વિના પણ મુગટ પર પુષ્પો ટકી શકે ?

392. Without a vice, virtues do not stabilize in a great person. Can flowers stay without head and hair?

३९३. प्रस्तावोचितवाक्येन, कटुवागपि मान्यते ।
प्रस्थितैर्वामतः कूजन्, यत् काकः कीर्त्यतेऽनघः ।।

૩૯૩. અવસર ને યોગ્ય વાક્ય વડે કડવી વાણી પણ માન્ય ગણાય છે. કાગડો ડાબી બાજુથી પ્રસ્થાન સમયે કૂંજે તો શુભ શકુન ગણાય છે.

393. Even harsh words are acceptable if said at the right occasion. If a crow crows on the left side during the onset of a journey, it is considered auspicious.

३९४. भवेत्तेजस्विनां प्रायो, गुणस्तेजस्विनिर्मितः ।
दीपे चक्षुष्मतामेव, वस्तुजातं प्रकाश्यते ।।

૩૯૪. તેજસ્વીઓને લગભગ તેજસ્વીઓ દ્વારા જ ગુણની પ્રાપ્તિ થાય છે. જેમ દીવો આંખવાળાઓને જ વસ્તુનો સમુદાય પ્રકાશિત કરે છે.

394. Brilliant people gain virtues from other brilliant people; just like only people with sight can see things in the light of a lamp.

३९५. अनर्थं तनुते तुङ्गो, हसन् मनसि निष्ठुरः ।

तेजःस्तोमं वहन् वक्त्रे, न कुन्तः किमु मृत्यवे ? ।।

૩૯૫. નિષ્ઠુર માણસ ઉન્નત થઈને હસતો છતાં પણ અનર્થ કરે છે. જેમ મુખમાં (ધારમા) તેજ ધારણ કરે છે તો પણ શું ભાલો મૃત્યુનું કારણ નથી થતો ?

395. A hard-hearted person brings misfortune even when he is happy with progress. Isn't a spear used for death even if it is bright with sharpness?

३९६. नाप्रस्तावे वदन् वाक्यं, मान्यते मञ्जुगीरपि ।

गर्जन्नम्भोधरश्चारु, रोहिण्यां श्लाध्यते न यत् ।।

૩૯૬. અવસર વગર કહેવાતું વાક્ય મનોહર હોવા છતાં પણ માન્ય નથી ગણાતું. (બીજી બાજુ) જેથી રોહિણી નક્ષત્રમાં ગડગડાટી કરતો મેઘ સુંદર છે એમ પ્રશંસા નથી કરાતો.

396. Even beautiful words are not appreciated if said at the wrong time; just like the thundering of beautiful monsoon is not appreciated in the Rohini constellation.

३९७. भर्त्तुर्वैरिणि वैरित्व मुचितं रुचिशालिनाम् ।

रवेर्घात्यं तमो हन्ति, दीपस्तल्लब्धदीधितिः ।।

૩૯૭. શ્રદ્ધાળુ લોકોનો સ્વામિનાં શત્રુ વિષયે વેરભાવ સ્વભાવિક હોય છે. દીપ સૂર્યના તેજને જ પ્રાપ્ત કરીને સૂર્યને ઢાંકનાર અંધકારને નાશ કરી શકે છે.

397. It is only natural for a devotee to dislike the enemy of his guru. The lamp gets its light from the sun and can destroy darkness which is the sun’s enemy.

३९८. जडसङ्गोऽपि समये, क्लृप्तः श्रीहेतुरायतौ ।

स्थाने निर्मित एव स्या दन्यशृङ्गारसङ्गमः ।।

૩૯૮. અવસરમાં જડ નો સંગ પણ યોગ્ય અને ભવિષ્યમાં લક્ષ્મી ના હેતુરૂપ છે. જેમ સ્થાનમાં થયેલું જ બીજા શૃંગારનો સંગમ (કરાવે) છે.

398. Association with a non-living thing too at an opportune time leads to prosperity in future. Mixing of various beauty products at right place enhances beauty.

३९९. येषामभ्युन्नतिस्तेषा मेव प्रपतनं भवेत् ।

समुन्नतिं च पातं च, स्तना एवाप्नुवन्ति यत् ।।

૩૯૯. જેઓની ઉન્નતિ થાય છે તેઓનું જ પતન થાય છે. જેમ સ્ત્રીઓનાં સ્તનમાં જ ઉન્નતિ અને પતન પ્રાપ્ત થાય છે.

399. Those who rise up also fall. We can see the rise and fall in a woman's breast with time.

४००. गुणवत्स्वेव पश्यामः, परोपद्रवरक्षिताम् ।

शक्तिर्यत् खेटकेष्वेव, विविधायुधवारिणी ।।

૪૦૦. ગુણવાન ને વિશે જ બીજાનાં ઉપદ્રવ નું રક્ષણ કરવાની શક્તિ જોઈએ છીએ. જેમ વિવિધ શસ્ત્રોને વારણ કરનારી શક્તિ ઢાલ ને વિશેજ હોય છે.

400. We notice strength in virtuous people to protect others; just like a shield protects us from various weapons.

४०१. उत्सवेऽपि सदा प्रोच्चैः, स्तब्धानां स्यादनुत्सवः ।

यदाऽऽनन्दिनि संभोगे, मुष्टिघाता उरोजयोः ।।

૪૦૧. ઉત્સવને વિશે પણ જે સ્તબ્ધ હોય છે તેમને ઉત્સવ નથી. જેમ સંભોગનાં આનંદમાં પણ સ્તનને તો મુઠ્ઠીઓનો ઘા જ મળે છે.

401. Those too stunned with festivities cannot enjoy the festivities. Just like breasts have to bear pain even in love-making.

४०२. चपलात्मन्यपि प्रीताः, सन्तो दृग्रागमोहिताः ।

हित्वाम्रादितरूंस्तस्थौ, जगन्नाथो हि पिप्पले ।।

૪૦૨. ચંચળ આત્માઓનાં વિશે પણ દ્રષ્ટિ રાગથી મોહિત થયેલાં ને પ્રેમ ઉત્પન્ન થાય છે. જેમ આંબા ના વૃક્ષ ને છોડીને જગતનો નાથ પીપળાના વૃક્ષનો આશ્રય લે છે.

402. People sometimes fall in love with unsteady/fickle souls by just their sight; just like the lord of the world does not rest under a mango tree, but Pipal tree.

४०३. लघीयानपि समये, महतां मानमर्हति ।

यद् गृह्यतेऽपि भूपालै र्लेखिनी लिखनक्षणे ।।

૪૦૩. નાનો પણ અવસરે મોટાના માનને યોગ્ય થાય છે. જેમ રાજાઓ વડે પણ લખવાનાં સમયમાં લેખિનિ ગ્રહણ થાય છે. (પેન–પેન્સીલ)

403. Sometimes even the lowly people gain the admiration of great souls; just like a pen/pencil is appreciated by a king when he wants to write.

४०४. देशे गुणवदादेशे, गुणी गच्छति गौरवम् ।

जनेषु वस्त्रयुक्तेषु, यत्पटो मूल्यमर्हति ।।

૪૦૪. ગુણવાનનાં દેશમાં (આદેશે) ગુણી ગૌરવને પ્રાપ્ત કરે છે. જેમ કપડાવાળા લોકોને વિશે કપડાનું મૂલ્ય થાય છે.

404. Virtuous people are praised in the land of virtuous people; just like clothes are valued only when people wear them.

४०५. कर्कशानां व्यथा बह्वी, मृदूनां च सुखोदयः ।

दन्तानां चर्वणाऽशर्म, जिह्वायाश्च रसागमः ।।

૪૦૫. કર્કશ લોકોને ઘણી વ્યથા હોય છે અને કોમળ લોકોને સુખનો ઉદય હોય છે. દાંત ને ચાવવાનું દુઃખ પડે છે અને જીભને રસ પ્રાપ્ત થાય છે.

405. Bad-tempered people always have troubles while gentle people are happy. Teeth have to go through the task of chewing, while the tongue enjoys the flavours.

४०६. आचारोज्झितमुज्झन्ति, रुचिमन्तमपि स्वकाः ।

ग्रहभर्त्ता परासक्तो, मुमुचे निचयै रुचाम् ।।

૪૦૬. આચારથી રહિત પોતાનાં લોક ને, સ્વજનો રૂચિવાળા હોવા છતાં પણ ત્યાગ કરે છે. જેમ ગ્રહનો ધણી બીજામાં જ્યારે આશક્ત હોય છે ત્યારે પ્રભાવ–હીન બને છે.

406. People abandon those close to them if they have low values even if they are interesting; when your ruling planet is in other's house, it becomes weak.

૪૦૭. स्वगुणं तनुते विष्वक्, कलावानेव वीक्षितः ।

शुक्लः पक्षो ह्यद्दष्टेन, शुक्लप्रतिपदिन्दुना ।।

૪૦૭. કળાવાન પોતાનાં ગુણોને ચારેય બાજુ ફેલાવતો દેખાયો છે. જેમ શુકલ પક્ષનાં એકમનાં ચંદ્ર શુકલ પક્ષમાં પોતાની કલા વડે ચારે બાજુ પ્રકાશ ફેલાવે છે.

407. Skillful people spread their virtues all around; just moon starts spreading light all around light from the 1st day of waxing moon.

૪૦૮. कलाविलासिनो नैव, भवन्त्यसरलाः खलु ।

भजते वक्रभावं किं, क्वचित् कुमुदिनीपतिः ? ।।

૪૦૮. કલાનો વિલાસ કરનારા લોકો ક્યારેય પણ વાંકા હોતા નથી. શું ચંદ્ર ક્યારેય પણ વક્ર ભાવને ભજે છે ?

408. Those who enjoy art are never crooked; just like the moon does not favour a crooked thought.

૪૦૯. गतिर्भवति पापस्य, विपरीता जगज्जनात् ।

किं स्वर्भानुर्भ्रमन् द्दष्टो, न संहारेण सर्वदा ? ।।

૪૦૯. જગતનાં લોકોથી વિપરીત ગતિ પાપ (પાપીઓની) હોય છે. શું સંહાર વડે રાહુ હંમેશા રખડતો નથી દેખાયો ?

409. Sinners walk a different path than general worldly people. Doesn't planet Rahu, the lord of destruction, live like a vagabond?

૪૧૦. स्नेहोऽप्यशर्मणां हेतुः, कृतः सन्तापकारिणि ।

अपि सर्प्पिः प्रदत्तं स्या दनर्थाय ज्वरातुरे ।।

૪૧૦. દુઃખી લોકોની ઉપર કરાયેલો પ્રેમ સંતાપનું કારણ બને છે. જેમ તાવથી બિમાર પડેલા ને અપાયેલ ઘી અનર્થ નું કારણ બને છે.

410. When we show love to sad people, it only brings agony; just like it is harmful to give ghee to a person suffering from fever.

૪૧૧. सुखलक्ष्मीजुषामेव, विनये वपुरुत्सुकम् ।

शाखा फलवतामेव, शालीनां नतिशालिनी ।।

૪૧૧. સારી લક્ષ્મી થી યુક્ત ને જ વિનયનાં વિશે શરીર ઉત્સુક થાય છે. જેમ શાખા ઉપર ફળ વાળા વૃક્ષોને જ નમવાનું સૌંદર્ય હોય છે. (નમન શીલ હોય છે.)

411. Those who have earned wealth honestly are humble; just like only trees with fruits on their branches bend down.

૪૧૨. गुणेषु सत्स्वपि प्रीति र्दोषेष्वेवासतां भवेत् ।

तटाकेऽम्भोजभव्येऽपि, भेकानां कर्दमः प्रियः ।।

૪૧૨. ગુણો હોતે છતે પણ અસજ્જનોને દોષોમાં જ પ્રેમ ઉત્પન્ન થાય છે. તળાવ માં સારા કમળ હોવા છતાં પણ દેડકાઓને કાદવ પ્રિય હોય છે.

412. Bad people usually fall for vices even if they have some virtues; just like the frogs in a pond prefer mud even when there are lotuses around.

४१३. आचारेऽपि भृशाधिक्य मपि दोषाय जायते ।

अमुष्यार्थः सखे ! वृद्धौ, गुणेऽपि किमु नाऽजनि ? ।।

૪૧૩. આચારનાં વિષયમાં પણ અતિ પરીણતી દોષ માટે થાય છે. હે મિત્ર! આનો અર્થ એમ છે કે જ્યાં ગુણ કરવાનો હોય ત્યાં વૃધ્ધિ કરો તો (વ્યાકરણની જેમ) અશુધ્ધિ નથી થતી ?

413. Too much of good behaviour is also bad; just like putting excessive vowels will change the meaning of the word.

४१४. सङ्कुचेत्पापमुत्कर्षं, प्राप्ते तेजस्वितेजसि ।

न किमल्पीयसी छाया, भानौ मध्यमुपागते ? ।।

૪૧૪. તેજસ્વીઓનાં તેજ ને અત્યંત પ્રાપ્ત કર્યે છતે પાપ સંકોચાઈ જાય છે. શું સૂર્ય માથા ઉપર આવ્યે છતે પડછાયો નાનો નથી થઈ જતો?

414. Sins vanish under the brilliance of illuminated people; just like the shadow diminishes when the sun is overhead.

४१५. अन्तःश्यामात्मभिर्वित्तं, दीयतेऽङ्घ्रिभिराहतैः ।

कण्ठन्यस्तपदा एव, कूपा यच्छन्ति यज्जलम् ।।

૪૧૫. પગથી લાત માર્યે છતે અંદરથી કાળા લોકો વડે ધન અપાય છે. જેમ કાઠા ઉપર (પગ મુકાયે છતે) કૂવા પાણી આપે છે.

415. Those with dark hearts still give money when kicked around; just like a well gives water even when we step on it.

४१६. गुणित्वे सदृशे कीर्त्तिर्महतां न लघीयसाम् ।

रत्नवत्त्वेऽपि यद्रत्ना करो वार्द्धिर्न रोहणः ।।

૪૧૬. ગુણી સમાન હોવા છતાં મહાપુરૂષોની કીર્તિ હોય છે નાનાની નહિ. જેમ રત્નવાળો હોવા છતાં પણ રત્નાકર સમુદ્રને કહેવાય છે પણ રોહણને નહીં.

416. When people have equal skills, great people become famous, not the small person, though mountain & the ocean both have gems, but only the Ocean is known as Ratnakar.

४१७. अल्पस्याप्यागमे वृद्धिः, सद्भूयोऽप्यपचीयते ।

निदर्शनमिह स्पष्टं, कूपोदकसरोदके ।।

૪૧૭. આવકમાં ધીમી વૃધ્ધિ થાય છે સામે ઘણું બધું ઓછું થાય છે. અહીંયા દ્રષ્ટાંત સ્પષ્ટ છે કૂવાનાં અને સરોવર નાં પાણીની જેમ. કૂવો અવિરત સ્ત્રોત વાળો છે તેવું સરોવરમાં નથી.

417. Slow growth in income results in erosion of wealth. Such events happen in ponds but never happens in well as it has unending source of water. This can be understood by the example of a well and a pond.

४१८. परेषां विपदं प्रेक्ष्य, गर्वः कः संपदां सखे ! ।

पूर्वारघट्टघट्यासी द्रिक्तान्यासां किमुत्सवः ? ।।

૪૧૮. અન્યોની વિપત્તિ જોઇને પોતાની સંપત્તિનો હર્ષ શું કરવો? અરઘટ્ટ ઘટીયંત્રમાં વારાફરતી રીતે ભરાયેલી ઘડીઓ ખાલી થતી હોય છે. ખાલી થતી ઘડુલીઓને જોઇને ભરાયેલી ઘડુલીયો ઉત્સવ શું મનાવે ? એમણે પણ ખાલી થવાનું છે.

418. Why be happy with our own wealth when we see others in trouble? The pots on a Persian wheel (water wheel) get emptied one by one. The ones filled do not celebrate when other pot gets empty as all of them are going to be emptied.

४१९. न भवेत् स्वपरव्यक्तिः, कदाचित् क्रूरचेतसाम् ।

नाग्निः किं वंशजातोऽपि, सवंशारण्यदाहकृत् ? ।।

૪૧૯. ક્રૂર ચિત્તવાળાઓને ક્યારેય પણ આ મારો અને આ પરાયો એવું કાંઈ હોતું નથી. શું વાંસથી ઉત્પન્ન થયેલો એવો અગ્નિ વાંસનાં જંગલને બાળતો નથી ?

419. Cruel people do not consider anyone their family. Fire produced from a bamboo shoot burns down the entire bamboo forest.

४२०. सयत्नाः सौवमाहात्म्य रक्षणेऽपि महाशयाः ।

यत्कृता स्वाम्बुरक्षायै, नालिकेरैस्त्रिधा वृतिः ।।

૪૨૦. યત્નવાળા પોતાનાં મહત્ત્વને રક્ષણ કરવાનાં વિષયમાં મહાન આશયવાળા હોય છે. જેમ પોતાનાં અંદરનાં પાણીની રક્ષા માટે નાળીયેર ત્રણ પ્રકારે વર્તે છે. (છોડા, કડક ભાગ, કોપરૂ)

420. Those who work hard know the importance of saving their values; to save the water inside, a coconut provides three layers – husk, outer layer and the softer layer.

४२१. वस्तु दत्तं भवेद्रम्य मपि तुच्छं महात्मने ।

क्षारमप्यम्बु मेघाय, वितीर्णं वरमब्धिना ।।

૪૨૧. મહાત્માઓને અપાયેલ તુચ્છ વસ્તુ પણ સુંદર બની જાય છે. જેમ સમુદ્ર વડે અપાયેલું ખારૂ પાણી મેઘ વડે મીઠું થાય છે.

421. A small thing given to a great soul becomes beautiful; just like the water of the sea though salty, is useful for providing sweet rain water through clouds.

४२२. या प्रवृत्तिर्भवेदाद्या, प्रसिद्धिं समुपैति सा ।

कृष्णः कृष्णेतरः पक्षो, मुखे तमसि तेजसि ।।

૪૨૨. જે પહેલાં પ્રવૃત્તિ કરે તે પ્રસિદ્ધિને પામે જેમ કૃષ્ણ પક્ષમાં અંધકાર અને શુકલ પક્ષમાં પ્રકાશ ફેલાય છે.

422. A person is known by his initial action/movement. The moon is called waxing or waning as per its initial movement.

४२३. महोऽन्यत्र स्थितं सिद्धयै, मृतस्याऽपि महस्विनः ।

नास्तस्याऽपि रवेर्भासः, किमालोकाय दीपकाः ? ।।

૪૨૩. મોટા માણસો મરી જાય તો પણ તેમની સ્થિતિ સિધ્ધિ માટે થાય છે. (એમનાં નિમિત્તે બીજી જગ્યાએ ઉત્સવ ચાલે છે) જેમ સૂર્યનો અસ્ત થયે છતે (પ્રકાશનાં અભાવમાં) શું લોકો પ્રકાશ માટે દીપક નથી પ્રજ્વાળતાં ?

423. When great people die, their position still remains famous; just like we light a lamp for radiance when the sun sets.

४२४. जीवैः प्रायेण जीवद्भि र्विपत्तिरभिभूयते ।

क्षीणभावो निराकारि, न किं कुमुदबन्धुना ? ।।

૪૨૪. જીવતા જીવો વડે તકલીફો પણ નાશ પામે છે. શું ચંદ્ર વડે પોતાનો ઘટતો ભાવ દૂર નથી કરાયો ?

424. Those alive can destroy troubles; just like the moon itself diminishes its decreasing value.

४२५. गुणाय समये क्रूर सङ्गोऽपि विशदात्मनाम् ।
दोषे स्याद् घोषपात्रा, निहितः किं हुताशनः ? ।।

૪૨૫. નિર્મળ લોકોને ક્રૂર લોકોનો સંગ પણ અવસરે ગુણ માટે થાય છે. કાંસાના પાત્રમાં દોષ હોવા છતાં તેના નિવારણ માટે શું તેને અગ્નિમાં નથી નંખાતું?

425. Pure people can use cruel people for their benefit at an opportune time. To remove fault in brass vessel, it is put in the fire.

४२६. रागवन्तो बहिस्तुच्छा, भवन्त्यन्तश्च नीरसाः ।
अयमर्थः स्फुटं गुञ्जा फलेषु ददृशे न कैः ? ।।

૪૨૬. રંગવાળા દેખાડો કરનારા બહારથી તુચ્છ હોય છે. અંદરથી રસ વગરનાં હોય છે. આ અર્થ ગુંજાફળ (ચણોઠી) માં કોના વડે નથી જોવાયો ?

426. Bad-tempered people are trivial from outside and without values from inside. Who has not seen this example in the Chanothi fruit (Rosary pea)?

४२७. वाल्लभ्यं न च कृत्येन, नावाल्लभ्यमकृत्यतः ।
बहुकार्येऽपि सा प्रीति र्न लोहे या च काञ्चने ।।

૪૨૭. માત્ર કાર્ય કરવા વડે પ્રીતિ અને ન કરવા વડે અપ્રીતિ થતી નથી જેમ લોખંડ આપણને ખૂબ કાર્યમાં કામ લાગે છે. છતાં પ્રીતિ નથી. જ્યારે સોના વડે ખૂબ પ્રીતિ થાય છે.

427. One cannot like or dislike something by its usefulness; just like iron is very useful to us and yet we have no admiration for it. But we like gold a lot despite being of no use.

४२८. स्वच्छात्माऽपि स्वकैस्त्यक्तो, लाघवं द्रुतमश्नुते ।
न किं दध्नः पृथग्भूतं, नवनीतं तरत्यहो ? ।।

૪૨૮. સ્વચ્છ આત્મા પણ પોતાનાં લોકો વડે ત્યાગ કરાયેલો જલ્દીથી લઘુતાને પામે છે. શું દહીથી છુટુ પડેલું માખણ તરતું નથી ?

428. Even pure souls abandoned by loved ones become light soon; does the butter churned from curd not float on it?

४२९. यादृशैः सङ्गतिः संपद् दियते तादृगेव तैः ।
दत्तः कज्जलदुग्धाभ्यां, सङ्गात् स्वस्वकुलेऽम्भसः (?)।।

૪૨૯. જેવા સાથે સંગ કરાય છે. તેઓ વડે તેવી જ સંપત્તિ અપાય છે. જેમ કાજલ ને દૂધના સંગથી પોતપોતાનાં કૂળમાં તેવું જ પાણી અપાય છે. (દૂધના સંગથી સફેદ, કાજલના સંગથી કાળો થાય છે.)

429. You gain the sort of fruits by the sort of company you keep; milk will make water white while kohl will make it black.

४३०. प्रवृत्तिश्च निवृत्तिश्च, स्वयमेवाऽमलात्मनाम् ।
अब्धेरद्भिरागमनं, यानं च कृतमात्मना ।।

૪૩૦. નિર્મળ આત્માઓની પોતાની મેળે જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ થયા જ કરે છે. જેમ સમુદ્રમાં પાણી વડે વહાણ પોતે સ્વયં આવે છે.

430. Pure souls keep active or retire on their own; just like a boat moves on its own with the water of the sea.

४३१. महः करोति किं तुच्छे, वस्तुनि स्थितिमागतम् ? ।
तेजःस्तोमः किमाप्नोति, माहात्म्यं काचखण्डगम् ? ।।

૪૩૧. તુચ્છ વસ્તુમાં આવેલું તેજ ક્યાં સુધી સ્થિર રહી શકે. જેમ કાચનાં ટુકડામાં શું તેજ વડે મહાત્મ્ય પ્રાપ્ત કરી શકાય ?

431. How long can brilliance last in an insignificant thing? Can we bring greatness to a piece of glass with bright light?

४३२. स्यात् परादाप्तवित्तोऽपि, महस्वी परकृत्यकृत् ।
न प्रदीपः प्रकाशाय, खेचराप्तप्रभोऽपि किम् ? ।।

૪૩૨. બીજાથી પ્રાપ્ત થયેલાં ધનવાળો પણ મહાન પરોપકાર (પરનું) કાર્ય કરનારો થાય છે. જેમ શું ચંદ્રથી પ્રાપ્ત પ્રભાવવાળો પણ એવો દીપક શું બીજાને પ્રકાશ નથી કરતો ?

432. A person can become charitable even when the wealth is earned from others; just like a lamp gets noticed in moonlight, gives light to others.

४३३. मिलिता अपि निःसाराः, प्रजायन्ते पुनर्द्विधा ।
जलैर्बद्धेषु यद्धूली मोदकेष्वेव विस्तरः ।।

૪૩૩. સાર વગરની વસ્તુઓ મળવા છતાં ફરી જુદી પડે છે. જેમ પાણીથી બંધાયેલ ધૂળ પણ તે જ સંયોગે લાડવામાં વિસ્તાર પામે છે.

433. Things without essence fall apart even after binding together; dust bound with water falls apart. soon, but laddu (Sweet dish) bond with water stays together longer.

४३४. नीचो मुञ्चति नीचत्वं, वसन्नान्तः सतामपि ।
कलावन्मण्डपे तिष्ठन्, मृगो नौज्झत् कुरङ्गताम् ।।

૪૩૪. સજ્જનનાં હૃદયમાં રહેવા છતાં પણ નીચ હલકાપણું છોડતું નથી. જેમ કલાવાનનાં મંડપમાં રહેલ છતાં હરણ પોતાની કુરંગતા ને છોડતું નથી. (શ્લેષ) ચન્દ્ર મંડલમાં રહેલો હરણ કુરંગતા ને છોડતો નથી.

434. A vile person does not give up wickedness even after association with a good person; just like the dark (image) doesn't go away even from the moon.

४३५. कुस्थाने सङ्गतिर्नूनं, व्यसनव्यापृतात्मनां ।
मधुपानां रजःस्वेव, वसतिर्दद्दशे न कैः ? ।।

૪૩૫. હલકા સ્થાનમાં જ ખરેખર વ્યસનવાળાઓની સંગત થાય છે. જેમ દારૂડીયાઓની (ભમરાઓની) વસ્તી ધૂળને (પરાગ) વિશે જ કોના વડે નથી દેખાતી ?

435. People with addiction end up at shady places; just like an alcoholic person is found in a ditch or a beetle is found sucking the nectar.

४३६. किं करोति सतां सङ्गः, पातधर्माधिकारिणाम् ? ।
पश्य मुक्ताश्रिताः कान्ता कुचाः श्वेतेतराननाः ।।

૪૩૬. અધાર્મિક વ્યક્તિઓને સજ્જનોનો સંગે શું કરે? જુઓ મોતીઓના હારના આશ્રય લેનારા પણ સ્તનોના મુખાગ્ર કાળા જ રહે છે.

436. What can the acquaintance of good people do to sinful people? The nipples on the breast still remain dark even under a pearl necklace.

४३७. धत्ते चित्ते न संवासं, विवेको जडवासिनाम् ।

भजत्यम्भोजिनीं हंसः, पवित्रोऽपि रजस्वलाम् ।।

૪૩૭. જડ લોકોનાં હૃદયમાં વિવેકનો વાસ ધારણ કરાતો નથી. જેમ હંસ પવિત્ર હોવા છતાં પણ પરાગવાળા કમળનો આશરો ભજે છે.

437. Humility cannot enter the hearts of stubborn people; just like a pure swan still wants to be close to a lotus having pollen.

४३८. शुभाशुभविचारोऽपि, न भवेत्षण्ढचेतसि ।

जगत्प्रियमपीशानः, कलाकेलिमदीदहत् ।।

૪૩૮. શીવનાં હૃદયમાં પણ શુભ–અશુભ નો વિચાર નથી આવતો. જેમ જગતને પ્રિય એવાં કામદેવને પણ બાળી નાંખ્યો.

438. Lord Shiva does not think about good or bad. He even severly burnt Kamdev who was most loved by the world.

४३९. कुकुलं हन्ति सद्बुद्धिं, नानीतां शुभकर्मभिः ।

निषेवते दिवा नक्तं, गोपेन्द्रोऽपि रसाधिपम् ।।

૪૩૯. શુભ કર્મથી ઉૅત્પન્ન થયેલી બુદ્ધિને કુકુલ હણી શકતું નથી. ગોવાળિયાનો રાજા (શ્રીકૃષ્ણ) શું દિવસ રાત શૃંગાર રસને સેવતો નથી ?

439. A lowly caste cannot destroy the wisdom gained by good deeds. Doesn't Krishna, the king of the shepherds, enjoy merriment all day long?

४४०. महत्यपि भवेत्प्रायः, कुसङ्गाद्दोषसङ्गमः ।

कलावत्यपि जातोऽयं, कलङ्को विषवासतः ।।

૪૪૦. મોટાઓને વિશે પણ લગભગ કુસંગથી દોષની પ્રાપ્તિ થાય છે. જેમ કળાવાન ચંદ્ર ને વિશે પણ ઝેરના સંગથી કલંક થાય છે. (શંકરના મસ્તકમાં રહેનારો ચંદ્ર કલંકવાળો થાય છે.) (ચંદ્ર અને વિષ બંનેની ઉત્પતિ સમુદ્રમાંથી થઇ છે એવો કવિ સંપ્રદાય છે.)

440. Great men become sinners due to association with bad people; just like artistic moon gets black spots due to association with poison.

४४१. परित्यागः कुसङ्गस्य, कृतिनामपि दुष्करः ।

अस्ति स्थितिः सुरागारे, यतः सुमनसामपि ।।

૪૪૧. પુણ્યશાળીઓને પણ કુસંગનો ત્યાગ દુષ્કર છે. જે કારણથી ફૂલોને પણ દેવલોકમાં (મદિરાઘરમાં) પણ રહેવું પડે છે. (શ્લેષ)(સુમનસાં–પુષ્પોની સ્થિતિ–સુરાગારે–મદિરા ઘરમાં પણ હોય છે.)

441. It is difficult even for virtuous people to give up acquaintance with bad people. Flowers have to live in heaven as well as in a liquor house.

४४२. निष्कृपा अपि जायन्ते वल्लभा वित्तशालिनः ।

जनार्द्दनोऽपि यज्जज्ञे, श्रीपतिर्जगतां प्रियः ।।

૪૪૨. દયા વિનાના પણ ધનવાનો લોકોમાં પ્રિય હોય છે. જેમ જર્નાદન (દુષ્ટનો નાશ કરાનાર) પણ જગતને પ્રિય એવા લક્ષ્મીનો પતિ થયો.

442. Rich people are liked by all even if they are heartless. Janardan, who destroyed many sinners, became the husband of Lakshmi, dear to the whole world.

४४३. अपि प्रवयसां पुंसां, दुर्धरा ब्रह्मचारिता ।
सरोजजन्मा किं नासीत्, स्थविरोऽपि प्रजापतिः ? ।।

૪૪૩. પૌઢ પુરૂષોને પણ બ્રહ્મચર્ય બહુ મુશ્કેલ છે. શું કમળમાંથી જન્મેલાં બ્રહ્મા વૃધ્ધ હોવા છતાં પણ પ્રજાનાં પતિ ન થયા ?

443. It is difficult even for aged men to follow celibacy; just like Brahma, born of a lotus, became the father of the world despite being old.

४४४. न संस्तवेऽपि पुण्यानां, पापधीर्याति पापिनाम् ।
नास्ता मधुपता भृङ्गैः, सङ्गे सुमनसामपि ।।

૪૪૪. પુણ્યશાળીઓની સ્તુતિ (સંગ) કરવા છતાં પણ પાપીઓની પાપની બુધ્ધિ જતી નથી. જેમ ફૂલોનો સંગ હોવા છતાં પણ ભમરાઓ રસ લોલુપતા છોડતાં નથી.

444. Sinners do not give up sins despite association with pure souls; just like wasps do not give up feeding on honey despite association with flowers.

४४५. व्यापारो यादृशो यस्य, तस्मात्तादृक् फलागमः ।
न स्नेहनाशिना चक्रे, किं दीपेनासितं कुलम् ? ।।

૪૪૫. જેવો જેનો વેપાર તેવું તેને ફળ પ્રાપ્ત થાય છે. ઘી નો નાશ કરવા વડે દીપક વડે શું કુળ કાળુ ન કરાયુ ?

445. As you sow so you reap. The lamp blackened its own house by burning ghee.

४४६. खलानां खलता याति, स (न) सत्सङ्गसृजामपि ।
सर्वज्ञसङ्गिभिस्त्यक्ता, न द्विजिह्वै र्द्विजिह्वता ।।

૪૪૬. સજ્જનોનાં સંગ વાળા દુષ્ટોની પણ દુષ્ટતાં જતી નથી. જેમ શંકરના સંગ વડે રહેલાં સાપો વડે ઝેરનો ત્યાગ કરાયો નથી.

446. Evil people do not give up vileness even after the company of good people; snakes do not give up their venom even after association with God Shankar.

४४७. सार्धं हि धार्मिकैरेव, विरोधः पापिनां महान् ।
विश्वेऽस्मिन् वहते वैरं, कलावत्येव यत्तमः ।।

૪૪૭. ધાર્મિક લોકો સાથે પાપીઓને ખૂબ મોટો વિરોધ છે. જગતમાં (કલાવાન લોકો) ને વિશે જ કલાવાન લોકોને વેર હોય છે. (બીજા અર્થમાં અંધકારને ચંદ્ર સાથે વેર છે.)

447. Sinners always oppose religious people. Artistic people themselves oppose artistic people.
Or
Darkness has enimosity towards the moon.

४४८. क्वचिद्वस्तुविशेषे स्यात्, सङ्गमो गुणदोषयोः ।
सति दोषाकरत्वेऽपि, कलावत्त्वं न किं विधौ ? ।।

૪૪૮. ક્યારેક વસ્તુ વિશેષ ને વિશે ગુણ અને દોષનો સંગમ થાય છે. શું રાત્રી કરનારા ચંદ્ર વિશે કલાવાન પણું નથી ? (તે દોષા= રાત્રીને કરતો હોવા છતાં કલાવાન કહેવાય છે.)

448. Some things bring vice and virtue, good and bad, together. Isn't the moon, which brings night, considered a piece of art?

४४९. धने सत्यपि तद् भोगो, नैवाभाग्यभृतां भवेत् ।
यद्दिगम्बर एवासी दीश्वरोऽपि महानटः ।।

૪૪૯. ધન હોવા છતાં પણ ભાગ્ય વગરનો તેને ભોગવી શકતો નથી. જેથી ઈશ્વર (ભગવાન શંકર) હોવા છતાં પણ મહાન કલાકાર દિગંબર હોય છે. (દિશા જ જેનું વસ્ત્ર છે = દિગમ્બર)

449. An unfortunate person is not able to enjoy wealth even when he has it; just like Shankar remaining unclothed despite being the lord of the world and a great dancer.

४५०. सखे ! दोषजुषां द्वेषः, स्वजनेऽपि प्रजायते ।
भक्तेऽप्यभावस्तोषस्य, न किं ज्वरभृतामभूत् ? ।।

૪૫૦. હે મિત્ર ! દોષની દ્રષ્ટિવાળાને પોતાનાં સ્વજન ને વિશે પણ દ્વેષ થાય છે. શું તાવવાળાને ખાવાની વસ્તુ હોવા છતાં પણ તેનાં પર સંતોષ નો અભાવ નથી હોતો ?

450. O! friend, a vile person cannot see good even in his loved ones; just like a person with fever cannot appreciate good food.

४५१. भवेद्विद्यागमोऽवश्यं, छात्रे गुरोर्धियां निधेः ।
किं वाक्पतेर्विनेयानां, न वैबुध्यमजायत ? ।।

૪૫૧. બુધ્ધિનાં નિધિ એવા ગુરૂથી વિદ્યાર્થીઓને વિદ્યાનો આગમ અવશ્ય થાય છે. શું બૃહસ્પતિનાં શિષ્યોને પંડિતપણું નથી થયું ?

451. Students for sure gain knowledge from the planet of wisdom Jupiter; didn't the students of Brihaspati become pandits themselves?

४५२. ध्रुवं स्यान्मानतुङ्गानां, विपत्तिरपि संपदे ।
करपीडावतोरासीत्, सौभाग्यं स्तनयोर्न किम् ? ।।

૪૫૨. માનવંતા લોકોને તકલીફો પણ સંપત્તિ આપનારી જ બને છે. શું હાથ વડે પીડા ભોગવતાં સ્તનોને સૌભાગ્ય નથી પ્રાપ્ત થતું?

452. Even troubles bring wealth to respected people; just like breasts are fortunate even in pain caused by hands.

४५३. मध्ये ध्वस्तधियामेव, स्थानं व्यसनवासिनाम् ।
क्रीडन्ति जलजातान्तर्मधुपाः प्रतिवासरम् ।।

૪૫૩. મૂર્ખાઓની વચ્ચે જ વ્યસનીઓને સ્થાન હોય છે. જેમ કમળની મધ્યમાં રોજ ભમરાઓ રમતાં હોય છે.

453. Only stupid people thrive among the addicted people; just like wasps are found among lotuses.

४५४. विद्वानास्तां तदावासे, वासोऽपि विबुधत्वकृत् ।
द्विजागारे मुखे प्राप्ता, यद्रसज्ञा रसाप्यभूत् ।।

૪૫૪. વિદ્વાનોનાં ઘરમાં રહેનારો પણ પંડિતપણું પ્રાપ્ત કરે છે. જેમ મોઢામાં દાંતની પાસે રહેલી રસને જાણનારી (જીભ) ને રસની પ્રાપ્તિ થાય છે.

454. A person born in the family of scholarly people attains wisdom himself; just like the tongue gets to taste flavours while living amongst the teeth.

४५५. प्रायः प्रवर्द्धते प्रीतिः, सखे ! सदृशसंपदाम् ।
किं राज्ञा सहसौहार्दं, बह्वासीन्न रसेशितुः ? ।।

૪૫૫. હે મિત્ર ! સરખી સંપત્તિઓ વાળાની પ્રીતિ લગભગ વધે છે. શું રાજાની રાજા સાથેની મૈત્રી અથવા (ચંદ્ર) ઘણું ખાનારો રસનો માલીક (સમુદ્ર) ની મૈત્રી. વધતી નથી ? (ચન્દ્રને જોઇને સમુદ્રમાં ભરતી આવે છે.)

455. Those with equal amount of wealth usually become friends. Just like kings have friendship with kings or high tide forms in sea as the moon grows.

४५६. ईशानां गुणनाशेऽपि, गुणख्यातिरनश्वरी ।

यमध्वंस्यपि विख्यातो, महादेवो महाव्रती ।।

૪૫૬. (ઈસ) મહાપુરૂષોનાં ગુણનો નાશ થવા છતાં પણ તેમની ગુણ ની ખ્યાતિ કાયમ રહે છે. જેમ યમનો નાશ કરનાર વિખ્યાત એવા મહાદેવ મહાવ્રતી કહેવાય છે.

456. Even when great men lose their virtues, the fame of their virtue remains. Mahadev who defeated Yama was known as Mahavrati.

४५७. साक्षरैः सममारव्ध, मत्सराः स्युर्निरक्षराः ।

वाग्देव्यां वहते वैरं, न किं गोविन्दगेहिनी ? ।।

૪૫૭. પંડિતો સાથે અપંડિતોને અદેખાઈ હોય છે. શું કૃષ્ણની પત્ની રાધા અથવા લક્ષ્મી સરસ્વતી ને વિશે વૈર નથી રાખતી ?

457. Being jealous of pandits can diminish one's own wisdom. Aren't the wife of Krishna and Vishnu, Radha and Laxmi, jealous of Saraswati, the goddess of wisdom?

४५८. वासदोषः सखेऽवश्यं, शुद्धात्मन्यपि जायते ।

जाड्यं जडनिवासित्वाद्, द्विजराजेऽप्यभून्न किम् ? ।।

૪૫૮. હે મિત્ર! શુધ્ધ આત્માઓને પણ સાથે રહેવાથી દોષ ઉત્પન્ન થાય છે. શું જડ લોકો સાથે રહેવાથી બ્રહ્માને પણ જડતાની પ્રાપ્તિ ન થઈ ? અથવા (તારાઓની સાથે રહેવાથી ચન્દ્ર શીતલ થયો)

458. A man is the product of his environment. Even pure souls can become corrupt in association with wrong people. Didn't Brahma (moon) become numb by association with stubborn people?

४५९. न हृष्यन्त्यसितात्मानः, संपत्तौ सुकृतात्मनाम् ।

मुद्रिते काकपाकानां, द्विजराजोदये दृशौ ।।

૪૫૯. પુણ્યશાળીઓની સંપત્તિ ને વિશે મેલા મન વાળા સંતોષ પામતાં નથી. જેમ કાગડાના બચ્ચાઓ ને ચન્દ્રનાં ઉદય માં આંખો બંધ હોય છે.

459. Wicked people are never happy about the riches of the good people; just like the chicks of crows have their eyes shut with the rise of the moon in the sky.

४६०. पापिनां पापिभिः साकं, सङ्गः सङ्गतिमङ्गति ।

वयस्य ! पश्य मातङ्गैः, सङ्गतान् मधुपानिमान् ।।

૪૬૦. પાપીઓને પાપીઓની સાથે જ સંગમાં આનંદ આવે છે. હે મિત્ર, જે હાથીઓની સાથે ભમરાઓને અથવા (ચંડાળોની સાથે દારૂડીઆઓને જો)

460. Sinners enjoy only in the company of other sinners; just like alcoholics with butchers.

४६१. अनधीतवाङ्मयानां, वक्रा भवति पद्धतिः ।

यदश्रुतय एवेह, यान्ति जिह्मा दिवानिशम् ।।

૪૬૧. જેને શાસ્ત્રો નથી વાંચ્યા તેઓની પધ્ધતિ વાંકી હોય છે. જેમ (કાન વિનાના – જ્ઞાન વિનાના) સાપની ગતિ રાત–દિવસ (વાંકી જ હોય છે.)

461. Those who haven't read the scriptures always choose corrupt methods; just like a snake will slither crookedly day and night as it has no ears/knowledge.

४६२. धने स्वल्पेऽपि तुङ्गानां, धनित्वख्यातिरद्भुता ।
ऐश्वर्यश्रुतिरेकस्मिन्, वृषभे वृषभेशितुः ।।

૪૬૨. મહાપુરૂષોને ધન ઓછું હોવા છતાં પણ ધનવાન રૂપે પ્રખ્યાતિ અદભુત હોય છે. જેમ એક જ બળદનાં માલીક ને ઐશ્વર્યની પ્રખ્યાતિ એમ થાય છે કે આ તો બળ(દ) વાન છે. એક જ નન્દી (બળદ) ના કારણે શંકર ઐશ્વર્ય વાન મનાય છે.

462. Great men are popular as wealthy even though they might have little riches. Owning just one bull makes a man popular. Shiva is considered wealthy due to the bull Nandi.

४६३. अचेतनेनैव प्रीति प्रवृत्तिर्धनिनां ध्रुवम् ।
किं स्थाणुना समं मैत्री, धनाधीशस्य नाऽभवत् ? ।।

૪૬૩. ધનિઓને નિશ્ચય અચેતન–ધનની સાથે જ પ્રીતિ હોય છે. કુબેર ની મૈત્રી શું સ્થાણુ એટલે શિવ સાથે નથી?

463. Rich people are in love with the material things or their wealth; just like king Kuber was friends with Lord Shiva.

४६४. रतिर्जडजुषां नीच मिलनेऽप्यतिशायिनी ।
न किं गोपकराश्लेषात्, पद्मिनी प्रीतिमत्यभूत् ? ।।

૪૬૪. જડતાયુક્ત લોકોને હલકા લોકોને મળવામાં અત્યંત આનંદ હોય છે. શું કૃષ્ણનાં આલીંગનથી પદ્મીની સ્ત્રીઓને આનંદ નહોતો થયો ? અથવા સૂર્યના કિરણોના સંપર્કથી શું કમળ નથી ખીલતુ?

464. Stubborn people enjoy the company of lowly people; just like Padmini women enjoyed an embrace from Shri Krishna. (or) just like lotus flower blooms by the sun' rays.

४६५. धत्ते धनवति प्रीतिं, सदोषेऽपि महाजनः ।
व्यधान्मैत्रीं कुबेरेऽपि, धनाधीशे महेश्वरः ।।

૪૬૫. મોટા લોકો ધનવાન એવા દોષવાળાનાં વિશે પણ પ્રેમને ધારણ કરે છે. જેમ શંકરે ધનનાં માલીક કુબેરની સાથે મૈત્રી કરી હતી.

465. Great people earn love from vile but rich people; just like Shankar made friends with the wealthy Kuber.

४६६. अधनित्वे सति प्रायः, स्त्रीः कुरूपैति वेश्मनि ।
दिग्वासाः प्राणिताधीशः, काली गेहे च गेहिनी ।।

૪૬૬. ગરીબ નાં ઘરમાં રહેલી સ્ત્રી લગભગ કદરૂપી જ મનાય છે. દિગમ્બર એવા શિવની સ્ત્રી ગૃહિણી હોવા છતાં કાલી કહેવાય છે ?

466. A woman from a poor household is generally considered ugly. Naked Shiva's wife, though a proper housewife, is called Kali.

४६७. महस्विनां महोहान्यै, र्मिलितः स्यात् खलः खलु ।
द्विजिह्वदर्शनादासीत्, प्रदीपे दीप्तिमन्दता ।।

૪૬૭. ખલના મળવાથી મહાપુરૂષોની મહાનતાની હાની થાય છે. જેમ દ્વિમાર્ગીવાટ ના દર્શન થી દીપક નાં વિશે તેજની મંદતા થાય છે.

467. Association with evil diminishes the greatness of a noble soul. When the cotton of the lamp results in two ways, the brilliance of a lamp seems fading.

४६८. मृतिरास्तां प्रमीलाऽपि, प्रभूणां कृत्यहानये ।
न किं कार्यनिषेधोऽभूत्, प्रसुप्ते पुरुषोत्तमे ? ।।

૪૬૮. સ્વામીનાં કાર્યની હાનિ વખતે તન્દ્રા પણ મૃત્યુ સમાન હોય છે. (દક્ષિણાયન માં ચોમાસામાં)પુરુષોત્તમ શયન કરે છે ત્યારે સત્કર્મ કરવા નિષેધ નથી ?)

468. When one's master is in trouble, feeling drowsy is as bad as death. Aren't auspicious activities forbidden during monsoon, when God goes to sleep?

४६९. निर्धनोऽपि महान् प्रायो, महत्त्वख्यातिभाग् भवेत् ।
कथितोऽनेकपः किं नो दरम्भरिरपि द्विपः ? ।।

૪૬૯. નિર્ધન પણ જે મહાન હોય તો મહાન ખ્યાતી ને ભજનારૂ બને છે. શું પોતાનું પેટ ભરનારો પણ હાથી, હાથી રૂપે નથી પ્રશંસા કરાયો ?

469. If he is great, he gets popularity even if he doesn't have money. Elephant is praised even though he fills his own stomach.

४७०. गृहस्थानोचिता पर्षत्, जायते महतामपि ।
श्मशानवेश्मनः पार्श्वे, शिवा तिष्ठति सर्वदा ।।

૪૭૦. મહાપુરૂષોને પણ ઘરનાં સ્થાન ને ઉચિત યોગ્ય સભા થાય છે. જેમ સ્મશાન પાસે જેનું ઘર હોય ત્યાં હંમેશા શિયાળ રહે. (શંકર પાસે પાર્વતી હંમેશા રહે છે.)

470. Appropriate people settles around the house of great man. Those who live near a graveyard have foxes in the neighbourhood. Parvati is always near Shiva.

४७१. वसन् मूर्खेष्वमूर्खोऽपि, पशुरेवाभिधीयते ।
जडजातासनो ब्रह्मा ऽप्यज एव मतः सताम् ।।

૪૭૧. મૂર્ખો વિશે વસનારો બુધ્ધિમાન પણ પશુ કહેવાય છે. જડથી ઉત્પન્ન થયેલાં આસનવાળા એવા બ્રહ્મા સજ્જનોને અજ (બકરારૂપે) માન્ય ગણાય છે. (न जात ईति अजा = બ્રહ્મા)

471. An intelligent person who keeps the company of stupid people is considered a beast. Good people consider Brahma, born from non-living, as a goat. (Meaning of the word "Aj" is a goat as well as Brahma)

४७२. श्यामात्मनि विशुद्धात्मा, सङ्गतोऽनर्थसूचकः ।
प्रादुर्भूतं न किं पुष्पं, नयने हन्ति सौष्ठवम् ? ।।

૪૭૨. કાળા રૂપને વિશે વિશુધ્ધ આત્મા ની સંગત અનર્થ નો સૂચક છે. શું આંખમાં ઉત્પન્ન થયેલું પુષ્પ પોતાની સુંદરતાને હણતુ નથી? (નેત્રોની તુલના કમળ સાથે કરાય છે.)

472. Pure souls associating with vile-hearted people is considered dangerous. Doesn't the boil mar the beauty of an eye ?

४७३. संवासिजनतुल्यं स्या द्वैदग्ध्यं महतामपि ।
द्विजेशोऽपि जडात्माऽभू द्यद्गोविन्दपदे वसन् ।।

૪૭૩. મહાપુરૂષોને પણ બુધ્ધિ જેની સાથે વસતા હોય તેવી બુધ્ધિ થાય છે. ચંદ્ર પણ આકાશમાં રહેતો હોવાથી જડ થયો.

473. Even great people become like the people they keep company with; moon is considered lifeless as it resides in the sky.

४७४. दोष्मतामप्यसद्वस्तु, वस्तुतः सन्निरूप्यते ।

रूपं रम्यमिति प्राहु रनङ्गस्यापि यद्बुवः ।।

૪૭૪. શક્તિવાળાઓને નકામી વસ્તુ સારી દેખાય છે. જેમ જગતમાં અંગ વગરનાં એવા અનંગને (કામદેવને) સારૂ રૂપ છે એમ કહેવાય છે.

474. Powerful people find useless things beautiful; just like Kamdev, who has no body, is considered beautiful.

४७५. संबन्धः सदृशामेव, प्रायशो दृश्यते दृढः ।

अभवद्भैरवस्यैव, चण्डिका गृहिणी गृहे ।।

૪૭૫. લગભગ સમાન લોકોની સાથે જ સંબંધ પાકો થાય છે. જેમ ભૈરવદેવનો નિવાસ ચંડિકાનાં ઘરે થયો.

475. A strong relationship can be forged only among equals; just like Bhairavdev has Chandika as his wife.

४७६. शिष्या निर्व्यसना एव, भवन्ति विदुषां सखे ! ।

विनेया असुरा एव, कवेः सन्ति सहस्रशः ।।

૪૭૬. હે મિત્ર ! પંડિતોનાં શિષ્યો વ્યસન વગરનાં હોય છે. જેમ શુક્રનાં હજારો શિષ્યો અસુરો (દારૂ રહિત) હોય છે.

476. Disciples of a pandit are non-addicts; just like thousands of disciples of the Venus do not consume alcohol.

४७७. निरक्षरोऽपि भूयोभि र्वित्तैर्गच्छति गौरवम् ।

गोपेन्द्रोऽप्यभवल्लक्ष्मी पतित्वात् पुरुषोत्तमः ।।

૪૭૭. અભણ પણ ઘણાં ધન વડે ગૌરવ ને પ્રાપ્ત કરે છે. જેમ લક્ષ્મીનાં પતિ હોવાથી ગોપેન્દ્ર પુરૂષોત્તમ (માનવોમાં શ્રેષ્ઠ) બન્યા.

477. Even ignorant people gain dignity with riches; just like Gopendra is considered Purushottam (best among humans) just because he is the husband of Lakshmi.

४७८. अथोपदेशः ।

शीललीलासखं रूपं, विद्या विनयवाहिनी ।

वित्तं वितरणाधीनं, ध्रुवं धन्यस्य कस्यचित् ।।

૪૭૮. ઉપદેશ

સદાચાર ના ફેલાવા નો મિત્ર રૂપ છે.

વિનય ને વહન કરનારી અથવા વહાવનારી વિદ્યા છે.

બીજાને અપાય તેનું નામ ધન છે.

આમ આવું રૂપ, વિદ્યા, ધન, કોઈક સૌભાગ્યશાળી ધન્ય ને જ હોય છે.

478. Moral advice :
Those who spread virtues are worthy of friendship.
Humility is spread around by knowledge.
Riches are to be distributed to others.
Only the fortunate have such beauty, wisdom and riches.

४७९. संपत्तिः साहसं शीलं, सौभाग्यं संयमः शमः ।

सङ्गतिः सहशास्त्रज्ञैः, सकाराः सप्त दुर्लभाः ।।

૪૭૯. સંપત્તિ, સાહસ, સદાચાર, સૌભાગ્ય, સંયમ, સમતા, શાસ્ત્ર જાણનારા સાથે સંગતી આ સાત સકાર દુર્લભ છે.

479. Gaining the virtues of wealth, courage, good behaviour, good fortune, patience, compassion and association with scholars all together is rare.

४८०. विवेको विनयो विद्या, वैराग्यं विभवो व्रतम् ।

विज्ञानं विश्ववाल्लभ्यं, फलं सुकृतवीरुधः ।।

૪૮૦. વિવેક, વિનય, વિદ્યા, વૈરાગ્ય, વૈભવ, વ્રત, વિજ્ઞાન, વિશ્વ મૈત્રી, આ સુકૃતથી વિસ્તાર પામેલા માણસનું ફળ છે.

480. Prudence, humility, knowledge, renunciation, glory, penance, science, friendliness to all are the fruits a man gains with good behaviour.

४८१. यद्राज्यं न्यायसम्पन्नं, यच्छक्तिः शमशालिनी ।

यौवनं शीलरम्यं य त्तद्दुग्धं शर्करान्वितम् ।।

૪૮૧. રાજ્ય ન્યાયથી યુક્ત, શક્તિ સમતાથી શોભિત, યૌવન સદાચાર થી મનોહર, જો હોય તો તે સાકરવાળા દૂધ જેવું કહેવાય.

481. If a state is full of justice, equality of power and youthful character, it is considered as good as milk with sugar.

४८२. यद्वक्ता धर्मशास्त्रज्ञो, यत्कविः सत्यभाषकः ।

वल्लभो यद्विनीतात्मा, स शङ्खः क्षीरपूरितः ।।

૪૮૨. જ્યાં વક્તા ધર્મ અને શાસ્ત્ર નો જાણકાર હોય, જ્યાં કવિ સત્ય ને બોલનારો હોય, જ્યાં પ્રિય વિનીત હોય તે દૂધ ભરેલા શંખ જેવું સમજવું.

482. If a speaker knows scriptures and code of conduct well, if a poet speaks honestly and if loved ones are humble, it is considered like a conch filled with milk.

४८३. स्थाने स्थितिर्मतिर्मान्या, रम्यं रूपं धनं घनम् ।

बलं बहु वचो वर्य्यं, पुंसां पुण्यवतां भवेत् ।।

૪૮૩. પુણ્યવાન કોને કહેવાય ? સ્થાનમાં રહેવું, બુધ્ધિમાન રૂપે પંકાવવું, સુંદર રૂપ મળવું. ખૂબ ધન હોવું, ખૂબ બળવાન હોવું, વાણી શ્રેષ્ઠ હોવી આ બધુ પુણ્યવાન પુરૂષને હોય છે.

483. Who is considered fortunate? A person who is at the right place at the right time, being popular as an intelligent person, being beautiful, being rich, being strong and having best words to speak.

४८४. सौजन्यं सङ्गतिः सद्भिः, शान्तिरिन्द्रियसंयमः ।

आत्मनिन्दा परश्लाघा, पन्थाः पुण्यवतामयम् ।।

૪૮૪. પુણ્ય કેમ પ્રાપ્ત થાય ? સૌજન્ય : સજ્જનો સાથે મૈત્રી, શાંતિ, ઈન્દ્રીયોનો કાબૂ, આત્મનિંદા, પર પ્રશંસા, આ પુણ્ય મેળવવાનો માર્ગ છે.

484. How is virtue gained? Friendship with good people, peaceful nature, controlling one's senses, self-critique, praising others- These are the ways to gain virtues.

४८५. करे दानं हृदि ध्यानं, मुखे मौनं गृहे धनम् ।

तीर्थे यानं गिरि ज्ञानं, मण्डनं महतामिदम् ।।

૪૮૫. મહાપુરૂષોની શોભા શામાં? હાથમાં દાન, હૃદયમાં ધ્યાન, મુખમાં મૌન, ઘરમાં ધન, તીર્થમાં વાહન, વાણીમાં જ્ઞાન, આ મહાપુરૂષોની શોભા છે.

485. Great people's hands are distinguished by charity, heart by meditation, mouth by silence, house by wealth, vehicle by going to pilgrimage and knowledge of speech.

४८६. धर्म्मे कृपा गुरौ ब्रह्म, देवे विगतरागता ।

मित्रे प्रीतिर्नृपे नीतिः, सक्तुमध्ये लुठद्घृतम् ।।

૪૮૬. ધર્મમાં કૃપા, ગુરૂમાં બ્રહ્મા, દેવમાં વીતરાગ, મિત્રમાં પ્રેમ રાજામાં નીતિ આ બધાને શક્તુની મધ્યમાં રહેલું ઘી સમજવું.

486. Compassion in duty, wisdom in a guru, renunciation in a celestial being, love in friendship, justice in a king's decision are like ghee -filled groats.

४८७. पूजाऽर्हतां गुरोः सेवा, सर्वज्ञवचसां श्रुतिः ।

पात्रे दानं सतां सङ्गः, फलं मनुजजन्मनः ।।

૪૮૭. અરિહંતોની પૂજા, ગુરૂની સેવા, સર્વજ્ઞની વાણીનું શ્રવણ, પાત્રમાં દાન, સજ્જનોનો સંગ, આ બધા મનુષ્ય જન્મનાં ફળ છે.

487. The fruits of human life are - worshipping Arihant, serving the guru, listening to wise men, donation to poor people, company of good people.

४८८. विभवे सति सन्तोषः, संयमः सति यौवने ।

पाण्डित्ये सति नम्रत्वं, हीरोऽयं कनकोपरि ।।

૪૮૮. વૈભવ માં સંતોષ, યૌવન માં સંયમ, પાંડીત્યમાં નમ્રતા, આ સોનામાં મઢેલો હીરો છે.

488. Satisfaction with one's wealth; self-control in time of youth, humility in one's knowledge are like diamond set in gold.

४८९. अर्हन्नतिर्गुरुप्रीति र्विरतिर्निजयोषिति ।

धर्मश्रुतिर्गुणासक्तिः, सद्यो यच्छति निर्वृतिम् ।।

૪૮૯. અરિહંત ને નમસ્કાર, ગુરૂ પ્રત્યે પ્રેમ, સ્વ સ્ત્રીમાં સંતોષ, ધર્મમાં શ્રવણ, ગુણમાં આશક્તિ, આ તરત મોક્ષને આપે છે.

489. Bowing to the Arihant, love for guru, satisfaction with one's wife, listening to scriptures, and loving nature are the path to Nirvana.

४९०. दाने शक्तिः श्रुते भक्ति र्गुरुपास्तिर्गुणे रतिः ।

दमे मतिर्दयावृत्तिः, षडमी सुकृताङ्कुराः ।।

૪૯૦. દાનમાં શક્તિ, શાસ્ત્રમાં ભક્તિ, ગુરૂમાં સેવા, ગુણમાં આનંદ, ઈન્દ્રીય દમનમાં બુધ્ધિ, દયામાં વૃત્તિ, આ છ પુણ્યને પેદા કરનારા અંકુરા છે.

490. Strength in charity, believing the scriptures, serving the guru, loving the virtues, wisdom to control senses, benevolence are the six sprouts that bring good fortune.

४९१. जैनो धर्मः कुले जन्म, शुभ्रा कीर्तिः शुभा मतिः ।
गुणे रागः श्रियां त्यागः, पूर्वपुण्यैरवाप्यते ।।

૪૯૧. જૈન ધર્મ, સારા કુળમાં જન્મ, સારી કીર્તિ, સારી બુધ્ધિ, ગુણમાં રાગ, લક્ષ્મીનો ત્યાગ, આ પૂર્વનાં પુણ્યથી પ્રાપ્ત થાય છે.

491. Being a Jain, birth in good family, good fame, intelligence, love for virtue, renouncing wealth are gained by the good karmas of past lives.

४९२. देवो दलितरागारि र्गुरुस्त्यक्तपरिग्रहः ।
धर्मः प्रगुणकारुण्यो, मुक्तिमूलमिदं मतम् ।।

૪૯૨. રાગ રૂપી શત્રુ ને જેણે દળી નાખ્યા છે એવો દેવ, પરિગ્રહ નો જેને ત્યાગ કર્યો છે તેવાં ગુરૂ, અત્યંત ગુણથી કરૂણામય એવો ધર્મ આ બધુ મોક્ષનાં મૂળ રૂપે મનાયુ છે.

492. A person who destroys attachments is divine; a person who gives up worldly possessions is guru; a religion based on compassion; all these are fundamentals of Nirvana. (Salvation)

४९३. आरोग्यं दत्तसौभाग्यं, जीवितं कीर्तिपावितम् ।
भोगान् सुभगसंयोगान्, लभन्ते धर्मकर्मठाः ।।

૪૯૩. સૌભાગ્ય પૂર્ણ આરોગ્ય, કીર્તિથી પવિત્ર જીવન, સારા સંયોગવાળા ભોગો આ ત્રણે ધર્મમાં કર્મઠ લોકોને પ્રાપ્ત થાય છે.

493. Diligent people gain good health, good fortune, fame and wealth earned by good means.

४९४. सन्ततिः शुद्धसौजन्या, विभूतिर्भोगभासुरा ।
विद्या विनयविख्याता, फलं धर्मतरोरिदम् ।।

૪૯૪. શુધ્ધ સૌજન્યવાળી સંતતિ, ભોગથી પ્રકાશિત વૈભવ, વિનય થી વિખ્યાત વિદ્યા આ ત્રણેય આ ધર્મ વૃક્ષનાં ફળ છે.

494. Offspring born of pure intention, wealth with sacrifice, wisdom with humility are the fruits of the tree of religion.

४९५. दानं दहति दौर्गत्यं, शीलं सृजति संपदम् ।
तपस्तनोति तेजांसि, भावो भवति भूतये ।।

૪૯૫. દાન દુર્ગતિ ને બાળે છે. શીલ સંપત્તિ નું સર્જન કરે છે. તપ તેજ ને ફેલાવે છે અને ભાવ આબાદી આપે છે.

495. Charity destroys misfortune, modesty creates wealth, penance spreads light and emotions bring prosperity.

४९६. दीर्धमायुर्यशश्चारु, शुद्धिं बुद्धिं शुभां श्रियम् ।
प्राज्यं राज्यं सुखं शश्व द्दत्ते धर्मसुरद्रुमः ।।

૪૯૬. ધર્મ રૂપિ કલ્પવૃક્ષ, લાંબુ આયુષ્ય, સુંદર યશ, શુધ્ધ બુધ્ધિ, શુભ લક્ષ્મી, વિશાળ રાજ્ય, શાશ્વત સુખ, આ બધા આપે છે.

496. Kalpavriksha, the divine tree of religion, gives us long life, fame, pure intelligence, wealth, huge estate and long lasting happiness.

४९७. घटाः कामघटाः सर्वे, धेनवः कामधेनवः ।

वृक्षाः स्वर्गसदां वृक्षाः, सदा सुकृतशालिनाम् ।।

૪૯૭. પુણ્યશાળીઓને માટે હંમેશા, બધા ઘડા કામઘટ છે, બધી ગાયો કામધેનું છે, બધા વૃક્ષો કલ્પવૃક્ષ છે.

497 For the fortunate people every pot is the wish yielding pot and every cow is Kamdhenu and every tree is Kalpavriksha.

४९८. सुवर्णमणिराजिष्णुः, सर्वालङ्कारशोभना ।

सूक्तरत्नावलिरियं, नानाभावविभासुरा ।।

૪૯૮. સુર્વણ રૂપી મણીથી દીપતા, સર્વ અલંકારોથી શોભતી એવી આ સૂક્ત-રત્નાવલી નામનો ગ્રંથ જુદા જુદા ભાવોથી પ્રકાશિત છે.

498. This book, “Sukta Ratnavali” is illuminated with words like gems, decorated with figures of speech and lighted with various emotions.

४९९. कृतिततिचित्तचमत्कृतिकारिगुणा कान्तकान्तिकमनीया ।

नयनिपुणवचनरचना, सुन्दरतरवृत्तभावमध्यमणिः ।।

૪૯૯. ચિત્તને ચમત્કાર કરાવતી, ઉત્તમ ગુણોથી સંપન્ન તથા સુંદર કાંતિથી કમનિય (મનોહર) તથા નયથી નિપુણ શબ્દોથી રચાયેલી આ રચના (સૂક્ત રત્નાવલી) અત્યંત સુંદર ગ્રંથમાળાની મધ્યમાં શોભતા મણીની જેમ સુંદર છે.

499. This book (Sukta Ratnavali), bringing miracalous joy to the mind, full of virtues, full of brilliance and expert words, is like a shining gem among all books.

५००. वर्षे मुनियुगनरपतिमिते तपागच्छजलधिशशिसदृशैः ।

श्रीविजयसेनसूरि द्विरदैर्निरमायि निर्मायैः ।।

૫૦૦. આ સૂક્ત રત્નાવલી ગ્રંથ ની રચના વિ. સં. ૧૬૪૭ માં તપાગચ્છરૂપી સમુદ્રમાં ચંદ્રની જેવા માયા રહિત હાથી સમાન શ્રી વિજયસેન સૂરિજી દ્વારા કરવામાં આવી છે.

500. This Sukta Ratnavali has been created in Vikram Samvat 1647 by Shri Vijaysen Surishwarji, who is like the reflection of a moon on an ocean and an elephant without attachments.

५०१. कण्ठपीठे लुठत्येषा, यदीये गुणहारिणी ।

मनांसि मोहयेन्नूनं, स सभाहरिणीदृशाम् ।।

૫૦૧. ગુણો વડે ભણનારને મનને હરણ કરનારી આ રચના જેમના કંઠ પ્રદેશમાં રમણ કરે છે, તે વ્યક્તિ ચોક્કસ મૃગનયની નેત્રોવાળી વિદ્‌વત્ સભાના મનને સંમોહિત કરી દે છે.

501. The person who memorizes this creation which captivates the reader by its virtues, that person is certain to hypnotize the doe-eyed learned gatherings minds.

५०२. यस्याम्रमञ्जरीवैषा, तिष्ठत्यामोददा मुखे ।

कामोत्सवाय जायेत, कोकिलास्ये व तस्य वाक् ।।

૫૦૨. જેમના મુખમાં આનંદ આપનારી આંબાની મંજરી જેવી આ રચના બીરાજે છે તેમની વાણી કોયલનાં મોઢામાં રહેનારી એવી વાણી જેવી તેમની તે વાણી શ્રોતાના આનંદના ઉત્સવ માટે થાવ....

502. The person in whose mouth this joy-giving creation resides, in the way mango gives joy the mouth, that person’s voice as melodious as the cuckoo doubles the happiness brought by the spring season.

५०३. यदि नीतिमृगीनेत्रा मात्मसात्कर्त्तुमीहसे ।

निधेहि तदिमां कण्ठे, संवननौषधीमिव ।।

૫૦૩. જો નિતિ રૂપી હરણીયા ના નેત્રને આત્મસાત્ કરવા અર્થાત્ આધીન કરવા ઈચ્છે છે તો વશીકરણ ઔષધિ ની જેમ આ ગ્રંથ (વાણી) ને તું કંઠમાં ધારણ કર.

503 Those who want to harness the deer of good policy should remember the words of this book like a mesmerising medicine.

५०४. चिरं चित्तचमत्कारि सुक्तरत्नमनोज्ञया ।

कण्ठस्थयाऽनया नूनं, वक्ता स्यात् सभ्यवल्लभः ।।

૫૦૪. જેનાં કંઠમાં રહેલી ચિત્ત ને ચમત્કાર કરનારી સૂક્તી રૂપી રત્નથી મનોહર (એવી આ વાણી) લાંબો સમય રહે છે તે ખરેખર સભામાં પ્રિય તેવો વક્તા બને છે.

504. The one who memorizes these hymns which for long have a miraculous effect on the mind, truly make the orator loved by the audience.

५०५. स्याद्विशारदवृन्दान्तः, स्थातुं वक्तुं च चेन्मनः ।

तदा सुकृतियोग्यैषा, कण्ठपीठे निधीयताम् ।।

૫૦૫. જો પંડિતોના સમુદાયની અંદર રહેવા અને બોલવાની ઈચ્છા મનમાં હોય તો પુણ્યશાળી ને યોગ્ય એવો આ (ગ્રંથ) કંઠમાં ધારણ કરો.

505. If you wish to associate with or speak among the learned people, you should remember this book, which is worthy of fortunate people.

५०६. एतस्याः सूक्तमप्येकं, नरः कण्ठे बिभर्त्ति यः ।

लोकानुल्लासयेत्सोऽपि, चकोरानिव चन्द्रमाः ।।

૫૦૬. આ બધી સૂકતીઓમાંથી એકપણ સૂકતી જે મનુષ્ય કંઠમાં ધારણ કરે છે તે જેમ ચંદ્રમા ચકોરને આનંદ આપે તેમ લોકોને ઉલ્લાસિત કરે છે.

506. If you remember even one verse from among all these, it will please people like the moon pleases the partridge.

५०७. भूरिभावावभासैक दिनेशद्युतितुल्यया ।

अनया श्लिष्टकण्ठः स्यात्, पुमर्थेषु समर्थधीः ।।

૫૦૭. સૂર્ય ની કિરણાઓ તુલ્ય વિવિધ ભાવનાથી ભાસિત એવા આ ગ્રંથ વડે (જેમનો) કંઠ સ્પર્શ કરાય છે, તે પુરૂષાર્થ માં સમર્થ બુધ્ધિવાળો થાય છે.

507. Those who recite the words of this book, which is as bright as the sun's rays, become of strong intellect in their efforts.

५०८. अगाधरसनिस्यन्द धारिणी पापवारिणी ।

एषा पुनातु गङ्गेव, सर्वं सर्वज्ञवल्लभा ।।

૫૦૮. અગાધ રસનાં ઝરણાને ધારણ કરનારી, પાપને રોકનારી સર્વ વિદ્વાનોને પ્રિય ગંગાની જેમ (આ વાણી) બધાને પવિત્ર કરો.

508. May these words full of deep meaning and loved by wise men wash away the sins and purify everyone like the river Ganga.

५०९. अलङ्करोति यत्कण्ठ पीठमेषा मनोरमा ।

तानभ्यायान्ति सोत्कण्ठं, सर्वाः स्वयंवराः श्रियः ।।

૫૦૯. જેનાં કંઠને આ મનોરમ વાણી શોભાવે છે તેને ઉત્કંઠા પૂર્વક બધી લક્ષ્મી પોતાની મેળે વરવા આવે છે.

509. All types of riches themselves come anxiously to the person who speaks these nice words.

५१०. नानावाङ्मयमाणिक्य परीक्षणविचक्षणैः ।

श्रीलाभविजयाह्वानै रशोधि विबुधैरियम् ।।

૫૧૦. ઘણા શાસ્ત્ર રૂપી માણિકય ની પરીક્ષા કરવામાં વિચક્ષણ એવા લાભ વિજય મહારાજ નામનાં પંડીત વડે આ ગ્રંથ શુધ્ધ કરાયો છે.

510. Pandit Labh Vijay Maharaj, who is clever enough to test the genuineness of many a scriptures, has checked this book.

५११. यावदम्बुरुहां बन्धु र्गाहते गगनाङ्गणम् ।

कण्ठे स्थिता तावदसौ, चिरं सौभाग्यमश्नुताम् ।।

૫૧૧. જ્યાં સુધી સૂર્ય આકાશમાં શોભે છે ત્યાં સુધી આ કંઠમાં રહેલી સૂક્ત રત્નાવલી લાંબા સમય સુધી સૌભાગ્યને પ્રાપ્ત કરો.

511. May this book bring good fortune to those who read it until the sun shines in the sky!

By
Blessings of GACHADHIPATI

Tirthotharak Shri Ladbhi-Vikram Guru-Krupa-Prapt Pujya Acharya Dev. Srimad Rajyashsooreeshwarji Maharaj / Shasan Sevika Pravartini Pujaya Vachamyama Shriji Maharaj.

Prerika Pujya Sarvodaya Shriji Maharaj Sahib's Disciple Pujya Naypadma Shriji Maharaj, Pujya Deepyasha Maharaj and Tarakyasha Shriji Maharaj.

1 Srimati Meenaben Anilbhai Jain (Nagpur-Banglore) Ketanbhai, Vinaybhai, Rakhiben, Aartiben, Viraj, Aarav, Vedant, Kanisha
2 Srimathi Sejalben Amitbhai Shah (Australia-Balasinor) Mith, Heer
3 Dr. M.M. Begani - Dr. Neelu Jain Mumbai.
4 Ramandevi Gyanchand Gandhi - Ahd - Sirohi
5 Jayshriben Deepakkumar (Viram-Australia-AHd)
6 G.C. Shah - Dr. Kalapana, Dr. Dhara, Mox-Bharuch Zagadia
7 Rajendra A. Dalal - Sanghesh - Secundrabad.
8 Pranav Shah Chicago, U.S.A., Baroda.
9 Panbai Kalyanji Veerji - Savla, Manfara, Mumbai.
10 Sanjay Sangvi Sohanraji- Bangalore, Bhinmal.
11 Manishaben Jayeshbhai Jain, Sumer Tawer - Mumbai.
12 Mahaveer Bhavarlalji Vani Gotha, Bijapur.
13 Rajesh Patadia - Ishanpur, Ahmedabad.
14 Manjulata Sureshchand Jain - Vaishali Nagar, Jaipur. U.S.A.
15 Vasant Turkhia-Dr. Jay, Dr.Kushal, Dr.Margee, Rajkot.
16 Ashok Bhayani Nagpur. Harshi - Sakshi - Nehal Jayeshbhai Mumbai.
17 Laxmiben Jain - Sion - Mumbai
18 Ratnatrayi Pathshala (Devang Javeri) Mumbai.
19 Nalinbhai Chimanbhai Sheth Parivar, Ahmedabad.
20 Maheer - Pooja - Jinesh Ahmedabad.
21 Madhuben P.M. Shah - Secundrabad.
22 Dr. Teena & Dhiren Sir - Maninagar, Ahmedabad.

કિંચિત્ વક્તવ્યસહ આર્શીવાદ



મારવાડ માંડાણીમાં ચાતુર્માસ કરી વિહાર કરીને સા.વર્યા પરમેષ્ઠિયશાશ્રીજી પાછા ગુરૂનિશ્રામાં આવ્યા. થોડાક વખત પછી એક પુસ્તક તેઓએ સમર્પિત કર્યું. જોતાં જ પુસ્તક વાંચવા માંડ્યુ. એક વિશિષ્ટ રચનાને નિરખી ખૂબ આનંદ થયો.

યથાસમયે સંપૂર્ણ ગ્રંથ વાંચી ગયો. પુનઃ પ્રકાશનની આવશ્યકતા લાગી. કંઇક પદાર્થો સમજવા જરૂરી લાગ્યા સ્પષ્ટતા કરવી પડશે તેમ લાગ્યું. સાહિત્યમાં ગળાડૂબ થઇ જનારા મારા શિષ્ય ઉપાધ્યાય વિશ્રુતયશ વિ. ને મેં આ પુસ્તક આપ્યું. ઘણા સ્થળોમાં મેં સમજાવ્યું કે આના પર સુંદર પ્રકાશ પાડે તે માટે ઉપા. વિશ્રુતયશવિ. પરિશ્રમપૂર્વક કટિબધ્ધ હતા. અને ઉહાપોહ બાદ તેઓએ આ અમૂલ્ય ગ્રંથને ગુજરાતી, ઇંગ્લીશમાં ભાષાંતરિત કર્યો. ખૂબ લાંબો ગાળો ગયો પણ યથાશક્ય ચીવટથી તેઓએ કામ કર્યું છે પણ હજીય બીજી હસ્તપ્રતો મળે તો કંઇક વધારે સંશોધન થઇ શકે.

કોઇ કોઇ શ્લોક વિશેષ કરીને પાછળના ચાર શ્લોક પ્રક્ષિપ્ત હોય તેવું લાગે છે. પૂ. આ.દેવ સેન સૂ૦.મ.સા. નિબદ્ધગ્રંથ છે. એમ જણાવ્યું છે.

એ ગંભીર મહાપુરૂષની આલેખની હશે તેવું મારું મન માનવા કબૂલ ઓછું થાય છે. એકંદરે શ્લોકમાં તત્ત્વાવતાર કે સદુપદેશ કરતાં કંઇક કુતુહલ વૃત્તિ વધારે હોય એમ લાગે છે. હોઇ શકે ગ્રંથકારે પણ અલગ મૂડમાં વિવિધ ગ્રંથો રચેલ હોય છે. હરિભદ્ર સૂ. મ.ની ગંભીર સર્વદર્શી સમાધાનકારક વૃત્તિ સાથે ધૂર્તાખ્યાન એક અલગ જ દિશાનો ગ્રંથ છે. વિદ્વાનો તેના પર પણ વિચાર કરે. ઘોરપરિશ્રમી પરમવિનયી ઉપા. વિશ્રુતયશ વિ.ને અને તેને સહાયક થનાર સહુને મારા અંતર આર્શીવાદ છે બસ, આખરે તો આપણે સહુંને આત્માથી પરમાત્મા થવાનું છે.

રાજયશસૂરિ

દ :- વિ :- એપ્રિલ ૧૩, ૨૦૨૨